
https://downloadshiabooks.com/

# રાહે કુર્બતે ઈમામ મહદી (અ.ત.ફ.શ.)

# ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)



https://downloadshiabooks.com/

# રાહે કુર્બતે ઈમામે મહદી (અ.ત.ફ.શ.)
# ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)

સંપાદક : અલી હરાતિયાન

ઊર્દૂ ભાવાનુવાદ : સૈયદ લિયાકતઅલી

:પ્રકાશક:

ભોજાણી પ્રકાશન

મો.૯૮૨૫૩૦૯૯૧૪

https://downloadshiabooks.com/

# અર્પણ



મર્હુમ અમીરઅલી રઝાહુસૈન ભોજાણી

(ચમારડીવાળા)

વફાત : ૧૭ જ.સાની હી.સ.૧૪૨૯

(૧૧/૦૬/૨૦૦૯)



મર્હુમા રૂકૈયાબાનું અમીરઅલી ભોજાણી

(ચમારડીવાળા)

વફાત : ૧૦ શવ્વાલ હી.સ.૧૪૩૫

(૦૭/૦૮/૨૦૧૪)

## વકફ

મ.હાજી અમીરઅલી રઝાહુસૈન ભોજાણી

મ.રૂકૈયાબાનું અમીરઅલી ભોજાણી

મ.હસીનાબાનું બિન્તે અમીરઅલી ભોજાણી

મ.રઝાહુસૈન તારમોહમ્મદ ભોજાણી

મ.અસગરઅલી તારમોહમ્મદ ભોજાણી

મ.બરકતઅલી તારમોહમ્મદ ભોજાણી

મ.હુસૈનઅલી તારમોહમ્મદ ભોજાણી

મ.અમીરઅલી કરીમભાઈ ભોજાણી

મ.મોહમ્મદઅબ્બાસ મોહમ્મદહુસૈન ભોજાણી

મ.ફીરોઝઅલી યાકુબઅલી દાતારી

મ.ગુલામઅલી અકબરઅલી કેશવાણી

તથા ભોજાણી પરિવારના તમામ મરહુમો તેમજ તમામ મર્હુમ મોઅમિન વલ મોઅમેનાતની રૂહના સવાબમાં વકફ...

https://downloadshiabooks.com/

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેઈજ |
|---|---|---|
| * | ઊર્દૂ ભાવાનુવાદકના બે બોલ | ૧ |
| * | પ્રસ્તાવના | ૨ |
| ૧ | આરઝૂ | ૪ |
| ૨ | એકાંતની બાર સદીઓ | ૧૧ |
| ૩ | ગૈબતનો ઝમાનો ઈમામ (અ.સ.)નો લોકોથી દૂરી અને એકલતાનો ઝમાનો | ૧૬ |
| ૪ | ગૈબતનો ઝમાનો ઈમામ (અ.સ.)ની પરેશાનીનો ઝમાનો | ૧૮ |
| ૫ | ગૈબતનો ઝમાનો, ડર અને વહેશતનો ઝમાનો | ૨૦ |
| ૬ | ગૈબતનો ઝમાનો મઝલૂમિયતનો ઝમાનો | ૨૧ |
| ૭ | ગૈબતનો ઝમાનો ઈન્તેઝારનો ઝમાનો છે | ૨૩ |
| ૮ | ગૈબતનો ઝમાનો કમઝોર બનાવવાનો ઝમાનો | ૨૪ |
| ૯ | ઈમામ (અ.સ.)ની મઝલૂમીયતનુ એક ઉદાહરણ | ૨૫ |
| ૧૦ | આપણા પોતાના હાથે જ ઉભી કરેલ મેહરૂમીયત | ૩૮ |
| ૧૧ | ઈમામ (અ.ત.ફ.શ.)થી તમસ્સુક (વળગી રહેવુ) જ ખુશનસીબીનું કારણ છે | ૪૦ |
| ૧૨ | નજાતના રસ્તાની નિશાનીઓ | ૪૨ |
| ૧૩ | ગયબતે સુગરાના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ફરમાનો | ૪૩ |
| ૧૪ | હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.)નો એક પત્ર શૈખ મુફીદ (રહે.)ને સંબોધીને | ૪૫ |
| ૧૫ | ગૈબતમાં એકલતા | ૪૭ |

https://downloadshiabooks.com/

૧૬ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મઝલૂમીયત ખુદ
તેઓની મુબારક ઝબાનથી ............................૫૩
૧૭ ઝહૂરની ઠંડી હવાની લહેર ............................૫૪
૧૮ શિઆ સમાજ ઊપર ખાસ નઝરે કરમ ..............૫૫
૧૯ આપણે શું કરવું જોઈએ.....................................૫૮
૨૦ તૌબા – આજની જરૂરત ..............................૬૪
૨૧ આપણા મૌલા આપણી પાસેથી શું આશા
રાખે છે ?..........................................................૬૫
૨૨ આવો આપણે આપણા ઈમામ (અ.ત.ફ.શ.)ને
એકલા મૂકી ન દઈએ...........................................૬૭
૨૩ આવો આપણા ઝમાનાના ઈમામ (અ.સ.)ની વધારે
માઅરેફત હાંસિલ કરીએ.......................................૬૯
૨૪ જલ્દી ઝહૂર માટે દુઆ.........................................૭૪
૨૫ દુઆની નવાઈ પમાડનારી અસરો......................૭૭
૨૬ વ્યક્તિગત અને સામાજિક દુઆ.........................૮૭
૨૭ શૈતાનનો ફરેબ ...............................................૮૯
૨૮ એક ફાયદાકારક બાબતનો ઉલ્લેખ ....................૯૧
૨૯ જુદી-જુદી દુઆઓ અને ઝિયારતો ....................૯૪
30 ઈમામે અસ્ર (અ.સ.)ની મુકદ્દસ બારગાહમાં
તવસ્સુલ ..........................................................૯૫
૩૧ દુઆઓની અસર .............................................૧૦૭

https://downloadshiabooks.com/

# ઊર્દૂ ભાવાનુવાદકના બે બોલ

તરજૂમો કરવો કેટલુ અઘરું કામ છે તે આ કામથી જોડાયેલ લોકો સારી રીતે સમજી શકે છે.

આ તરજૂમો કેવો છે? તેનો ફેસલો કરવાની જવાબદારી માનવંત સમીક્ષા કરનારાઓના શિરે નથી નાખતો કારણકે મને મારી અજ્ઞાનતાનો એહસાસ છે આ ફકીરની જોલી છે, જે અમીરે-ઈલ્મ પાસે માંગવાની રીતભાત શીખી રહ્યો છે

હું શુક્ર ગુઝાર છું અલ્લાહ તઆલાનો જેણે પોતાના વલીના કામ માટે મને પસંદ કર્યો અને તમામ દોસ્તોનો આભાર માનું છું જેઓની મહેનત-કોશિશોને કારણે આ કિતાબનું પ્રકાશન થઈ શક્યું.

ફક્ત વસ્સલામ
સૈયદ લિયાકત અલી

https://downloadshiabooks.com/

# પ્રસ્તાવના

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ની વિલાયતનો મહાસાગર અનંત છે. દરેક ઈન્સાન પોતાની મારેફતના પ્રમાણે આગળ વધી શકે છે, જેમ કે (સલમાન ફારસી) ''مِنَّا أَهْلَ الْبَيْتَ''ની મંઝીલ સુધી પહોંચી જાય છે.

પરહેઝગારોના સરદાર હઝરત અલી અ.સ. ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની મઝલૂમી બાબતે ફરમાવે છે કે

صَاحِبُ هٰذَا الْأَمْرِ الشَّرِيْدُ الطَّرِيْدُ الْفَرِيْدُ الْوَحِيْدُ

''ઈન્સાનીયતની નજાતના જવાબદાર (ઈમામે ઝમાના અ.ત.ફ.શ.) લોકોથી દૂર ગૈબના સખત સમયમાં સાથી અને મદદગાર વગરના એકલા છતાં પણ અડગતાપૂર્વક રહે છે.''

– બેહારૂલ અનવાર, જીલ્દ.૫૧, પેજ.૧૨૦

અંધકારમય ગૈબતના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ) ની તન્હાઈ (એકલતા)નો ઝિક્ર, શિઆ અને સાચા મોમીન માટે ફાયદાકારક છે તેથી ઈમામે ઝમાના (અ.ત.ફ.શ)ની વાલિદા જનાબે નરજીસ ખાતૂનની મદદ માંગી, ઈમામે અસ્ર (અ.ત.ફ.શ)ની તન્હાઈ (એકલતા) બાબતે અમુક ચીઝો કલમબધ્ધ કરૂં છું.

આ કિતાબ બે હેતુથી લખી રહ્યો છું

(૧) ઈમામે અસ્ર (અ.ત.ફ.શ) ની તન્હાઈ (એકલતા) થોડી ઓછી કરવા,

(૨) થોડા સમય માટે યુસુફે ઝહરા (સ.અ.) ના મેહમાન બનવાનો શરફ હાંસિલ કરવા.

https://downloadshiabooks.com/

બળતા દિલે સચ્ચાઈ સાથે કહું છું ‘‘ઈમામે અસ્ર (અ.ત.ફ.શ) તન્હા (એકલા) છે’’ પગથી માથા સુધી ગુનેહગાર, નાચીઝ, હકીર બંદો ઈતિહાસની આ ગફલત ઉપર રડતા-રડતા ઈમામ (અ.ત.ફ.શ) ની તન્હાઈ બાબતે લખે છે જેથી

૧) લોકોનું ઈમામે ઝમાના(અ.ત.ફ.શ)ની તન્હાઈ અને મઝલૂમી તરફ ધ્યાન દોરાય,

૨) લોકોમાં ઈમામ (અ.ત.ફ.શ)ના હકો અદા કરવા શોખ પેદા થાય,

૩) લોકોમાં તેઓ (અ.ત.ફ.શ) ના ઝહૂરની દુઆ કરવા શોખ પેદા થાય.

*૧૫ શાબાન હિ.૧૪૨૬*

*અલી હરાતિયાન*

https://downloadshiabooks.com/

# આરઝુ

અય મારા મૌલા! મારી ઈચ્છા હતી કે

૧) લોકો મને ગુલામે મહદીના ઉપનામથી યાદ કરે,
૨) મારા જન્મ વખતે મારા કાનમાં આપના ઈશ્કની અઝાન આપવામાં આવે,
૩) મને આપના નામે નઝર કરી દેવામાં આવે,
૪) આપની ગુલામીની કડી મારા કાનોમાં પહેરાવવામાં આવે,
૫) મારી ઝબાન ઉપર આપનું જ નામ હોય,
૬) હંમેશાં હું આપની છત્ર-છાયામાં હોવ,
૭) અય મૌલા! મારી ઝબાન ઉપર આવનાર પહેલો શબ્દ 'મહદી' (અ.ત.ફ.શ.) હોઈ જયારે હું બોલવાની કોશિશ કરતો હતો ત્યારે મારા સગાવ્હાલાઓએ મને યા મહદી (અ.ત.ફ.શ.) બોલાવે,
૮) મારી પ્રાથમિક શાળામાં આપની મારેફતનું ઈલ્મ આપવામાં આવે,
૯) મારા પહેલા કલાસમાં મારા ઉસ્તાદ મને આપની મોહબ્બતનો દર્સ આપે,
૧૦) આપનું ખૂબસૂરત નામ લખવાની પ્રેકટીસ કરાવવામાં આવે.

શાળાના દિવસોમાં કોઈએ પણ આપની તરફ માર્ગદશન ન આપ્યું, એટલે સુધી કે માધ્યમિક શાળાનું ભણતર પુરૂં થઈ ગયું, છતાં પણ કોઈએ મને એ પણ ન બતાવ્યું કે આ દુનિયાનું સંચાલન કરનાર આપ છો. મારી ભૂગોળની કિતાબમાં ઝિતોવા કે રઝવાનો ઉલ્લેખ ન હતો, મારી ઈતિહાસની કિતાબમાં આપની

https://downloadshiabooks.com/

ગૈબત કે એકલતાનો ઉલ્લેખ ન હતો, દીની કલાસમાં પણ એ ન બતાવ્યું કે, હકીકતમાં બાબુલ્લાહ (અલ્લાહના દરવાઝા) અને દીનના સરપરસ્ત આપ જ છો, અફસોસ કે અખ્લાકના કલાસમાં આપની મુકદ્દસ-પવિત્ર હસ્તીના એહતરામ કરવાનું શીખવાડવામાં ન આવ્યું.

શા માટે? મને નિબંધ લખવામાં 'ઈલ્મ બહેતર કે માલ બહેતર'નો વિષય આપવામાં આવ્યો? શા માટે? મને આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂર અને આપ (અ.ત.ફ.શ.)ને રાજી કરવાના વિષયો ન આપવામાં આવ્યા! આપના વગર ન ઈલ્મ બહેતર છે, ન માલ.

અય કાશ ! મને બીજી ભાષાઓ સાથે આપની ભાષા શીખવવામાં આવી હોત, 'જે ઈન્સાનના ફિત્રતની ભાષા છે'. જ્યારે હું આંતરાષ્ટ્રીય ભાષા શીખવાની મહેનત કરતો હતો ત્યારે કોઈએ મને બતાવ્યું કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) દરેક ભાષા-બોલી જાણે છે. એટલે સુધી કે પક્ષીઓની ભાષા પણ જાણે છે. જ્યારે મને કેમેસ્ટ્રીમાં ઈલેકટ્રોનના પરમાણુ પરિભ્રમણ બાબતે સમજાવવામાં આવતું હતું, હકીકતમાં તે ઈશારો હતો કે 'અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા' સિવાયની તમામ ચીઝો આપની મુબારક હસ્તીની આજુબાજુ પરિભ્રમણ કરે છે.'

અય કાશ ! બીજગણિત, કેમેસ્ટ્રી, ભૌતિકના પ્રકાર-પ્રકારના સમીકરણો સાથે આપના સાથેનાં સંબંધનું આસાન સમીકરણ સમજાવવામાં આવ્યું હોત.

મારા બચપણમાં સાંભળેલ એક વાર્તા ભૂલાતી નથી, જેમાં એક અક્કલમંદ માણસ, એક કબ્રસ્તાન પાસેથી પસાર થતો

https://downloadshiabooks.com/

હોય છે ત્યારે તેનું ધ્યાન જાય છે કે અમુક કબ્રો ઉપર મૈયતની ઉમ્ર ૩,૪ અને ૭ વર્ષ જેટલી લખેલી હતી, અક્કલમંદ માણસે નવાઈ સાથે ત્યાંના લોકોને પૂછ્યું કે, ''શું આ લોકો બચપણમાં જ ગુઝરી ગયા હતા?'' ત્યારે લોકોએ જવાબ આપ્યો કે ''આ લોકોની ઉમ્ર એટલી જ ગણવામાં આવે છે જેટલી તેઓએ ઈલ્મ હાંસિલ કરવામાં વિતાવી છે.'' અય કાશ! તે સમયે મારા ઉસ્તાદે આ બાબત તરફ ધ્યાન દોર્યુ હોત કે શિઆ અકાએદ પ્રમાણે સાચું જીવન ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) તરફ ધ્યાન આપવામાં જ છે.

૧) આપની માઅરેફત હાંસિલ કરવામાં,

૨) આપનાથી મોહબ્બત રાખવામાં,

૩) આપના દુશ્મનોથી બેઝારી-દૂરી ઈખ્તેયાર કરવામાં જ સાચું જીવન છે.

ભૌતિકના કલાસમાં નૂર-પ્રકાશની ચમક બાબતે બતાવ્યું પણ એ ન બતાવ્યું કે

''يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ''

''અલ્લાહ તઆલા ચાહે તેને પોતાના નૂર તરફ હિદાયત કરે છે.'' - સૂરએ નૂર, આ.૩૫

આપની મહાન હસ્તી જ આ નૂર છે, જેના તરફ અલ્લાહ તઆલા જેની ચાહે હિદાયત કરે છે. નૂરની ઝડપ-દર સેકન્ડે ત્રણ હજાર કીલોમીટરની છે તે મને શીખવવામાં આવ્યું, પરંતુ ઈમામ (અ.સ.)ની નજરની વિશાળતા કેટલી છે તેના તરફ ઈશારો પણ ન કરવામાં આવ્યો કે એક ઘડીમાં તેઓની નજર ગ્રહમંડળો અને આકાશગંગાએ સુધી પહોંચી શકે છે.

https://downloadshiabooks.com/

જ્યારે મે કોલેજમાં એડમીશન લીધું ત્યારે કોઈએ મને ન કહ્યું કે તમારૂ એડમીશન ઈમામે ઝમાના (અ.સ.)ની માઅરેફતની કોલેજમાં લ્યો, કોઈએ મને એ પણ ન સમજાવ્યું કે 'ઈમામ (અ.સ.)ની માઅરેફતના ઘણા બધા દરજ્જાઓ છે' અમુક લોકો જીવનના અંત સુધી બચપણના શરૂઆતની માઅરેફતના દરજ્જા ઉપર જ રોકાયેલા રહે છે, આગળ જ નથી વધતા!

મને ખબર ન હતી કે ટીચર, ઈન્જીનિયર, પ્રોફેસર વગેરે હોદ્દાઓ ઈન્સાનના બનાવેલા છે. જેનાથી ફકત નામના, માલ, સત્તા અને (દુન્યવી) માન-મરતબો હાંસિલ થાય છે. મને ખબર જ ન હતી કે આના કરતા પણ ઉચ્ચ હોદ્દાઓ છે.

જ્યારે હું કોલેજના મર્યાદિત વાતાવરણથી નીકળી યુનિર્વસીટીમાં પહોંચ્યો ત્યારે જોયું કે ત્યાંની હાલત તો વધારે અફસોસજનક હતી છેતરપીંડીની બજાર ગરમ હતી. ગફલતના સાધનો તૈયાર હતા. પશ્ચિમી રંગમાં રંગાયેલ ઈલ્મી વાતાવરણ હતું ત્યાં ઈલ્મ ફકત એ ચીઝનું નામ હતું કે, ફલાણી ચીઝ અમેરીકા થી તરજૂમો થઈ યુરોપની ફલાણી કિતાબમાં છપાયેલ છે. અહલેબૈત (અ.મુ.સ.)નું ઈલ્મ, કે જે આસમાની ઈલ્મ છે. તે બાબતે બહુજ ઓછી વાતો થતી હતી.

અય મારા આકા! યુનિર્વસીટીમાં પણ કોઈએ આપના બાબતે ન બતાવ્યું કોઈપણ આપના નામનો પરચમ લહેરાવતુ ન હતુ. કોઈપણ આપની તરફ બોલાવનાર ન હતું. કોઈપણ ઉસ્તાદ આપની સિફતો બયાન કરતા ન હતા. અમુક ઈસ્લામી મઆરીફની તાલીમ તેમજ ઈસ્લામી ઈતિહાસના દર્સ આપવામાં આવતા હતા. પરંતુ આ બધુ દીનના નામે નહિ, પરંતુ સંસ્કૃતિના નામે હતું.

https://downloadshiabooks.com/

તાલીમના દિવસો દરમ્યાન પણ દિલ આપની યાદોથી ખાલી હતુ. તાલીમ પૂરી કર્યા બાદ રોઝીની ફિક્ર અને બીજા કામોમાં મશગૂલ રહેવાના કારણે આપની યાદથી દૂર રહ્યો.

આ બધી અડચણો હોવા છતાં દિલની ગહેરાઈ–ઊંડાણમાં મે તમને શોધી લીધા. થોડા સમય પહેલા મે તમને દિલની આંખોથી શોધી લીધા,અત્યારે મારા દિલમાં આપની મુબારક હસ્તીનો અહેસાસ કરૂ છું, મને એવુ લાગે છે કે મારો ફરીથી જન્મ થયો છે. આપના વગર ઝિંદગીની કાંઈ કિંમત જ ન હતી. મારા જેવો ઈન્સાન જેને ઘણો સમય ગફલતમાં વિતાવ્યા પછી આપના સુધી પહોંચ્યા પછી એવો એહસાસ થાય કે નવી ઝિંદગી મળી છે તે સ્વભાવીક છે. આખર ઝમાનાના ફિત્ના–ફસાદ અને મુશકેલીઓ ધ્યાનમાં રાખી, આ બધી મુશકેલીઓથી બચવા માટે મારા જેવા ઈન્સાને આપના થી તવસ્સુલ કરવો જોઈએ, જયારે આપ મહેરબાની કરી તેને નજાત અપાવો ત્યારે તેને પોતાની પેશાની ખાક ઉપર રાખી અને શુક્ર માટે કહેવું જોઈએ:

"اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ هَدٰنَا لِهٰذَا وَمَا كُنَّا لِنَهْتَدِیَ لَوْلَآ اَنْ هَدٰنَا اللّٰهُ"

‘‘અલ્લાહનો શુક્ર કે તેને હિદાયત કરી જો અલ્લાહ હિદાયત ન કરતે તો અમને હિદાયત ન મળતે.’’– સૂરએ આઅરાફ, આ.૪૩

જો આખી દુનિયામાં શોધશો તો પણ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) જેવો દોસ્ત નહી મળે કારણકે

* આપણે ભલે તેઓને યાદ ન કરીએ પણ તેઓ આપણી યાદથી ગાફિલ નથી.
* આપણે ભલે તેઓને એકલા છોડી દઈએ, પરંતુ તેઓ આપણને એકલા રહેવા દેતા નથી.

https://downloadshiabooks.com/

* આપણે ભલે લાખ તેઓ ઉપર ઝુલ્મ કરીએ, છતાં પણ તેઓ આપણા ઉપર મહેરબાની કરવાનું ચૂકતા નથી.
* આપણે તેઓના માટે દુઆ નથી કરતા, છતાં પણ તેઓ આપણા માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરે છે.
* આપણે તેઓની નારાઝગીનો સામાન તૈયાર કરીએ છીએ, છતાં પણ તેઓ આપણાથી મોઢુ ફેરવતા નથી.
* આપણે તેઓના ગૌરવનું કારણ નથી બનતા, પરતું તેઓ આપણાં માટે ગૌરવનું કારણ બને છે.
* આપણે તેઓની પરિસ્થિતિની જાણકારી નથી રાખતા, પણ તેઓ આપણી પરિસ્થિતિની જાણકારી રાખે છે.
* આપણે તેઓની હાજરીનો એહસાસ નથી કરતા, પરતું તેઓ આપણી મદદ માટે દરેક જગ્યાએ મોજૂદ રહે છે.
* આપણે તેઓની મુલાકાતથી બચતા રહીએ છીએ, પરતું તેઓ આપણને મુલાકાતનો પૈગામ આપે છે.
* આપણે તેઓનો બચાવ ન કરીએ, છતાં પણ તેઓ આપણો બચાવ જરૂર કરે છે.
* આપણે તેઓનું દિલ દુખાવ્યું હોવા છતાં પણ તેઓ આપણા બહાનાને કબૂલ રાખે છે.
* આપણે વારંવાર વચનભંગ કરીએ છીએ, છતાં પણ તેઓ આપણાથી સંબંધ કાપતા નથી.
* આપણે તેઓથી મોહબ્બત નથી કરતા, છતાં પણ તેઓ આપણાથી મોહબ્બત કરે છે.
* આપણે તેઓ માટે અમાનતદાર નથી, છતાં પણ તેઓ આપણા માટે બેહતરીન અમાનતદાર છે.

https://downloadshiabooks.com/

* આપણે તેઓની મદદ નથી કરતા, છતાં પણ તેઓ આપણી મદદ કરવાનું ચૂકતા નથી.
* આપણી નાની ખિદમતનાં બદલામાં તેઓ સંપૂર્ણ મહેરબાની સાથે નવાઝીશ કરે છે.
* આપણે તેઓનો એહતેરામ નથી જાળવતા, છતાં પણ તેઆ આપણી મદદ અને હિફાઝત કરે છે.
* આપણે તેઓના માલી હકો અદા કરતા નથી, છતાં પણ તેઓ આપણી રોઝી નથી રોકતા.
* જ્યારે આપણે નટખટ તોફાની બાળકની જેમ વર્તન કરીએ છીએ ત્યારે તેઓ મહેરબાન પિતાની જેમ વર્તન કરે છે.
* આપણે મોહબ્બતનો હક અદા નથી કરતા, છતાં પણ તેઓ આપણાથી મોહબ્બત રાખે છે.
* આપણે તેઓને મુશકેલીમાં એકલા મૂકી દઈએ છીએ, છતાં પણ તેઓ આપણી મુશકેલીમાં અને પરેશાનીમાં આપણા મદદગાર બને છે.

અય અઝીઝો! ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મહેરબાની હાસિંલ કરવા માટે તેઓની મુકદ્દસ હસ્તી તરફ તવજ્જોહ કરવી જરૂરી છે.

માઅસૂમીન (અ.મુ.સ.)ના તવસ્સુલથી યા ખુદ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના તવસ્સુલથી સવાર-સાંજ દિલમાં તેઓની મુલાકાત કરી શકીએ છીએ. આપણે ભૂલમાં ન રહેવુ જોઈએ, ઈમામ (અ.સ.) આપણાથી દૂર નથી, દરેક સમયે આપણી સાથે, આપણાથી ખૂબ જ વધારે નજદીક છે. ઈમામે

https://downloadshiabooks.com/

ઝમાના (અ.ત.ફ.શ.)નો સંબંધ તમામ ઈન્સાનો સાથે છે, કોઈ ખાસ ગિરોહ સાથે નથી, કોઈ ખાસ ધર્મ કે જાતી સાથે નથી. તેઓનો ફાયદો માલદાર, ગરીબ, જાહિલ, આલિમ, નેકુકાર, ગુનેહગાર એટલે સુધી કે ગૈરમુસ્લીમને પણ પહોંચે છે. તેઓ ચોકીદાર નથી રાખતા જ્યારે પણ ઈરાદો કરીએ ત્યારે તેઓની પાસે જઈ શકીએ છીએ. કોઈપણ, કયારેય પણ, કાંઈપણ તૈયારી વગર ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)થી મળી શકે છે, ફકત એક વખત દિલથી યા સાહેબુઝમાના (અ.ત.ફ.શ.) કહેવુ કાફી છે.

જો કે આપણે આપણા કાન આડે અડચણો ઉભી કરેલ છે. જેના કારણે તેઓનો મધૂર આવાજ સાંભળવાથી મહેરૂમ છીએ. આકા તો આપણને જવાબ આપે છે, પરંતુ આપણે સાંભળી શકતા નથી. આપણે આપણી આંખો ઉપર પાટા બાંધી લીધા છે જેના કારણે તેઓના ખૂબસૂરત ચહેરાને જોવાથી મહેરૂમ થઈ ગયા છીએ. કોઈ દિવસ એમ ન પૂછો, શું તેઓ અમને જુએ છે? કોઈ દિવસ એમ પણ ન કહો 'કયા હું અને કયા ઈમામે ઝમાના (અ.સ.)?' શું અમુક ભૂલોનો કારણે આપણે આપણા મહેરબાન માં-બાપથી હંમેશા દૂર રહીશું? નહી ને, તો પછી તેઓ (અ.ત.ફ.શ.) માં-બાપ કરતા પણ કયાય વધારે મહેરબાન છે. પોતાના બાળકની જેમ જ આપણા બધાની સાથે મોહબ્બત રાખે છે.

https://downloadshiabooks.com/

# એકાંતની બાર સદીઓ

## * *ઈમામ (અ.ત.ફ.શ.)ની એકલતા :*

અય મારા મૌલા! અય ગરીબુલ વતન મૌલા! અય મુઝતરે ફાતેમા (સ.અ.)! અય અસીરે આલે મોહમ્મદ! આ દુનિયાવાળાના મહેરબાન પિતા!

હું ચાહું છું કે આપ (અ.ત.ફ.શ.)ની એકલતાને યાદ કરૂં, એ એકલતા જે બારસો વર્ષથી છે, એ એકલતા જેના ઉપર જમીન અને આસમાન રડે છે, એ એકલતા જેને આપ (અ.ત.ફ.શ.)ના ચાહનારાઓ પણ સમજતા નથી, એ એકલતા જેના માટે આપના બાપદાદાઓ આપની વિલાદત પહેલા રડ્યા હતા.

હું પરેશાન છું કે આ દિવાનની શરૂઆત કઈ પંક્તિથી કરૂં. આ મોટી કિતાબનો કયો ભાગ લઉ? કયુ પ્રકરણ શરૂ કરૂં? કયુ પાનું વાંચુ? રંજોગમ અને એકલતાની કલ્પનાએ મને અવાચક બનાવી દીધો છે.

કયાથી શરૂઆત કરૂં? આ વાત મારી ઝબાનથી બયાન કરૂં? યા બીજાની ઝબાનથી? પસાર થયેલ નસ્લ બાબતે બયાન કરૂં કે હાલમાં મોજૂદ નસ્લ બાબતે બયાન કરૂં? દોસ્તોની ફરિયાદ કરૂં કે દુશ્મનોની? સામાન્ય લોકોની ફરિયાદ કરૂ કે ખાસ લોકોની? એ લોકો બાબતે કહું જે તમને તકલીફ પહોંચાડે છે? અથવા એ લોકો બાબતે કહું જે મહેરબાન હાથને ખૂની હાથ કહે છે? એ લોકો બાબતે કહું જે આપની ચમકતી તલવારની એવી વિગતો બયાન કરે છે કે જેનાથી દોસ્તો પણ આપના ઝહૂરથી ગભરાય જાય છે? અથવા એ લોકોની ફરિયાદ કરૂં કે જે આપ (અ.સ.)ને

https://downloadshiabooks.com/

લોકોની પહોંચથી દૂર બતાવે છે? અથવા તેની ફરિયાદ કરૂં કે આપ (અ.સ.)ના દીદારને અશકય બતાવે છે? અથવા એવાઓની ફરિયાદ કરૂં કે જે આપ (અ.ત.ફ.શ.)ના નામ ઉપર લોકોને પોતાની પાસે બોલાવે છે? અથવા એવાઓની ફરિયાદ કરૂં કે જે લોકોને આપના ઝહૂરથી નાઉમ્મીદ કરી દે છે. આપના ઝહૂરનો સમય દૂર હોવાનું ગુમાન રાખે છે? અથવા એવાઓની ફરિયાદ કરૂં કે જે આપ (અ.ત.ફ.શ.)ને પોતાની ઈચ્છા પ્રમાણે બયાન કરે છે, ન એવી રીતે જેવી રીતે આપની મુબારક હસ્તી છે. અથવા એવા લોકોની ફરિયાદ કરૂં કે જે લોકો આપ (અ.ત.ફ.શ.)ની ગૈબતને આપ (અ.ત.ફ.શ.) ન હોવા બરાબર બયાન કરે છે?

અય મારા મૌલા! એવું લાગે છે જાણે કે આ બધાય લોકો સાથે મળી આપ (અ.ત.ફ.શ.)ની એકલતાને દૂર થવા દેવા નથી માંગતા અને ઈબ્લીસનું લશ્કર રાત-દિવસ આ જ ફિક્રમાં ડુબેલું છે. મને ખબર નથી ખરેખર આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂરને ચાહનાર કોણ છે? આ બાબતે ફકત અલ્લાહ જ જાણે છે અથવા આપ (અ.ત.ફ.શ.). પણ હા, એટલુ જરૂર જાણું છું કે ગૈબતના બારસો વર્ષમાં ઈબ્લીસના સાથીઓ, જેઓ જિન્નાતો અને ઈન્સાનોમાંથી છે તેઓ આ ગૈબતનો પરદો દૂર ન થાય, ગૈબતની અંધારી રાત ખત્મ ન થાય, તે માટે જબરદસ્ત કોશિશો કરી રહ્યા છે.

હું મારી પોતાની જાતથી શરૂઆત કરૂં છું કારણ કે જો હું પોતાની જાતથી શરૂઆત કરૂં તો કામ આસાન થઈ જશે. હું આપની પાસે પાછો ફરવા માંગુ છું. મને યકીન છે કે મારી આ

https://downloadshiabooks.com/

ગફલતને આપ અણદેખી કરશો. હું જાણું છું કે આપ મારી તૌબા કબૂલ કરશો, મને સ્વીકારી લેશો. મને ખબર છે આ ગફલતના ઝમાનામાં પણ આપ મારા માટે દુઆ કરતા હતા. હું આપનાથી ભાગતો હતો, પરંતુ આપ એક મહેરબાન બાપની જેમ મારૂં ધ્યાન રાખતા હતા. અલ અફવ અલ અફવ (માફી... માફી...)

આ ફરિયાદ કયા લઈને જાઉ ? આપ (અ.ત.ફ.શ.) થી અજાણ લોકો જ નહી બલ્કે મોઅમિનો પણ આ એકાંતની વાત સાંભળવાની સહનશકિત નથી ધરાવતા. અલ્લાહ રે અલ્લાહ કેવી અસહ્ય એકલતા? કેવો પરદો!!?

હા! શકય છે. ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની એકલતાની વાત થોડી અજીબ લાગે, શકય છે કે કોઈ પૂછે શું ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) પણ ગરીબુલ વતન છે!? કદાચ અમુક લોકો તેને અકીદાની કમઝોરી સમજી લ્યે અથવા લખનારની અજોડ કલ્પનાશકિત સમજી લ્યે, અમુક લોકો તેને સામાન્ય વિષય સમજી લ્યે, કારણકે મોટા ભાગે અઈમ્માહ (અ.મુ.સ.)ની એકલતા અને મઝલૂમીયત બાબતે બહુ જ ઓછી ચર્ચા થાય છે. ફકત મૌલાયે મુત્તકીયાન હઝરત અલી (અ.સ.)ને જહાનના અવ્વલ મઝલૂમ સમજવામાં આવે છે, જો કે આ વાત બિલકુલ સાચી જ છે.

દર વર્ષે અય્યામે ફાતેમીય્યાહમાં હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ના મસાએબને યાદ કરી આંસુઓ વહાવવામાં આવે છે. માતમ કરવામાં આવે છે. આ પ્રમાણે ગમ કરવો જોઈએ, દરેક મુસીબતમાં સૈયદુશ્શોહદા અને તેઓના માનવંત અહલેબૈત (અ.મુ.સ.) ઉપર રડતા રહેવું જોઈએ.

https://downloadshiabooks.com/

કબ્રસ્તાને બકીઅનું નામ સાંભળતા જ દરેકનું દિલ ગમથી ભરાઈ જાય છે. બગદાદમાં ઈમામ મૂસા કાઝિમ (અ.સ.)ની ગુરબતને યાદ કરી આંખો આંસુ ભીની થઈ જાય છે.

ઈમામે રઝા (અ.સ.)ને 'ગરીબુલ ગુરબા'ના નામથી પૂકારવામાં આવે છે. દસમાં અને અગિયારમાં ઈમામ (અ.સ.)ને 'અસ્કરી'ના લકબથી યાદ કરવામાં આવે છે. કારણ કે તેઓ તમામ ઉમ્ર અબ્બાસી ખલીફાની લશ્કરી છાવણીમાં કૈદમાં રહ્યા હતા. આનાથી વધારે બીજી મુસીબતની શું કલ્પના કરી શકાય?

આ બધી મુસીબતો ઉપરાંત આપણે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની એકલતા-મઝલૂમીયત બાબતે બહુજ ઓછું વિચારીએ છીએ અથવા વિચારતા જ નથી. ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની એકલતાથી અજાણ રહેવું, તેના પ્રત્યે ગફલત રાખવી, એજ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની મઝલૂમીયત છે.

માઅસૂમ રહેબરોની દુઆઓ, ઝિયારતોમાં ઈમામ (અ.ત.ફ.શ.)ની મઝલૂમીયત બાબતે એવી વાતો બયાન થઈ છે જેનાથી આંખો ભીજાય જાય છે અને દિલમાં એવો સૂર ઉઠે છે. જે ધ્યાન દોરે છે કે આ દુનિયાનો આધાર, અલ્લાહના મહાન વલીની પાકો-પાકીઝા હસ્તી, આ ઝમાનામાં ખરેખર ગરીબુલ ગુરબાના લકબથી યાદ કરવાના હકદાર છે.

** હવે આ વિષય ઉપર અમુક આયતો અને રિવાયત પેશ કરૂ છું.*

ગૈબતના ઝમાનામાં ઈમામ (અ.સ.)ની એકલતાના સમયને પરહેઝગારોના સરદાર હઝરત અલી (અ.સ.) આ રીતે બયાન ફરમાવે છે કે

https://downloadshiabooks.com/

صَاحِبُ هٰذَا الْأَمْرِ الشَّرِيْدُ الطَّرِيْدُ الْفَرِيْدُ الْوَحِيْدُ

''ઈન્સાનીયતની નજાતના જવાબદાર (ઈમામે ઝમાના અ.ત.ફ.શ.) લોકોથી દૂર ગૈબતના સખત સમયમાં સાથી અને મદદગાર વગરના એકલા છતાંપણ અડગતાપૂર્વક રહે છે.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૫૧, પેજ,૧૨૦

* એક રિવાયતમાં ઈમામ મૂસા કાઝિમ (અ.સ.) ફરમાવે છે :

هُوَ الطَّرِيْدُ الْوَحِيْدُ الْغَرِيْبُ الْغَائِبُ مِنْ أَهْلِهِ الْمَوْتُوْرُ بِأَبِيْهِ

''આપ એકલા ગૈબતના પરદામાં પોતાના કુટુંબ અને વતનથી દૂર પોતાના જદ્દના ખૂનનો ઈન્તેકામ લેવા માટે તડપી રહ્યા છે.''

– કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૩૬૧

કોઈએ હઝરત સૈયદુશ્શોહદા ને વલીએ અમ્ર બાબતે પૂછયું. આપ (અ.સ.)એ ફરમાવ્યું કે:

''આ અમ્રનો વલી લોકોથી દૂર લાંબા સમયગાળા સુધી જમીન ઉપર રહેશે. પોતાના વાલિદના ખૂનનો કિસાસ (બદલો) માંગશે.''

– કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૩૧૮

અફસોસ છે કે મૌલાની આ એકલતા ઝહૂરના ઝમાના સુધી ચાલુ રહેશે જેવી રીતે મૌલાએ મુત્તકીયાને ફરમાવ્યું છે કે: ''અમારા મહદી (અ.ત.ફ.શ.) (વિલાદતથી ઝહૂરના સમય સુધી) એકલા જ રહેશે.''

– મિક્યાલુલ મકારીમ, જિલ્દ.૧, પેજ.૧૨૯

ઈમામ સાદિક (અ.સ.) ઝહૂરના ઝમાનાનું વિગતવાર બયાન કરતા ફરમાવ્યું કે:

''અય મુફઝઝલ તેઓ (ઈમામે ઝમાના અ.ત.ફ.શ.) એકલા ઝહૂર કરશે, એકલા મસ્જિદુલ હરામમાં તશરીફ લાવશે,

https://downloadshiabooks.com/

એકલા જ ખાન-એ-કાબાનો પરદો પકડશે. જ્યારે બધી ચીજો ઉપર અંધકાર છવાઈ ગયો હશે ત્યારે તેઓ એકલા ઝહૂર કરશે.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૭, પેજ.૫૩

આપ (અ.સ.)ની વિલાદત હઝરત મૂસા (અ.સ.)ની જેમ જ છુપી રીતે થઈ કારણ કે ઝમાનાના ફિરઓનોએ આપ (અ.સ.)ને શહીદ કરવાનો પાકો ઈરાદો કરી લીધો હતો.

આ કેટલી અફસોસજનક વાત કહેવાય કે ખાતેમુલ અવસિયાની વિલાદતની ખબર તેઓના કાકાથી પણ છુપી રાખવી પડી. અફસોસની વાત છે કે ગૈબતના ઝમાનામાં આપ (અ.સ.)નું જીવન એકાંતમાં અને છુપી રીતે પસાર થઈ રહ્યું છે અને ઝહૂર વખતે પણ આપ (અ.સ.) એકલા મસ્જિદુલ હરામમાં આવશે.

## ગૈબતનો ઝમાનો, ઈમામ (અ.સ.)નો લોકોથી દૂરી અને એકલતાનો ઝમાનો

હઝરત ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કેઃ ''આ સાહેબે અમ્ર માટે ગૈબત લાઝીમ છે. જો કે મદીના (શહેર) રહેવા માટે કેટલી સારી જગ્યા છે છતાં પણ ગૈબતના ઝમાનામાં તેઓ (અ.ત.ફ.શ.) શહેરના લોકોથી દૂર રહેશે.''–ઇસ્બાતુલ હુદા, જિલ્દ.૩, પેજ.૪૪૫

ઈમામ હસન અસ્કરી (અ.સ.)એ પોતાની શહાદતના પહેલાં જ પોતાના ફરઝંદે દિલબંદને આ રીતે વસિયત ફરમાવીઃ

''અય બેટા! અલ્લાહના દરેક દોસ્તના અમુક ખતરનાક દુશ્મન અને વિરોધી હોય છે જે તેના કામોમાં અડચણો ઊભી કરે

https://downloadshiabooks.com/

છે આજ કારણે આપના (બચાવ) માટે ગૈબત જરૂરી છે. લોકોથી દૂર, છુપી જગ્યાએ ઝિંદગી વિતાવજો.''- બેહારૂલ અનવાર જિ.૫૩, પેજ.૩૫

ઈમામે ઝમાના (અ.સ.) પણ પોતાના વાલિદે બુઝુર્ગવારની ઈચ્છા આ રીતે બયાન કરે છે.

''મારા વાલિદે બુઝુર્ગવારે મારી પાસેથી જે વચન લીધુ હતું તે યોગ્ય જ હતું કે હું દૂર છુપી જગ્યાએ જ જીદગી વિતાવું જેથી આ અમ્રને છુપાવી શકું, ગુમરાહ અને ભટકેલ લોકોના શરથી બચી શકું તેમજ વિરોધીના ફરેબ અને ગુમરાહ ઉમ્મતના ફિત્નાથી પોતાને બચાવી શકું.'' - કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૪૪૭

સૈયદુસ્સાજેદીન ઈમામ અલી ઈબ્ને હુસૈન (અ.સ.) ઈમામે અસ્ર(અ.ત.ફ.શ.) બાબતે ફરમાવે છે કે:

અમારા કાએમમાં છ પયગંબરોની અમુક સરખામણીઓ હશે.

* હઝરત નૂહ (અ.સ.)ની જેમ લાંબી ઉમ્ર હશે,
* હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની જેમ તેમની પરવરિશ છુપી રીતે થશે અને લોકોથી દૂર ઝિંદગી વિતાવશે,
* હઝરત મૂસા (અ.સ.)ની જેમ ખૌફ-ડર અને ગૈબતની હાલતમાં રહેશે,
* હઝરત ઈસા (અ.સ.)ની જેમ લોકો આપ (અ.ત.ફ.શ.)ના હક બાબતે મતભેદ કરશે,
* હઝરત અય્યૂબ (અ.સ.)ની જેમ તકલીફ પછી રાહત મળશે,
* હઝરત ખાતેમુલ અંબિયાની જેમ આપ (અ.ત.ફ.શ.)નો કયામ પણ તલવાર સાથે હશે.

- અલ મોહજતુલ બયઝા, જિલ્દ.૪, પેજ.૩૩૮

https://downloadshiabooks.com/

અત્યારે આટલા બધા વર્ષોથી તેઓ બુઝુર્ગવાર આંખોથી દૂર, અજાણ ઈન્સાન જેમ ઝિંદગી વીતાવી રહ્યા છે. દુનિયા અને દુનિયાવાળા લોકો તેઓની હસ્તીના ફાયદાઓથી અજાણ છે, પરંતુ તોબા અને આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે દુઆ કરીને આ મઝલૂમીયત ખત્મ કરી શકાય છે. રિવાયતમાં છેઃ ગૈબતના ઝમાનામાં અમુક લોકો ઈમામે અસ્ર(અ.ત.ફ.શ.)ની ખિદમતમાં રહી તેઓના હુકમ પ્રમાણે અમલ કરતા રહે છે. આ રીતે ઈમામ (અ.ત.ફ.શ.)ના એકલતાને થોડી દૂર કરે છે. જ્યારે તેની ઉમ્ર પૂરી થઈ જાય ત્યારે બીજો તેનો વારસદાર બની જાય છે. જેમકે હઝરત ખિઝર(અ.સ.) આપ (અ.ત.ફ.શ.)ના સાથી અને આપ(અ.ત.ફ.શ.)ની એકલતાને દૂર કરનાર છે. આ બાબતે અલી ઈબ્ને મૂસા રઝા (અ.સ.) ફરમાવે છેઃ હઝરત ખિઝર(અ.સ.)એ આબે હયાત પીધુ છે તેથી સૂર ફૂંકાશે ત્યાં સુધી જીવંત રહેશે. તેઓ અમારી પાસે આવે છે. અમારા માટે રહેમતની દુઆ કરે છે. અમે તેઓની અવાજ સાંભળીએ છીએ. પરવરદિગાર તેઓના વસીલાથી ગૈબતના ઝમાનામાં અમારા કાએમ (અ.ત.ફ.શ.)ની એકલતાને દૂર કરશે. તેઓ ગૈબતમાં કાએમ (અ.ત.ફ.શ.)ની સાથે રહી તેઓની ગમખ્વારી કરશે.

## ગૈબતનો ઝમાનો

## ઈમામ (અ.સ.)ની પરેશાનીનો ઝમાનો

اَمَّنۡ یُّجِیۡبُ الۡمُضۡطَرَّ اِذَا دَعَاہُ وَیَکۡشِفُ السُّوۡٓءَ

‘‘કોણ છે જે મુઝ્તરની મુશ્કેલીને દૂર કરે જ્યારે તે દુઆ કરે ત્યારે તેની દુઆને કબૂલ કરે.’’ – સૂર–એ–નમ્લ આયત. ૬૨

https://downloadshiabooks.com/

આ આયતની તફસીર બાબતે ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે આ આયત કાએમ (અ.ત.ફ.શ.) બાબતે નાઝિલ થઈ છે. અલ્લાહની કસમ તેઓ જ મુઝ્તર છે. જ્યારે મકામે ઈબ્રાહીમ પાસે બે રકઅત નમાઝ પઢી દુઆ કરશે ત્યારે અલ્લાહ તેઓની દુઆ કબૂલ કરશે, તેઓના ગમને દૂર કરશે, તેઓને જમીનના વારસદાર બનાવશે. – તફસીરે કુમ્મી, જિલ્દ.૨, પેજ.૧૨૯

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે ''અલ્લાહની કસમ હઝરત મહદી (અ.ત.ફ.શ.) મુઝ્તર છે જેમનો ઝિક્ર ઉપરોકત આયતમાં થયો છે.'' – ગયબતે નોઅમની પેજ.૯૫

દુઆએ નુદબામાં આપણે પઢીએ છીએ :

''કયા છે તે મુઝ્તર જ્યારે તે દુઆ કરે છે ત્યારે તેની દુઆ કબૂલ થશે?''

આ દુઆની શરહમાં લખેલ છે કે કોઈ ઈન્સાનને કાંઈ હોદ્દો આપવામાં આવ્યો હોય, કાંઈપણ જવાબદારી સોંપવામાં આવી હોય પણ લોકો તેને આ હોદ્દાથી દૂર રાખે, તેનો હોદ્દો ગસ્બ કરી અને તેઓને પોતાની જવાબદારી અદા કરવાથી રોકે, તેઓને પોતાની સત્તાનો ઉપયોગ કરવાથી રોકે, દુશ્મનો તેઓને પોતાની જવાબદારી અદા કરવાથી રોકે, હકીકતમાં આવો ઈન્સાન મુઝ્તર છે. એનાથી વધીને બીજી પરેશાની શું હોઈ શકે? કે જે અલ્લાહની હુજ્જત છે, કુરઆન અને અહેકામના મુબલ્લીગ છે તેઓની નજરોની સામે, ઝાલિમ હાકિમો, મુનાફિકો-દંભીઓ, પોતાની ઈચ્છાઓના ગુલામો કુરઆને શરીફને બદલવા ચાહે છે. આદાબ અને સુન્નતે પયગંબરે અકરમ (સ.અ.વ.)ને ખત્મ કરવા ચાહે છે. દીને ઈસ્લામને બદલી નાખવા માંગે છે. તેઓના ચાહનારને તકલીફ આપવામાં આવે છે, મેણાં-ટોણાં મારવામાં આવે છે.

https://downloadshiabooks.com/

આપણે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના પહેલા નાયબની સિફારિશ કરેલ મશહૂર દુઆમાં આ પ્રમાણે પઢીએ છીએ.

‘‘અય મારા પરવરદિગાર! જે મુસીબત અને ખરાબ હાલતને દૂર કરનાર છે, મુઝ્તર ઈન્સાન જ્યારે દુઆ કરે છે ત્યારે તેની દુઆ કબૂલ કરી રંજો ગમથી નજાત આપે છે. માટે તારા વલીની પરેશાનીને દૂર કર.’’ – જમાલુલ ઉસ્બુઅ પેજ.૩૧૯

## ગૈબતનો ઝમાનો, ડર અને વહેશતનો ઝમાનો

અમે કહ્યું તે પ્રમાણે સૈયદુસ્સાજેદીન (અ.સ.) ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબતની સરખામણી હઝરત મૂસા (અ.સ.)ની ગૈબત અને ડર સાથે કરી હતી.

આપણે જાણીએ છીએ કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) અલ્લાહના સાચવેલા અને બધા નબીઓની ખુશખબરી આપેલા ઈમામ છે. તેઓ ઉપર આ દુનિયામાં અદ્લો ઈન્સાફ કાયમ કરવાની બહુજ મહત્વપૂર્ણ જવાબદારી છે.

આ માટે પોતાની જાનની હિફાઝત પણ જરૂરી છે. હકીકતમાં ઝાલિમ અને જાબીર લોકોએ આપના માટે ઝિંદગી મુશ્કેલ બનાવી દીધી છે. હઝરતને પણ એકાંતની ઝિંદગી ઈખ્તેયાર કરવી પડી તેઓના પાકીઝા આબાઓ અજદાદ (બાપ-દાદાઓ)ને પણ એક પછી એક ઝુલ્મો-જફાથી શહીદ કરવામાં આવ્યા. હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની અસુરક્ષાનું એક કારણ મદદગારનું ન હોવું પણ છે.

https://downloadshiabooks.com/

ઈમામ (અ.સ.)ની પરેશાનીનું બીજું કારણ એ પણ હોઈ શકે છે. ગૈબતનો સમય લાંબો થવાને કારણે ઝહૂરની મુદ્દત લંબાવવાને કારણે મોઅમિનો પરેશાની અને મુશ્કેલીઓના ભોગ બને છે અને ઈબ્લીસની જાળમાં ફસાય જઈ ઈમામતના સીધા રસ્તાથી ભટકી જવાનો ડર લાગે છે.

## ગૈબતનો ઝમાનો મઝલૂમીયતનો ઝમાનો

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)નો ઈરશાદ છેઃ

''જ્યારે ઝહૂરનો સમય થશે ત્યારે હઝરત મહદી (અ.ત.ફ.શ.) એક હાશમી નવજવાનને મક્કાવાળાઓ ઉપર હુજ્જત તમામ કરવા મોકલશે. આ રીતે પૈગામ મોકલાવશે, મક્કાવાળાને કહેજો હું ફલાણાનો મોકલાવેલો પ્રતિનિધી છું. તેઓ (અ.ત.ફ.શ.)એ કહેવડાવ્યું છે કે, અમે અહલેબૈત (અ.મુ.સ.) રહેમત, રિસાલત અને ખિલાફતનો ખજાનો છીએ. હું પયગંબરે અકરમ (સ.અ.વ.)ના ખાનદાનમાંથી છું, મઝલૂમ છું, મને કિનારે મૂકી દેવામાં આવ્યો છે. હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.)ની વફાત બાદ અમારા હકને બરબાદ કરી નાખવામાં આવ્યો છે. હું આપ લોકોથી મદદ માંગું છું આપ અમારી મદદ કરો.''

– બેહારૂલ અનવાર, જિ.૫૨, પેજ.૩૦૭

બીજી રિવાયતમાં પાંચમા ઈમામ (અ.સ.)એ ઝહૂર સમયે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)નું ખાન-એ-કાબા પાસેનું બયાન નકલ કરેલ છે. તેનો અમુક ભાગ આ પ્રમાણે છે.

https://downloadshiabooks.com/

‘‘હું અલ્લાહને ગવાહ બનાવું છું. દરેક તે ઈન્સાન જે મારી વાત સાંભળે છે તે બીજાઓ સુધી પહોંચાડે. હું તમને લોકોને અલ્લાહ (સુ.વ.ત.)ના હકનો, પયગંબરે અકરમ (સ.અ.વ.)ના હકનો તેમજ મારા હકનો વાસ્તો આપું છું. મારો આપ દરેક કરતા વધારે પયગંબરે અકરમ (સ.અ.વ.)થી નજદીકીનો સંબધ છે. અમારી મદદ કરો, અમારા ઉપર ઝુલ્મ કરનાર લોકો વિરૂધ્ધ અમારી મદદ કરો. તે (ઝાલિમો)ને અમારાથી દૂર કરો. તેઓએ અમને ડરાવ્યા છે અને તેઓએ અમને તેમના ઝુલ્મો-સિતમનું કેન્દ્ર બનાવ્યા છે. અમને અમારા બાલ-બચ્ચાઓથી દૂર રાખ્યા છે, ઝુલ્મો-સિતમથી અમારો હક છિનવી લીધો છે.’’

– ગયબતે નોઅમાની, પેજ.૮૧

મર્હુમ હાજી ઈસ્માઈલ શરીફી બયાન કરે છે જ્યારે હું ઝિયારતના સફર દરમ્યાન હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરવામાં મશગૂલ હતો, ઝરીહ મુબારકના આગલા ભાગમાં જ્યાં ઝિયારત કરનારની દુઆ કબૂલ થવાની ઉમ્મીદ વધારે છે. ત્યાં દુઆ માંગતો હતો ત્યારે જ હઝરત ઈમામ મહદી (અ.ત.ફ.શ.)ની ઝિયારતનો શરફ નસીબ થયો. તે સમયે અચાનક જ તેઓના નૂરાની ચહેરાની ઝિયારત નસીબ થઈ. ‘‘મેં પૂછયું આપ કોણ?’’ આપ (અ.ત.ફ.શ.)એ જવાબ આપ્યો કે ‘‘દુનિયાનો મઝલૂમતરીન ઈન્સાન.’’ – સહીફ એ મહદીયાહ પેજ.૫૮

મુકાશેફાની હાલતમાં કુમના એક આલિમને ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું કે ‘‘અમારા મહદી તેના ઈમામતના સમયગાળામાં મઝલૂમ છે. માટે બની શકે તેટલો એમનો ઝિક્ર

https://downloadshiabooks.com/

કરો, બની શકે તેટલું તેઓ (અ.ત.ફ.શ.) માટે લખો. તેઓનો ઝિક્ર બધા માઅસૂમીન (અ.મુ.સ.)નો ઝિક્ર છે. કારણ કે બધા જ ઈસ્મત અને વિલાયત બાબતે સરખા જ છે. આ ઝમાનો ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)નો છે. માટે બની શકે તેટલી તેઓની યાદ તાજા કરો. હું દરેકને ભારપૂર્વક કહુ છું કે અમારા મહદી (અ.ત.ફ.શ.)નો ઝિક્ર વધારે કરો, તેઓ બાબતે વધારે લખો. અમારા મહદી (અ.ત.ફ.શ.) મઝલૂમ છે, અત્યાર સુધીમાં જેટલો પણ તેઓ બાબતે ઝિક્ર કરવામાં આવ્યો છે. જેટલું પણ લખવામાં આવ્યું છે તેનાથી પણ વધારે ઝિક્ર થવો જોઈએ, વધારે લખાવું જોઈએ.''

## ગૈબતનો ઝમાનો ઈન્તેઝારનો ઝમાનો છે

અહાદીસે માઅસૂમીન (અ.મુ.સ.)માં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ને મુન્તઝરના નામે યાદ કરવામાં આવ્યા છે એટલે કે જેનો ઈન્તેઝાર કરવામાં આવે છે. મોઅમિનોના દિલ પણ આપના ઝહૂર માટે બેચેન છે. તે બુઝુર્ગવાર પોતે પણ અલ્લાહના દોસ્તોની, પોતાના શિઆઓની મુશકેલીઓ દૂર કરવા માટે ઝહૂરના હુકમનો ઈન્તેઝાર કરી રહ્યા છે. આ બાબતનો ઝિક્ર ઈદુલફિત્રના દિવસે નમાઝે ઈદ માટે નીકળતી વખતે પઢવાની દુઆમાં પણ છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى وَلِيِّكَ الْمُنْتَظِرِ أَمْرَكَ الْمُنْتَظَرِ لِفَرَجِ أَوْلِيَائِكَ

''અય અલ્લાહ તારા વલી ઉપર રહેમત નાઝિલ ફરમાવ જે તારા હુકમનો ઈન્તેઝાર કરી રહ્યા છે અને જેમાં તારા દોસ્તો મુશકેલીઓ દૂર કરવા માટે ઈન્તેઝાર કરી રહ્યા છે.''

https://downloadshiabooks.com/

અહીં સુધી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ગૈબતના ઝમાનામાં એક એક ઘડીનો ઈન્તેઝાર મુશ્કેલ થતો જાય છે. કારણ કે એક તરફ દુનિયાની ખરાબ હાલત અને શિઆઓની મુશ્કેલીઓને જાણે છે. બીજી તરફ ઝાલિમ–સિતમગર દંભી હાકિમોના ઝુલ્મો–સિતમની પણ ખબર છે, પરંતુ ગૈબતના ઝમાનામાં હોવાને કારણે પળ પળ ઈમામ (અ.ત.ફ.શ.) પોતાની જવાબદારી અદા કરવા માટે ફરમાને ઈલાહીનો ઈન્તેઝાર કરી રહ્યા છે. **ઝહૂર માટેની એક જરૂરી શર્ત લોકોનું ઝહૂર માટે તૈયાર થવું અને જાગૃત થવું છે.** માટે એમ કહી શકાય કે ગૈબતના ઝમાનામાં ઈમામ (અ.ત.ફ.શ.) શિઆઓના તૈયાર થવાની અને જાગૃત થવાની રાહ જોઈ રહ્યા છે.

ગૈબતના લાંબા સમયગાળા અને પોશીદા (છૂપી) ઝિંદગી બાબત હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ગમગીન હતા, માટે જ ફરમાવતા હતા કેઃ

يَا ابْنَ خَيْرَةِ إِمَاءٍ مَتَىٰ تَنْتَظِرَ

‘‘અય અલ્લાહની બેહતરીન કનીઝના ફરઝંદ કયા સુધી તમારો ઈન્તેઝાર કરવામાં આવે.?’’

– યનાબીઉલ મુવ્વદ્દત જીલ્દ.૩, પેજ.૪૩૪

## ગૈબતનો ઝમાનો કમઝોર બનાવવાનો ઝમાનો

કુરઆને મજીદની એક આયત ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) માટે સામાન્ય અને ખાસ લોકો દરમ્યાન ચર્ચાનો વિષય છે. જેને આપ (અ.ત.ફ.શ.)એ વિલાદત સમયે પોતાના વાલિદે બુઝુર્ગવારની સામે તેમજ વિલાદતના સાતમાં દિવસે પણ તિલાવત ફરમાવી હતી.

https://downloadshiabooks.com/

نُرِيْدُ أَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوا

‘‘અમે ઈરાદો કર્યો છે કે જે લોકોને જમીન ઉપર કમઝોર બનાવી દેવામાં આવ્યા છે તેને ઈમામ બનાવીએ, જમીનના વારસદાર બનાવીએ.’’ – સૂરએ કસસ, આયત. ૬

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી આ આયતની તફસીર બાબતે મનકુલ છે કે

આ આયતમાં કમઝોર બનાવી દીધેલાથી મુરાદ આલે મોહમ્મદ (અ.મુ.સ.) છે. પરવરદિગાર તેઓના મહદી (અ.ત.ફ.શ.)ને એક સખ્ત અને મુશ્કેલીભર્યા ઝમાના પછી જાહેર કરશે, તેઓને (દુનિયાવાળાઓની નજરમાં) માન–મરતબાવાળા બનાવશે અને તેઓ (અ.મુ.સ.)ના દુશ્મનોને બેઈઝ્ઝત–ઝલીલ કરશે.

– શૈખ તૂસીની કિતાબ અલ ગૈબત, પેજ નં.૧૧૩

ઈમામ જઅફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું છે કે ‘‘હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.)એ એક નઝર હઝરત અલી (અ.સ.) અને તેમના બંને ફરઝંદો ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) ઉપર કરી, પછી રડ્યા અને ફરમાવ્યું કે મારા પછી તમને કમઝોર બનાવી દેવામાં આવશે.’’

હદીસના રાવી મુફઝ્ઝલે ઈમામ (અ.સ.)થી વિનંતી કરી ‘‘મૌલા આનો અર્થ શું થાય?’’

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: ‘‘તેઓ મારા પછી ઈમામ થશે (તેઓ ઉપર ઝુલ્મ થશે)’’ પછી ઉપરોક્ત આયતની તિલાવત ફરમાવી અને કહ્યું ‘‘કયામત સુધી આ આયત અમારા ખાનદાનમાં જારી રહેશે.’’

https://downloadshiabooks.com/

કમઝોર કરવામાં આવેલા અને કમઝોર હોવું. આ બંનેમાં તફાવત છે. અહલેબૈત (અ.મુ.સ.) કોઈપણ રીતે કમઝોર ન હતા અને કમઝોર નથી, પરંતુ ઈતિહાસનાં તાગૂતો અને ઝાલિમોએ આપ (અ.મુ.સ.)ને આપના હકથી દૂર રાખી કમઝોર બનાવી દીધા છે.

દરેક સંજોગમાં જેઓ કમઝોર લોકોના દુઃખને હળવું કરવા ચાહે છે, તેઓની મદદ કરવા ચાહે છે અને હઝરત મહદી (અ.સ.)ને કમઝોર લોકોની ઉમ્મીદ જાણે છે, તેઓને એ ન ભૂલવું જોઈએ કે જ્યારે તેઓ (અ.ત.ફ.શ.) જાહેર થશે ત્યારે બધા કમઝોરોને નજાત મળી જશે.

## ઈમામ (અ.સ.)ની મઝલૂમીયતનું એક ઉદાહરણ

કદાચ તમોએ અમુક ઈન્સાનોને જોયા હશે જેઓના મગજમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની છાપ એક ઘાતક ઈન્સાન જેવી હોય છે કે જેના હાથમાં તલવાર હશે, લોહીની નદી વહાવી દેશે, લાશોના ઢગલે-ઢગલાં ખડકી દેશે, બહુજ અફસોસની વાત છે. અમુક લોકો પોતાના આવા ખુલ્લી ગુમરાહી ભરેલા વિચારો બીજા લોકો વચ્ચે પણ ફેલાવી, ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની મહેરબાન અને ઈન્સાફ પસંદ હસ્તીની છબીને લોકોના વચ્ચે ખરાબ કરે છે. કૌમના ઘણા બધા લોકોને ઝહૂરથી ડરાવે છે અને ઝહૂર માટે દુઆ કરવાથી રોકે છે. ખરેખર આ ઝુલ્મ છે જેની હસ્તી મોહબ્બત, મહેરબાની, દયાથી ભરેલી છે. તેની બાબતે આવી વાતો કરવામાં આવે. અમુક દીનદાર લોકો પણ

https://downloadshiabooks.com/

અજાણપણે અથવા મજાકમાં હઝરત બાબતે અમુક નકારાત્મક વાતો કરે છે અને કયારેક પોતાની ગરદન ઉપર તો કયારેક બીજાની ગરદન ઉપર હઝરતની તલવાર ચાલવાની વાતો કરે છે.

એક રેડિયો પ્રોગ્રામ કે જે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) બાબતે હતો તેમાં યુનિર્વસીટીના વિદ્યાર્થીઓનો ઝહૂર બાબતે મત લેવામાં આવ્યો તો તેમાંથી ૭૦% વિદ્યાર્થી ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝહૂરને પસંદ કરતા ન હતા જ્યારે તેઓને તેનું કારણ પૂછયું તો તેઓના જવાબ આ પ્રમાણે હતો.

‘‘તેઓ (અ.ત.ફ.શ.) આવશે તો અમારી ગરદનો કાપી નાખશે.’’

આ જ એ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મઝલૂમીયત છે જેની ઉપર ખૂનના આંસુ વહાવવા અને ગિરેબાન ફાડવાનું મન થાય છે. શું આનાથી વધીને બીજી કોઈ મઝલૂમીયત હોઈ શકે?

તે મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.) કે જેમની બરકતથી દોસ્ત જ નહીં બલ્કે દુશ્મન પણ જીવંત છે અને રોઝી પામે છે. તે મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.) કે જે પિતા કરતા પણ વધારે માયાળુ છે. માં કરતા વધારે દયાળુ છે. ભાઈથી વધારે મદદગાર છે. તે મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.) કે જેના ઝહૂર પછી કોઈ યતીમની આંખમાં આંસુ નહી હોય, કોઈ ભૂખ્યો નહીં રહે, કોઈ દર્દથી પીડાશે નહીં, કોઈ કેદમાં નહીં રહે, કર્ઝદારને પોતાનું કર્ઝ અદા કરવામાં કોઈ અડચણ નહીં નડે, કોઈ ગરીબને રસ્તા ઉપર સુવૂં નહીં પડે, કોઈ સુફરો ખોરાક વગરનો નહીં રહે, તે મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.) કે જે મઝલૂમોનો ઈન્તેકામ લેશે. ઈતિહાસમાં પરેશાન કરાયેલા લોકોની મદદ કરશે, તે ઈમામ (અ.ત.ફ.શ.) કે

https://downloadshiabooks.com/

જેનો વાયદો છે મુસીબતને ખત્મ કરી નાખશે, તકલીફોને દૂર કરી દેશે, વિખરાયેલાને કામો વ્યવસ્થિત કરી દેશે. આવા ઈમામ (અ.ત.ફ.શ.)ને તલવાર હાથમાં લીધેલા ઘાતક ઈન્સાન તરીકે વર્ણવવા એ માફ ન કરી શકાય તેવો ગુનોહ છે.

જો અત્યાર સુધી ફકત તેઓની તલવારની ચમક બાબતે જ ચર્ચા કરતા હતા તો અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરી અને ઈસ્તેગફાર કરવો જોઈએ. રહેમતના સ્રોતની ઉપર લગાવેલ જૂઠા આરોપ માટે માફી માંગવી જોઈએ.

ખરેખર તો ખાતમે અવસિયા પણ ખાતમે અંબિયાની જેમ જ તમામ જહાન માટે રહેમત છે. ઝિયારત અને દુઆઓમાં વારંવાર આપ (અ.ત.ફ.શ.)ને બલા દૂર કરનાર, ફરિયાદે પહોચનાર, વિશાળ રહેમત અને પનાહગાહ, વગેરે જેવા વિશેષણો (ઈલ્કાબ) થી યાદ કરવામાં આવેલ છે. ઝિયારતે જામએ કબીરા કે જે ઝિયારતના સ્વરૂપમાં ઈમામ (અ.સ.)ની માઅરેફતના દર્સ છે. તેમાં અહલેબૈત (અ.મુ.સ.)ને ‘‘રહેમતના ખજાના, મોહબ્બતના ખજાના, ખૂબ જ સહનશીલ, નમ્રતાવાળા, ગમોને દૂર કરનાર, પરેશાનીને આસાન બનાવી દેનાર તરીકે સંબોધવામાં આવ્યા છે.’’

આઠમાં ઈમામ હઝરત ઈમામ રઝા (અ.સ.) ફરમાવે છે કે: ‘‘ઈમામ હમદર્દ સાથી, મહેરબાન પિતા અને ભાઈથી વધારે મદદગાર, નાના બાળકોને મોહબ્બત કરવાવાળી નેકુકાર માતા કરતા વધારે પ્રેમાળ અને અલ્લાહના બંદાઓ માટેની પનાહગાહ છે.’’ – ઉસુલે કાફી ભાગ – ૧, પાના નં. ૨૦૦

https://downloadshiabooks.com/

પરવરદિગારે ગૈબતના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ને મજબૂર લોકોની ફરિયાદે પહોંચનાર બતાવ્યા છે. તેઓ (અ.ત.ફ.શ.) નજાત આપનાર પેશવા-રહેબર છે. ભરોસાપાત્ર રિવાયતોમાં છે કે તે ‘‘દરેક ઉપર મહેરબાની કરનાર અને દરેક સાથે સારૂ વર્તન કરનાર છે. ઝહૂર સમયે લોકોને મોહબ્બતની સાથે દીને હક તરફ બોલાવશે. આસ્માની કિતાબોની નવાઈ પમાડનારી તાલીમ આપશે. વાએઝ-નસીહત અને તાલીમ વડે દરેક ઈન્સાન ઉપર હુજ્જત પૂર્ણ કરશે એટલે સુધી કે જો કોઈ ઈન્સાનની થોડીક પણ હક કબૂલ કરવાની તૈયારી હશે તો તે હક કબૂલ કરી લેશે, માટે જ ધીમે ધીમે બધા અહલેકિતાબ આપ (અ.ત.ફ.શ.) ઉપર ઈમાન લાવશે.’’

પણ ધ્યાન રાખવુ જોઈએ કે જેવી રીતે ફુલના છોડો સાથે અમુક નકામુ ઘાસ પણ ઉગી નીકળે છે. જે ફુલના છોડોના વિકાસ માટે અવરોધરૂપ હોઈ છે. માટે તેને કપવું જરૂરી છે. ઈન્સાનીયતના વિકાસ માટે આવા અવરોધોને દૂર કરવા તે ઈલાહી ઈન્સાફની તલવાર સિવાય શકય નથી. જ્યારે ઈન્સાફ સત્તા ઉપર આવશે ત્યારે ઝુલ્મો સિતમ નાબૂદ થઈ જશે. ઈતિહાસના મઝલૂમો ચેનની શ્વાસ લેશે, પરંતુ એવા ઝાલિમો કે જે સીધા રસ્તા પર નથી, કોઈપણ રીતે નસીહત કબૂલ કરવા તૈયાર નથી અને કોઈપણ રીતે તેની સુધારણા શકય નથી, તેઓને નાબૂદ કરવું જરૂરી થઈ જાય છે.

જ્યારે તેઓ ઝહૂર ફરમાવશે ત્યારે લોકો આપ (અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તી અને સારી વર્તણૂંકને જોઈને અચંબામાં પડી જશે.

https://downloadshiabooks.com/

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ઝિયારતનો અમુક હિસ્સો આ પ્રમાણે છે.

اَلسَّلَامُ عَلٰى رَبِيْعِ الْأَنَامِ وَ نَضْرَةِ الْأَيَّامِ

''સલામ થાય આપના ઉપર અય દિલોની બહાર-વસંત અને દિવસોની તાઝગી .''

દુઆએ અહદના અમુક વાકયો આ પ્રમાણે છે.

''અય અલ્લાહ! તેઓના વસીલાથી તારા શહેરોને આબાદ કર અને તારા બંદાઓને હકીકી જીવન ઈનાયત ફરમાવ.''

ઈમામ (અ.સ.) દિલોની બહાર, તરોતાઝગીનું કારણ અને જીવનનો સ્ત્રોત છે. ઈન્સાનોની હકીકી સ્વાભાવીક ઝિંદગી આપ (અ.ત.ફ.શ)ના ઝહૂર વખતે જાહેર થશે. તે સમય લોકો ઝિંદગી અને આરામનો સાચો સ્વાદ ચાખશે. જો આ જ સાચી વાત છે તો અત્યારે આપણે જે ઝિંદગી વિતાવીને ખુશ થઈએ છીએ તે શું છે?

આપણે યકીન કરવું જોઈએ કે આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂર બાદ જે નેઅમતો આ દુનિયામાં મળનાર છે તેની આપણને જાણકારી નથી. ગુમશૂદા યુસૂફના હાથોથી જે દુનિયાની જરૂરતો પૂર્ણ કરનાર છે. સંપૂર્ણ ભલાઈ, બરકત, કમાલાત અને ઈન્સાની ખૂબસૂરતી તોહફારૂપે મળશે. એવો તોહફો હશે જેની કલ્પના પણ ઈન્સાન નથી કરી શકતો.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે

''મારી ઉમ્મતને હઝરત મહદી (અ.ત.ફ.શ.)ના ઝમાનામાં બેમિસાલ-અજોડ નેઅમતો આપવામાં આવશે.

https://downloadshiabooks.com/

હું તમને હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની ખુશખબરી આપુ છું જેને લોકો પાસે મોકલવામાં આવશે. જમીનવાળાઓ તથા આસમાનવાળાઓ તેનાથી રાજી હશે. બધી ઉમ્મતો તેની પનાહ-છત્રછાયામાં આવી જશે. જેવી રીતે મધમાખીઓ તેના સરદારની છત્રછાયામાં હોય છે. અદ્લો ઈન્સાફને પૂરી દુનિયામાં ફેલાવી દેશે. કોઈ સૂતેલાને ઉઠાડવામાં નહીં આવે, કોઈનું પણ નાહક ખૂન વહાવવામાં નહી આવે. લોકોના દિલોમાં ઈતાઅત અને ઈબાદતની ભાવના જાગી ઉઠશે. ઈન્સાફ ફેલાઈ જશે, અલ્લાહ તઆલા તેઓના વસીલાથી જૂઠને જડમૂળમાંથી ઉખેડી નાખશે. ઝાલિમોની ઝિંદગી ખોફનાક બની જશે. ઝિલ્લત લોકોથી દૂર કરી દેવામાં આવશે.''

કોઈપણ ફકીર નહીં રહે, લોકો સદકો આપવા માટે જરૂરતમંદને શોધશે, પરંતુ મળશે નહી, જેને પણ આપવામાં આવશે તે કહેશે હું જરૂરતમંદ નથી.

પંખીઓ પોતાના માળામાં કલરવ કરતા હશે. માછલીઓ પાણીમાં ઉછળી ઉછળીને રમતી હશે. સૂકાયેલા જળાશયોમાં ફરીથી પાણી આવી જશે. જમીનનો પાક બમણો થઈ જશે, આસમાનથી વધારે વરસાદ થશે, જમીન ઝાડ-પાનથી ઢંકાઈ જશે, લીલીછમ બની ગઈ હશે, તે સમયે જીવંત લોકોને ઈચ્છા થશે કે અમારા મર્હુમ આ દુનિયામાં પાછા આવી આ અદ્લ જોઈ લેત.

આસમાનથી રહેમતની વર્ષા થશે. જમીન ઉપર કોઈપણ દાણો વ્યર્થ નહી જાય. દરેક ચીઝ આગળ આવશે. તે દિવસે

https://downloadshiabooks.com/

માલો-દૌલતની વર્ષા થશે. કોઈપણ માંગણી કરશે ''યા હઝરત મહદી (અ.ત.ફ.શ.)! મને અતા ફરમાવો'' તેને કહેવામાં આવશે ''જે ચાહો તે લઈ લો.'' – ઇક્દુદ-દુર, પેજ-૧૯૫

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ ફરમાવ્યું કે

''મારા ફરઝંદોમાંથી એ ફરઝંદ જ્યારે ઝહૂર ફરમાવશે ત્યારે કામો બહુ જ આસાન થઈ જશે. લોકો આપસમાં એકબીજાની મુલાકાતે જશે અને ઝહૂરની ખુશખબરી આપશે.''

– કમાલુદ્દીન, જિલ્દ-૨, પેજ નં.૬૫૩

તે ઝમાનામાં ખૂબ જ વરસાદ પડશે. જમીન લીલીછમ થઈ જશે, કીનો દિલોમાંથી ખત્મ થઈ જશે. ફાડી ખાનાર જાનવરો બીજા જાનવરો સાથે હળીમળીને રહેશે. એવી સુરક્ષા હશે કે જો એક ઔરત એકલી દાગીનાઓ પહેરી અને પગપાળા શામથી ઈરાક જવા ચાહશે તો સલામતી સાથે જઈ શકશે અને કોઈપણ પ્રકારનો ડર નહી લાગે.''– મીક્યાલુલ મકારીમ જિ-૧, પેજ નં.૧૦૧

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે

''જ્યારે હઝરત મહદી (અ.ત.ફ.શ.) ઝહૂર ફરમાવશે ત્યારે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જેવુ જ પહેરણ પહેરશે, સંપૂર્ણ રીતે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની સુન્નત પ્રમાણે જ અમલ કરશે.'' – બેહારૂલ અનવાર જિલ્દ-૫૪, પેજ નં૪૭-

અમુક રિવાયતોમાં છે કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝહૂરની બરકત તેમજ આપ (અ.ત.ફ.શ.)ની કાર્ય પધ્ધતિને કારણે લોકોને ગરીબીથી છુટકારો મળશે. લોકો દુન્યવી માલથી બેનિયાઝ થઈ જશે. હઝરત (અ.ત.ફ.શ.) ફરમાવશેઃ ''આવો આ

https://downloadshiabooks.com/

દુન્યવી માલ લઈ લો જેને હાંસિલ કરવા માટે આપ.''

* સગાવ્હાલા સાથે ઝઘડો કરતા હતા
* એકબીજાનું લોહી વહાવતા હતા
* કાનૂન તોડતા હતા
* અલ્લાહે હરામ કરેલી ચીજો અંજામ આપતા હતા

ત્યાર પછી લોકોને એટલી દોલત આપશે જેટલી કોઈપણ સખાવત કરનારે ન આપી હોય.

ભરોસાપાત્ર રિવાયતમાં છે કે આપ (અ.ત.ફ.શ.)ના ઝમાનામાં દરેક બીમારને શિફા મળી જશે. દરેક આંધળા દેખતા થઈ જશે. વરસાદ પ્રમાણસર વરસશે. કોઈપણ એવી જમીન બાકી નહી રહે જે ઝાડપાનથી લીલીછમ ન હોઈ. ચારેય તરફ લીલોતરી હશે. દરેક ઝાડ ફળદાયક થઈ જશે. શરીર તંદુરસ્ત થઈ જશે. ઈન્સાનની ઉમ્ર સો વરસ કરતા પણ વધારે લાંબી થશે. ખેડૂતને ખૂબજ સારો પાક મળશે. દરેક દિલમાંથી કિનો ખત્મ થઈ જશે. લોકો એકબીજા ઉપર મહેરબાન થઈ જશે. ઈન્સાનોની અક્કલ સંપૂર્ણ થઈ જશે અને જાનવરો પણ ફાડી ખાવાનુ બંધ કરશે એટલે સુધી કે બકરી,વરૂ અને સિંહ એકબીજા સાથે હળીમળીને ઝિંદગી વીતાવશે. માલ એટલો બધો વધી જશે કે લાલચ ખત્મ થઈ જશે. સદકો લેવા માટે કોઈ ફકીર નહી મળે.

બાળકો સાંપ અને વીંછી સાથે રમશે. આ સાંપ અને વીંછીઓથી તેઓને કાંઈપણ નુકસાન નહી પહોંચે. બધી બૂરાઈ ખત્મ થઈ જશે. લોકો ખુલુસતાથી અલ્લાહની ઈબાદત કરશે. કોઈને પણ તેની ઈબાદતમાં શરીક-ભાગીદાર નહી બનાવે.

https://downloadshiabooks.com/

બધી ભૌગોલીક સરહદો ખત્મ થઈ જશે. આખી દુનિયામાં એક જ કાનૂન અને એક જ સરકાર હશે. પૂર્વ પશ્ચિમમાં કોઈપણ જગ્યાએ મુસાફરી કરવાની પાબંદી નહી હોઈ. કોઈપણ પ્રકારની મનાઈ નહી હોય. શા માટે આવુ ન બને? શું અલ્લાહે તમામ મખ્લૂકને આ ઘરના સદકામાં ખલ્ક નથી કરી? હદીસે કિસાઅમાં આ બાબતનો ઉલ્લેખ અલ્લાહના કલામ થકી કરવામાં આવ્યો છે.

''અય મારા ફરિશ્તાઓ! અય આસમાનમાં રહેવાવાળાઓ! મે આસમાનને છત નથી બનાવી, જમીનને ફર્શ નથી બનાવ્યું, ચમકતા ચાંદ-તારાઓ, પરિભ્રમણ કરનાર ગ્રહો, વહેતો દરિયો અને તરતી કશ્તીઓ ખલ્ક નથી કરી સિવાયકે પંજેતનની મોહબ્બતમાં''

આ મુદ્દા તરફ ધ્યાન દોરવુ જરૂરી છે કે રિવાયત પ્રમાણે દુનિયામાં જે કાંઈપણ ખૂનરેજી થશે તે ઝહૂર પહેલા થશે. મોટાભાગની ખૂનરેજી પોતાના હાથે જ શરૂ કરેલ લડાઈના કારણે હશે જે મહાસત્તાઓ આપસમાં એકબીજા સાથે લડશે. આ બાબતે ઈમામ રઝા (અ.સ.) ફરમાવે છેઃ

''કયામે કાએમ (અ.સ.) પહેલા એવી ખૂનરેજી થશે જે એકપળ પણ નહી રોકાય.'' -બેહારૂલ અનવાર, જિ.૫૨, પેજ.૧૫૨

અલબત્તા અમે હઝરત મહદી (અ.ત.ફ.શ.) તલવાર સાથે કયામ કરશે, તે બાબતનો ઈન્કાર નથી કારણ કે ઘણી બધી રિવાયતોમાં આ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ વાત જરૂર બનશે : ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની તાકત અને તલવાર

https://downloadshiabooks.com/

ઝુલ્ફીકાર એ લોકો ઉપર તૂટી પડશે જેઓ સતત ઈન્સાફનું ગળુ દબાવતા હતા, બેસહારા મઝલૂમોનું લોહી વહાવતા હતા, જેઓએ અલ્લાહના વલી ઉપર કુફ્ર અને દુશ્મનીની તલવાર ચલાવી, કે જેઓ તલવાર સિવાય બીજી કોઈ ભાષા સમજતા જ નથી.

પરતું સામાન્ય ઈન્સાન કે જે પોતાના રોજીંદાજીવનમાં મશગૂલ છે પોતાની જરૂરતોને પૂરી કરવા માટે મહેનત કરી રહ્યો છે. રોઝી મેળવવા માટે મહેનત કરે છે. અને કોઈપણ કારણસર જાણે-અજાણે કોઈના ફરેબમાં આવીને ભૂલ કરી બેઠે, ગુનાહ કરી નાખે, પરંતુ આ ગુનાહ અલ્લાહ અથવા અલ્લાહના વલીનો વિરોધ દર્શાવાના હેતુ-મકસદથી ન હોઈ, તો આવા ઈન્સાનોને ડરવાની જરૂરત નથી. માટે જ ઝહૂર સમયે ન ફકત શિઆઓ જ બલ્કે દુનિયાના મોટા ભાગના લોકો પોતાની પાક ફિત્રત, પવિત્ર સ્વભાવ અને હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની સિરત-રીતભાત તેમજ અખ્લાક-સારા વ્યવહારથી આકર્ષિત થઈને આપ (અ.ત.ફ.શ.)નું સ્વાગત કરશે અને આપ (અ.ત.ફ.શ.) ઉપર ઈમાન લાવશે.

સ્વભાવિક વાત છે. હઝરત મહદી (અ.ત.ફ.શ.)ના નામથી શિર્ક-કુફ્ર અને નિફાક-દંભમાં ડુબેલા ઈન્સાન ધ્રુજી ઉઠે છે. અને તેઓ (અ.ત.ફ.શ.) ના ઝહૂરથી ડરે છે. જેમ કે બની અબ્બાસના ઝાલિમ હાકીમો આપ (અ.ત.ફ.શ.)ની વિલાદતથી ડરતા હતા જેવી રીતે ફિરઔન હઝરત મૂસા (અ.સ.)ની વિલાદતથી ડરતો હતો, માટે જ અગ્યારમાં ઈમામ (અ.સ.)ને નજર કેદ રાખ્યા, પોતાના અયોગ્ય ગુમાન પ્રમાણે અલ્લાહ તઆલાએ આપેલ વાયદાવાળા ઈમામ (ઈમામે મવઉદ)ને દુનિયામાં જ ન આવવા

https://downloadshiabooks.com/

દે અથવા જો દુનિયામાં આવી જાય તો તરત જ આ આસમાની ફરઝંદને શહીદ કરી દેવાની તૈયારી કરી રાખી હતી.

માનવંતા ઈમામો (અ.મુ.સ.)ની રિવાયતોમાં જુદા-જુદા શબ્દો વડે 'નવા હુકમ'નો ઉલ્લેખ જોવા મળે છે, જે ઈમામ (અ.ત.ફ.શ.) પોતાના ઝહૂર સમયે સાથે લાવશે, જેનાથી સ્પષ્ટ થાય છે કે વાસ્તવિક ઈસ્લામ સંપૂર્ણપણે લોકો સુધી પહોંચ્યો નથી. (આ બાબત અને ઈમામ અ.ત.ફ.શ.નું તલવાર સાથે કયામ કરવો, બંને બાબતો સાથે રાખીને કોઈ ગેર સમજણ ન થાય તે માટે આ ઉદાહરણને ધ્યાનપૂર્વક વાંચો.)

શું કોઈ મોઅલ્લીમ કોઈપણ કારણસર કલાસ લેવા ન આવે પછી જ્યારે કલાસમાં આવે ત્યારેએ સબક જે શીખવ્યા ન હોઈ તેની પરિક્ષા લઈ શકે ખરો? શું મોઅલ્લીમનું આ કાર્ય યોગ્ય છે?

ઈન્સાનીયતના મહેરબાન મોઅલ્લીમ જે ઈન્સાનોની નજાત, હિદાયત અને તરબીયત માટે ઝહૂર ફરમાવવાના છે. તેનાથી આવા અયોગ્ય કાર્યની ઉમ્મીદ રાખી શકાય? આ વાત બરાબર છે કે ઈમામ (અ.ત.ફ.શ.) ઝુલ્મની બુનિયાદ રાખનાર લોકોને સખ્તીપૂર્વક પૂછપરછ કરશે, પરંતુ મોટાભાગના લોકો જે ઝુલ્મો સિતમનો શિકાર બન્યા છે તેઓની હિદાયત કરશે.

ઈમામ (અ.ત.ફ.શ.)ની તલવારનો ઝિક્ર ખાસ કરીને શિઆ સમાજમાં નવાઈ પમાડનાર અંદાજમાં કરવામાં આવે છે. સમજાતું નથી શા માટે આટલુ બધુ ડરવું જોઈએ? આપણે વારંવાર ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) અને બીજા ઈમામો (અ.મુ.સ.)ની પાકો-

https://downloadshiabooks.com/

પાકીઝા હસ્તીઓથી તવસ્સુલ કરીએ છીએ. તેઓ (અ.મુ.સ.) આપણી બૂરાઈઓ સારી રીતે જાણે છે. આપણી ભૂલો, આપણા ગુનાહો જાણવા છતાં કેટલો બધો મહેરબાની ભર્યો વર્તાવ કરે છે. આપણી હાજતો પૂરી કરે છે. આટલી બધી મહેરબાની હોવા છતાં શા માટે? માઅસૂમ ઈમામ (અ.ત.ફ.શ.)નો ડર રાખીએ છીએ.

અલ્લાહે પોતાના હબીબ પયગંબરે અકરમ (સ.અ.વ.)ને મેઅરાજની રાત્રે હઝરત મહદી (અ.ત.ફ.શ.) બાબતે ફરમાવ્યું:

‘‘તેઓ મારા હલાલને હલાલ કરશે, મારા હરામને હરામ કરશે. હું તેઓની વડે મારા દુશ્મનોથી ઈન્તેકામ લઈશ. તેના વસીલાથી મારા બંદા અને દોસ્તોને રાહત મળશે, શિઆઓ અને દર્દમંદોને શિફા મળશે.’’ – બેહારૂલ અનવાર, જિ.૩૬, પેજ.૨૪૫

ઈમામ સાદિક (અ.સ.)પોતાના સહાબી ઈબ્રાહીમને ફરમાવે છે:

‘‘અય ઈબ્રાહીમ તેઓ (અ.ત.ફ.શ.) એક લાંબી મુદ્દત સુધી ખોફ, ડર, વહેશત અને પરેશાનીમાં ઘેરાયેલ શિઆઓના દુઃખ દર્દને દૂર કરશે.’’ – બેહારૂલ અનવાર, જિ.૧૫, પેજ.૧૪૪

નવાઈની વાત એ છે જે પોતાના શિઆઓ માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરે છે, પરેશાન શિઆઓના દુઃખી દિલોને શિફા આપવા અને ગમ દૂર કરવા માટે ઝહૂર ફરમાવ્યા બાદ આવતાની સાથે જ શિઆઓનું કત્લે આમ શરૂ કરી દેશે.

સૈયદ ઈબ્ને તાઉસ ફરમાવે છે કે મેં વહેલી સવારે હઝરત સાહેબુઝઝમાના (અ.ત.ફ.શ.)ને સરદાબે મુકદ્દસમાં આ પ્રમાણે દુઆ કરતા સાંભળ્યા.

‘‘અય અલ્લાહ! તે અમારા શિઆઓને અમારા નૂરથી, અમારા બાકી બચેલા તત્વોથી ખલ્ક કર્યા છે. તેઓ અમારી મોહબ્બત અને વિલાયત ઉપર ભરોસો કરી ઘણા બધા ગુનાહો

https://downloadshiabooks.com/

કરી ચૂકયા છે. તેઓના આ ગુનાહોનો સંબંધ મારી સાથે છે. મારા હકમાં કોતાહી કરી છે તો તેઓને માફ કર, આ માફી અમારી ખુશીનું કારણ બનશે. જો તેઓએ આપસમાં એકબીજા ઉપર ઝુલ્મ કરેલા છે તો તેઓ દરમ્યાન સુલેહ કરાવી આપ, તેઓને જન્નતમાં દાખલ કર, જહન્નમની આગથી નજાત આપ અને તેઓને અમારા દુશ્મનો સાથે અઝાબમાં ભેગા ન કરજે.''

– બે.અનવાર, જિ.૫૩, પેજ.૩૦૨

બેશક દરેક શિઆઓ ઉપર ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મહેરબાની ભરી નજર છે જેના ઘણા બધા ઉદાહરણો માઅસૂમીન (અ.મુ.સ.)ની રિવાયતોમાં જોવા મળે છે.

જેમ કે, ''અમે તમારી ખુશીમાં ખુશહાલ છીએ અને તમારા ગમમાં ગમગીન થાય છીએ.'' – બે.અનવાર,જિ.૨૬, પેજ.૧૪૧

''અમારા શિઆઓમાંથી કોઈપણ બીમાર પડે છે તો અમે પણ તે બીમારી મહેસૂસ કરીએ છીએ, કોઈ ગમગીન થાય છે તો અમે પણ તેની સાથે ગમગીન થઈએ છીએ અને કોઈ ખુશહાલ થાય છે તો અમે પણ ખુશહાલ થઈએ છીએ.''

– બેહારૂલ અનવાર, જિલ્દ .૨૬, પેજ નં.૧૪૦

યાદ રહે અમે આ વાતથી લોકોના દરમ્યાન ગુનાહનો શોખ અપાવવા નથી ચાહતા કારણ કે શિઆઓના ગુનાહ સાહેબુઝઝમાન (અ.ત.ફ.શ.) ને ગમગીન કરે છે. આ વાત ધ્યાનમાં રહે કે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ના બધા સહાબીઓ સલમાન, અબુઝર, મીકદાદ એક સરખા ન હતા. ઈમામ જઅફરે સાદિક (અ.સ.)ના બે સહાબી ઝુરારાહ અને હિશામ ઈબ્ને હકમ બંને સરખા ન હતા. આઈમ્માહ (અ.મુ.સ.)ના ચાહવાવાળાઓ દરમ્યાન ફરમાંબરદાર અને નાફરમાન, આદિલ અને ફાસીક બંને પ્રકારના લોકો હતા તો શું આઈમ્માહ (અ.મુ.સ.) પોતાના

https://downloadshiabooks.com/

એવા દોસ્તો અને ચાહનારાઓ જેનાથી ગુનાહ થઈ જાય તેઓને છોડી દેતા હતા, તેઓથી સંબંધ તોડી નાખતા હતા, તેઓ ઉપર તલવાર ચલાવતા હતા? આ સવાલનો જવાબ નકારાત્મક જ હશે એટલે સુધી કે અમુક રિવાયતોમાં ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબતના ઝમાનામાં જીવન વીતાવનાર મોઅમિનોને બીજા અઈમ્માહ (અ.મુ.સ.)ના ઝમાનામાં જીવન વીતાવનાર કરતા વધારે મહત્વતા આપવામાં આવી છે. કારણ કે તેઓ અઈમ્માહ (અ.મુ.સ.)ની હાજરીમાં જીવન વીતાવતા હતા અને આ પાકીઝા હસ્તીઓથી જાહેરમાં ફાયદો મેળવતા હતા. પોતાના સવાલોના જવાબ તેઓ (અ.મુ.સ.) પાસેથી મેળવી શકતા હતા. તેઓ (અ.મુ.સ.)ની મુલાકાત કરી શકતા હતા, પરંતુ ગૈબતના ઝમાનામાં શિઆઓની હાલત એવા ફરઝંદો જેવી છે, કે જેના મહેરબાન વાલિદે બુઝુર્ગવાર મુસાફરીમાં હોય અને તેઓ પોતાના વાલિદની મોહબ્બત ભરી સરપરસ્તીથી મહેરૂમ હોય.

સૈયદ હલ્લાવી પોતાના એક કસીદામાં ગૈબતના ઝમાનામાં શિઆઓની મુશકેલીઓ, દુઃખ દર્દો અને રંજોગમની ફરિયાદ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)થી કરી. આ કસીદો નજફે અશરફની એક મહેફિલમાં પઢવામાં આવ્યો, પછી જ્યારે નજફે અશરફના એક બુઝુર્ગને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની મુલાકાતનો શરફ નસીબ થયો ત્યારે આપ (અ.ત.ફ.શ.)એ પૈગામ આપ્યો કે ''સૈયદ હૈદર (હલ્લાવી)ને કહો કે મારા દિલને આટલું બધું બેચેન ન કરો. આ કામ મારા હાથમાં નથી. અલ્લાહ તઆલાના હાથમાં છે. આપ અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરો કે મારા ઝહૂરને આસાન બનાવી દે.'' (સૈયદ હૈદર ઈબ્ને સૈયદ સુલૈમાન હિલ્લી મશહૂર શાઈર હતા)

https://downloadshiabooks.com/

ટૂંકમાં હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તી ઉપર નુકતાચીનીથી પરહેઝ કરવી જોઈએ.

લોકોના વચ્ચે ઝહૂર બાબતે ડર અને વહેશતનું વાતાવરણ બનાવવામા આવે છે કે જેમ કે અમુક ગુંડા અને મવાલી લોકો કોઈ શરીફ ખાનદાનના જવાનને બહેકાવી અને ખરાબ કાર્યોમાં લગાડી દે પછી જ્યારે આ જવાન પોતાના ખાનદાન તરફ પલટવા ચાહે ત્યારે તેને કહેવામાં આવે જો તું પાછો જઈશ તો તારા વાલિદ તને સજા આપશે અને શકય છે તને કત્લ કરી નાખે!

શૈતાનના પ્રતિનિધીઓએ કેટલાય ઈન્સાનોને પોતાના રૂહાની વાલિદની છત્રછાયાથી મહેરૂમ કરી દીધા છે અને તેઓને ડર લાગે છે કે ભટકેલા ઈન્સાનો પોતાના રૂહાની વાલિદની છત્રછાયા તરફ પાછા ફરી જશે તો, માટે જ તેઓ (અ.ત.ફ.શ.)ની તલવારથી ડરાવે છે.

## આપણા પોતાના હાથે જ ઉભી કરેલ મહેરૂમીયત

એક લાખ અને ચોવીસ હજાર પયગંબરોને અલ્લાહ સુબહાનહુએ ઈન્સાનોની હિદાયત માટે મોકલ્યા હતા, પરંતુ ઈન્સાનોએ અલ્લાહના આ પ્રતિનિધિઓ સાથે કેવો વ્યવહાર કર્યો!!? અમુકને કરવતથી કાપી અને બે ટુકડા કરી નાખ્યા, અમુકને જીવતા આગમાં સળગાવી નાખ્યા, અમુકના સરને મઝલૂમી સાથે શરીર થી જુદા કરી નાખ્યા,અમુકને મજનૂન કહ્યા, અમુકને જાદુગર કહ્યા, થોડાક મોઅમિનો સિવાય તેઓ ઉપર કોઈ ઈમાન ન લાવ્યું.

https://downloadshiabooks.com/

શિઆઓના અગિયાર ઈમામો (અ.મુ.સ.)ને પણ ઝાલિમ હાકિમોએ એક પછી એકને પરદેશમાં મઝલૂમ બનાવી શહીદ કરી નાખ્યા.

હવે ઈન્સાનોની નજાતનો ફકત એક જ સહારો બાકી રહ્યો છે. તેના સિવાય નજાતનો અન્ય કોઈ રસ્તો નથી. આપણે જોઈએ કે અલ્લાહ તઆલાનો બચાવેલો ખજાનો (જે બધા નબીઓ અને વસીયોના વારસદાર) છે. તેની પનાહમાં આવીએ અને તેઓની પાકીઝા બારગાહ સાથે જોડાઈ જઈએ, જે હાદી પણ છે અને મહદી પણ છે.

શિઆ સમાજની એક મોટી મુશ્કેલી આ છે કે જેમ જેમ સમય વીતતો જાય છે તેમ નવી પેઢીઓમાં ગયબતે ઈમામ (અ.ત.ફ.શ.) તરફ તવજ્જોહ ઓછી થતી જાય છે. અમુક લોકોએ ગયબતે ઈમામ (અ.ત.ફ.શ.) જેવા મહત્વપૂર્ણ વિષયને એક સામાન્ય વિષયની જેમજ કબૂલ કરી લીધો છે અને તેઓ એવું ગુમાન કરે છે કે વિરોધીઓ તથા ચાહનારાઓના કિરદારનો ગૈબતની મુદ્દત લાંબી થવા પર કોઈ અસર જ નહી થાય કારણકે ગૈબત જરૂરી છે.

આ મૂળ બાબત તરફ ધ્યાન આપવું જરૂરી છે કે અલ્લાહ તઆલાએ ઈન્સાનને આઝાદી આપી અને બૂરાઈ તથા ભલાઈ સમજવાની શકિત આપી છે. જો આવું ન હોત તો સજા અને ઈનામનો કાંઈ અર્થ જ ન હોત. જન્નત જહન્નમ, હિસાબ કિતાબ વગેરે બધુ જ વ્યર્થ/નકામુ થઈ જાત. ગુનેહગારથી કોઈ પૂછપરછ ન થાત, ન તેઓને કોઈ સજા મળત, નેક કાર્ય કરનાર ઈનામનો

https://downloadshiabooks.com/

હકદાર ન બનતે, માટે જ અલ્લાહ તઆલાએ લોકોને નબીઓની દાવત કબૂલ કરવા પર મજબૂર નથી કર્યા, અલ્લાહના નબીઓ પણ ફકત ખુશખબરી આપવા અને ડરાવવાનું કામ કરતા હતા. માઅસૂમીન (અ.મુ.સ.)ની પણ આજ રીત હતી બલ્કે એમ કહી શકાય છે કે નબીઓ અલ્લાહ સુબ્હાનહુનો પૈગામ પહોંચાડવા માટે લોકો પાસે આવતા હતા જ્યારે લોકોને અઈમ્માહ (અ.મુ.સ.) પાસે પૈગામ લેવા જવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## ઈમામ (અ.ત.ફ.શ.)થી તમસ્સુક (વળગી રહેવું) જ ખુશનસીબીનું કારણ છે

અઈમ્માહ (અ.મુ.સ.) તરફથી જે રિવાયતો આપણા સુધી પહોંચી છે. તેમાં ઈમામ (અ.સ.)ને કાબાની સાથે સરખાવવામાં આવેલ છે. લોકો મુસાફરીની તકલીફો વેઠી ખાન-એ-કાબાની ઝિયારત માટે જાય છે. દિલો-જાનથી તેનો તવાફ કરે છે, પરંતુ કાબા કોઈની મુલાકાત માટે પોતાની જગ્યાએથી જતો નથી.

અલ્લાહ તઆલાએ લોકોને આપણા માઅસૂમ રહેબર અઈમ્માહ (અ.મુ.સ.) ખાસ કરીને સૈયદુશ્શોહદાની શહાદત, ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબત, અને તેઓ (અ.મુ.સ.) સાથે થનાર ખરાબ વર્તન વગેરે ગમનાક બનાવોની ખબર આપી હતી. તેનો મતલબ એમ નથી કે આપણે એમ સમજી લઈએ કે આ બધા બનાવો બનનાર જ છે તેમાં કાંઈપણ ફેરફાર થશે નહી, બલ્કે આ ખબર આપવાની એક હિકમત એવી પણ હોઈ શકે કે જેવી એક મહેરબાન પિતા પોતાના ફરઝંદની ભલાઈ માટે તેને

https://downloadshiabooks.com/

નસીહત કરે, ખરાબ અને ગુમરાહ દોસ્તો સાથે રહેવાના નુકસાનો અને પરિણામો બયાન કરે, જેથી આ ફરઝંદ બૂરા પરિણામોને ધ્યાનમાં રાખી પોતાની ભૂલ સુધારી લે.

અફસોસની વાત છે અમુક લોકો એવું ગુમાન કરે છે કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબત ચોકકસ મુદ્દત માટે છે. જ્યાં સુધી અલ્લાહ તઆલા ચાહશે, તેઓ ગૈબતના પરદામાં રહેશે તે દરમ્યાન આપણે આપણી વ્યક્તિગત જવાબદારીઓ અદા કરતા રહેવું જોઈએ. અમુક લોકો આ રીતે બયાન કરે છે કે જ્યારે અલ્લાહ તઆલા ચાહશે ત્યારે તેઓ (અ.ત.ફ.શ.) તશરીફ લાવશે અને દુનિયાની સુધારણા કરશે અને એવું ગુમાન કરે છે કે, અત્યારે દુનિયા ઈમામ(અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે તૈયાર નથી, ખબર નથી કયારે દુનિયા ઈમામ(અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે તૈયાર થશે?

આ બંને પ્રકારના લોકોને જવાબ આપવો જોઈએ. જો અમુક ખુદાના ખાસ બંદાઓની દુઆ સાથે ઝહૂરનો કાંઈપણ સંબંધ ન હોઈ તો ઈન્સાનોને નજાત આપનારના ઝહૂર માટેની દુઆ કરવાનું શા માટે અઈમ્માહ (અ.મુ.સ.) એ ભારપૂર્વક કહ્યું છે? શું કુરઆને શરીફમાં સુન્નતે ઈલાહી ઊપર આ રીતે ભાર નથી આપવામાં આવ્યો કેઃ

إِنَّ اللَّهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتَّىٰ يُغَيِّرُوا مَا بِأَنْفُسِهِمْ

‘‘અલ્લાહ ત્યાં સુધી કોઈ કોમની હાલત નથી બદલતો જયાં સુધી એ (કોમ) પોતાનામાં બદલાવ ન લાવે.’’

– સૂરએ રઅદ, આ.૧૧

હવે આપણે શું કરવુ જોઈએ ? આ મુશ્કેલીમાંથી કેવી રીતે નજાત પામશું? કેવી રીતે આ મહેરૂમીયતને દૂર કરશુ ? કેવી રીતે

https://downloadshiabooks.com/

ગૈબતના અંધકાર ભર્યા રસ્તાને પસાર કરી ઝહૂરની નૂરાની દુનિયા સુધી પહોચીશું? કેવી રીતે હકીકી જીવન પાછું લાવી શકશું? શું એક હજાર ચારસો વર્ષ જૂના ઝખ્મ ઊપર મલમ લગાડી, તેનો ઈલાજ કરવો શક્ય છે?

અમુક રિવાયતોથી જાણવા મળે છે કે શિઆઓના આમાલને કારણે ગૈબતની મુદ્દત લાંબી થાય છે.

જયારે આવી હાલત છે ત્યારે બહેતર છે કે ખાનદાને વહીના નૂરાની કલેમાત, દુનિયાને નજાત આપનારના પૈગામ તરફ રજૂ કરવામાં આવે, ખુશનસીબીથી, મહેરબાન અલ્લાહની મહેરબાની થકી તેમજ અઈમ્માહ (અ.મુ.સ.)ની હમદર્દીને કારણે ઈસ્લામની શરૂઆતના ઝમાનામાં અને ખાસ કરીને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબતના શરૂઆતના ઝમાનામાં જ સ્પષ્ટ રીતે નજાતનો રસ્તો બતાવી દેવામાં આવ્યો હતો. કારણ કે, હિદાયત ઈમામ (અ.સ.)ની જવાબદારી છે અને તેઓ (અ.મુ.સ.)એ કોઈ દિવસ પણ પોતાની જવાબદારી અદા કરવાનું (હિદાયત કરવાનું) ચૂક્યાં નથી.

બેશક આ હિદાયતના કાનૂન પર અમલ કરવાથી જ મહેરૂમીયતથી નજાત હાંસિલ કરી શકાય છે તેજ ખુશનસીબીનું કારણ છે. તેમાંજ દુનિયા અને આખેરતની ઈઝ્ઝત છે અંત ભલાઈ સાથે થવાની પહેલી શર્ત એ છે કે, અલ્લાહે બનાવેલા સીધા રસ્તા ઊપર ચાલવું જોઈએ. સીધા રસ્તા ઉપર કાયમ રહેવા માટે પોતાના ઈમામ (અ.સ.)ની ઈતાઅત જરૂરી છે આ ઈતાઅતમાં જ શિય્યતની રૂહ સમાયેલ છે.

https://downloadshiabooks.com/

# નજાતના રસ્તાની નિશાનીઓ

જો આપણો મકસદ એમ હોય કે ઝહૂર જલ્દી થાય, હઝરત સાહેબુઝ્ઝમાન (અ.ત.ફ.શ.)ની મુલાકાતના દિવસો જલ્દી આવે તો હઝરત તરફથી આવેલ તોકીઆત (ઈમામ અ.સ.ના પત્રો), સાચા સ્વપ્નો, મુકાશેફએ રહેમાની તથા જે લોકોને વલીએ ખુદાની મુલાકાતનો શરફ નસીબ થયો છે, તેના વિશે ચિંતન-મનન કરવું જોઈએ, જો આ પ્રમાણે કરશું તો ત્રણ પ્રકારના માર્ગદર્શન ધ્યાનમાં આવશે.

૧) ગયબતે સુગરાના દિવસો દરમ્યાનમાં થયેલ માર્ગદર્શન
૨) ઈમામ (અ.ત.ફ.શ.) તરફથી શૈખ મુફીદને મળેલ પત્રમાં થયેલ માર્ગદર્શન
૩) પત્રો આવવાની શરૂઆત થઈ ત્યારથી અત્યારના ઝમાના સુધી થયેલ માર્ગદર્શન

# ગૈબતે સુગરાના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ફરમાનો

ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)એ ગૈબતે સુગરાના ઝમાનામાં પોતાના બીજા નાયબ મોહમ્મદ ઈબ્ને ઊસ્માન (રહે.)ની મારફત બધા શિઆઓને સંબોધીને ફરમાવ્યું હતું કે ''ઝહૂર માટે વધારેમાં વધારે દુઆ કરો કારણ કે તેમાં તમારા લોકોની ભલાઈ અને આસાની છે.'' – કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ નં.૪૮૫

* ઈમામ (અ.ત.ફ.શ.)ના ફરમાનમાં બે અગત્યના મુદ્દા છે :

૧) ખૂબજ દુઆ માંગવી, અમુક સમય દુઆ માંગવા ઊપર બસ ન કરવું જોઈએ હકીકત પણ આજ છે કે ઈન્તેઝાર

https://downloadshiabooks.com/

કરનાર લોકોના દિલ ઝહૂરની ઈચ્છાથી નાઉમ્મીદ નથી થતા.

૨) બધા કામોની આસાની ફકત અને ફકત ઈમામ (અ.ત.ફ.શ.)ના ઝહૂર સાથે જોડાયેલ છે

મિક્યાલુલ મકારીમ નામની કિતાબમાં છે કે જયારે ઈસ્લામી દેશો ઊપર કાફિરોનો કબ્જો હતો, લોકો પરેશાની અને ગમગીનીની હાલતમાં જીવન વીતાવતા હતા ત્યારે એક પરહેઝગાર ખાતૂને એક બુઝુર્ગ આલિમને સ્વપનમાં જોયા તેઓએ ફરમાવ્યું,

''જો કોઈ મોઅમિન પોતાની નમાઝ બાદ કર્ઝદાર, બીમાર અથવા મુસીબતમાં ઘેરાયેલ માણસ જે રીતે પોતાની મુસીબત દૂર થવા માટે દુઆ માંગતો હોય તેવી જ રીતે ઈમામ (અ.ત.ફ.શ.)ની જુદાઈના ગમમાં તૂટેલા અને બેચેન દિલથી પરેશાન થયેલ હાલતમાં ઝહૂર માટે દુઆ માંગશે, તો તેને બેમાંથી એક ચીઝ જરૂર મળશે.

૧) ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)નો ઝહૂર જલ્દી થઈ જશે.

૨) દુઆ કરનાર મોઅમિનની પરેશાની દૂર થઈ જશે, તેને ફિત્નાથી નજાત મળશે અને તેના જીવનમાં ખુશહાલી પાછી આવી જશે.'' – મિકયાલુલ મકારીમ, જી.૧, પેજ.૪૬૦

ઈમામ હસને અસ્કરી (અ.સ.)એ એહમદ ઈબ્ને ઈસ્હાકને કહ્યું કે ''અલ્લાહની કસમ મારા ફરઝંદની એવી ગૈબત હશે જેમાં હલાકતથી કોઈપણ બચી શકશે નહીં, સિવાય તે ઈન્સાન જેને અલ્લાહ ઈમામતના અકીદા ઊપર સાબિત કદમ રાખે અથવા જેને ઝહૂર માટે દુઆ કરવાની તોફીક અતા ફરમાવે.''

– કમાલુદ્દીન, જિ.૨, પેજ.૩૮૪

https://downloadshiabooks.com/

જો ગૈબતે સુગરાના ઝમાનામાં ઈમામ (અ.ત.ફ.શ.)ના ફરમાનો ઊપર અમલ કર્યો હોત તો આપણને આ મહેરૂમીયતથી નજાત મળી ગઈ હોત, પરંતુ અફસોસ કે આપ (અ.સ.)ના બતાવેલા રસ્તા ઊપર ન ચાલ્યા, અમલ ન કર્યો. આજ પ્રમાણે ગૈબતની મુદ્દત લંબાતી ગઈ શેખે મુફીદને લખવામાં આવેલ પત્ર ઊપર પણ અમલ કરવામાં આવ્યો હોત તો પણ નજાતનો સામાન મળી જાત અને દીદારની ખુશનસીબી મેળવવામાં મોડું ન થાત, પરંતુ અફસોસ કે અત્યાર સુધી શિઆઓએ આ બાબતે જેવો અમલ કરવો જોઈએ તેવો અમલ કર્યો નથી, નજાતનો એક માત્ર રસ્તો જે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ઈમામતનું યકીન અને આપ (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂરની દુઆ કરવાનો છે લોકોએ જેને હજી સુધી અપનાવેલ નથી.

## હઝરત બકીય્યતુલ્લાહ (અ.ત.ફ.શ.)નો એક પત્ર શૈખ મુફીદ (રહે.)ને સંબોધીને

આ પત્ર ગયબતે કુબરાની શરૂઆતના ઝમાનામાં શૈખ અબુ અબ્દિલ્લાહ મોહમ્મદ ઈબ્ને નોઅમાન મુફીદ (રહે.)ને મળેલો છે જેઓની ગણતરી એક મહાન ફકીહમાં થતી હતી. આમાં નોંધપાત્ર બાબત એ છે કે ૯૦ વર્ષની મુદ્દતને પણ લાંબી ગણી અને લોકોને જાગૃત કરવા માટે ખાસ બાબત તરફ ધ્યાન દોર્યુ છે. આ પત્ર બહુજ લાંબો છે. અમે માત્ર તેનો અમુક ભાગ જ અહીં રજૂ કરીએ છીએ.

‘‘જો અમારા શિઆઓ (અલ્લાહ તેઓને ઈતાઅતની તોફીક આપે) એક દિલ થઈ પોતાનાં વાયદા વચન પ્રમાણે અમલ

https://downloadshiabooks.com/

કરત તો અમારી મુલાકાતમાં મોડું ન થાત, દીદારની ખુશનસીબી અને માઅરેફત મળી જાત, તેઓને બહુ જ જલ્દી અમારી મુલાકાતનો શરફ હાંસિલ થઇ જાત, તેઓના ગુનાહો અને ભૂલોના કારણે અમે તેઓથી દૂર છીએ (ગૈબતની મુદ્દત લંબાઇ છે) પણ અમે તેઓ પાસેથી આવા ગુનાહ કે ભૂલની ઉમ્મીદ નથી રાખતા.''

– બેહારૂલ અનવાર, જિ.૧૨, પેજ નં.૧૭૩/૧૭૬

પત્રમાં બે ચીઝ નોંધપાત્ર છે :

૧) ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ફરમાબરદારી અને વફાદારીમાં શિઆઓની કોતાહી. (શિઆઓની ભૂલ)

૨) શિઆઓ દ્વારા ગુનાહ કરવા.

આ બાબતે ધ્યાન દોરવું જરૂરી છે. ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) પ્રત્યેની પોતાની જવાબદારી અદા ન કરવી એજ બધા ગુનાહોનું મૂળ છે.

આ પત્ર હિજરી ૪૧૨ ના અંતમાં આવ્યો હતો અત્યારે હજાર વર્ષ કરતા પણ વધારે સમય વીતી ગયો છે છતાં હજી સુધી કોઈપણ બાબતે શિઆઓ દરમ્યાન એકતા નથી થઈ, ઈમામ (અ.સ.) સાથે કરેલા વચન–વાયદાઓ શિઆઓએ વફા નથી કર્યા.

અફસોસ આપણી કોતાહી અને વાયદા ખિલાફીને કારણે પૂરી દુનિયા મહાન ઈલાહી નેઅમતથી મહેરૂમ છે અને ગફલતનો સિલસિલો હજી સુધી ચાલું છે. હઝરતે પોતેજ ઈરશાદ ફરમાવ્યું કે,

''ગૈબતના ઝમાનામાં મારાથી એવી રીતે ફાયદો મળશે જેવી રીતે વાદળ પાછળ છુપાયેલ સૂરજથી ફાયદો મળે છે.''

– કમાલુદ્દીન, જિ.૨, પેજ નં.૪૮૫

https://downloadshiabooks.com/

હઝરતના આ ફરમાન મુજબ સૂરજનું ગાયબ થવાનું કારણ વાદળમાં જ સમાયેલ છે. પરંતુ સૂરજ તો રોશન જ છે. બિલ્કુલ એવી જ રીતે ઈમામતનો સૂરજ પણ મહેરબાની ભર્યો છે, પરંતુ લોકો તેઓની ઈલાહી સરકાર કબૂલ કરવા માટે તૈયારી દર્શાવતા નથી, લોકોએ પોતાના ગુનાહોને કારણે આ મહેરબાન હસ્તીને ગૈબતના પરદામાં પોશીદા-ગાયબ રાખેલ છે.

શૈખ તૂસી ફરમાવે છે કે લોકોની ઈતાઅત ન કરવી અને હક નાબૂદ થઈ જવાનો ડર જ ગૈબતનું કારણ છે. જયારે આ અડચણ દૂર થઈ જશે, લોકો ઈતાઅત માટે તૈયાર થઈ જશે, ત્યારે ઝહૂર જરૂરી થઈ જશે.

ખ્વાજા નસરૂદ્દીન તૂસીનું આ બાબતની સ્પષ્ટતા કરતું મશહૂર કથન આ પ્રમાણે છે.

‘‘ઈમામની હસ્તી અલ્લાહની મહેરબાની છે તેઓ (અ.સ.)ની મારફત લોકોની હિદાયત કરવી તે પણ અલ્લાહની મહાન મહેરબાની છે. તેઓ (અ.ત.ફ.શ.)ની ગૈબત આપણી (ભૂલોને) કારણે છે.’’

આ બાબતે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)નો આસમાની ફેસલો સંભળાવનાર વાકય જેમાં લોકોના ચૂપ રહેવા તથા અમલમાં ગફલતના કારણે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને ખાનાનશીન થઈ જવું પડ્યું હતુ તેની મઝિમ્મત/ટીકા કરતા આ પ્રમાણે ફરમાવ્યું.

‘‘ઈમામની મિસાલ ખાન-એ-કાબા જેવી છે લોકોને તેની પાસે જવું જોઈએ તે કોઈની પાસે નથી જતું.’’

– બેહારૂલ અનવાર, જીલ્દ.૫૩, પેજ.૩૫૩

https://downloadshiabooks.com/

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ઈન્સાનોના કાબા છે. જો ઈન્સાનને પોતાની દુનિયા અને આખેરતની ભલાઈ જોઈતી હોય તો તેની પાકીઝા હસ્તીની આસપાસ પરવાનાની જેમ તવાફ કરવો જોઈએ.

શું ઈન્સાન પાસે પોતાની નજાત માટે અલ્લાહની ઈતાઅત, ફરમાને ઈલાહીની સામે જૂકી જવા અને અહલેબૈત (અ.મુ.સ.) પાસે રજૂ થવા સિવાય બીજો કોઈ રસ્તો છે ?

## ગૈબતમાં એકલતા

ઈમામ સાદિક (અ.સ.)ને જોવામાં આવ્યા કે આપ (અ.સ.) એવી રીતે રડતા હતા જેવી રીતે કોઈ માઁ પોતાના બાળકને ગુમાવી બેસવાના ગમમાં રડતી હોય અને ફરમાવતા હતા.

''અય અઝીઝ ! આપની ગૈબતની ખબરે મારી આંખોની નીંદ છિનવી લીધી છે. મારા દિલને બેચૈન કરી નાખ્યું છે. મારા દિલને પરેશાન કરી નાખ્યું છે. મારા દિલની શાંતિને ખત્મ કરી નાખી છે. આપની ગૈબતની ખબરને કારણે મારા ઊપર એક અસહ્ય મુસીબત આવી પડી છે. જેનાથી છુટકારો મુશ્કેલ છે.''

– બેહારૂલ અનવાર, જીલ્દ.૧૫, પેજ.૨૧૯

શું તમને ખબર છે કે માઅસૂમીન (અ.મુ.સ.)ની રિવાયતમાં અહલેબૈત (અ.મુ.સ.)ના ચાહવાવાળાને તથા શિઆઓને મોવૂદે આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઝહૂરની દુઆ માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે? ગૈબતે કુબરાના અગિયારસો વર્ષના લાંબા સમયગાળામાં દુનિયામાં જે કાંઈપણ ઝુલ્મો–સિતમ થઈ રહ્યા છે, ગુનાહો થઈ રહ્યા છે, બિદઅત થઈ રહી છે, નાહક ખૂન વહેવડાવવામાં આવી રહ્યું છે, મઝલૂમની આંખમાંથી આંસુ વહી રહ્યા છે, દુઃખ અને દર્દમંદ લોકોની આહો નીકળી રહી

https://downloadshiabooks.com/

છે, આ દરેક બાબત તે બુઝુર્ગવારની નજરની સામે છે તેઓના પાકીઝા દિલને ગમગીન કરી રહી છે. શું આ વાત સાચી નથી કે આખરી હુજ્જતની મઝલૂમીયત અને ગમ તમામ અહલેબૈત (અ.મુ.સ.)ની મઝલૂમીયત અને ગમ કરતા વધારે છે? મહાન પયગંબરે અકરમ (સ.અ.વ.)ની રહેલત બાદ જનાબે ફાતેમા ઝહરા (સ.અ.)નો રંજોગમ અને ગિર્યા દિલને દુઃખી કરનાર, દિલને બાળનાર હતા, પરંતુ બે મહિનાથી વધારે ન હતા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની સામાજિક જીવનથી દૂરીનો ઝમાનો લગભગ ૨૫ વર્ષનો હતો, બાબુલ હવાએજ હઝરતે મૂસા ઈબ્ને જઅફર (અ.સ.)ની કૈદની મુદ્દત વધારેમાં વધારે ૨૧ વર્ષની હતી, પરંતુ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની વિલાદતને આજે હજાર વર્ષ ઊપર થયા છતાં પણ જમીન ઊપરનો સૌથી વધારે બહાદુર અને શક્તિશાળી ઈન્સાન હજી સુધી ગૈબતના પરદામાં છે.

કેવી સબ્ર! કેવી અડગતા! કેવી સહનશીલતા! કેવો દર્દભર્યો ઈન્તેઝાર! સ્વભાવિક રીતે જયારે કોઈ એક કુટુંબ અથવા તેનો કોઈ સભ્ય મુશ્કેલીમાં હોય તો તેની કૌમના માણસો અથવા ઓળખીતા લોકો તેની મદદ કરવા માટે તેનો સાથ આપવા માટે તૈયાર દેખાય છે, પરેશાન થાય છે, મુશ્કેલી દૂર કરવા માટે પોતાનો માન-મરતબો ભૂલી મહેનત કરવામાં લાગી જાય છે, વારંવાર આવા બનાવો જોવા મળે છે.

શું શિઆ અકાએદની તાલીમ પ્રમાણે ઈમામ (અ.ત.ફ.શ.) આપણને માં-બાપ, ઔલાદ વગેરે કરતા પણ વધારે વ્હાલા ન હોવા જોઈએ ? શું ઝિયારતે જામેઆ કબીરામાં આ પ્રમાણે નથી?

https://downloadshiabooks.com/

بِأَبِي أَنْتُمْ وَاُمِّي نَفْسِي وَاَهْلِي وَمَالِي

“મારા માં-બાપ, જાન-માલ, ઔલાદ, કુટુંબ-કબીલો બધુજ તમો અહલેબૈત (અ.મુ.સ.) ઊપર કુરબાન થાય.”

તો આવો, ગુનાહોને છોડી દઈએ અને વચન આપીએ કે હઝરતના ઝહૂર માટે દુઆ કરી ગૈબતનું બંધન તોડી નાખીએ આપણા મહેરબાન મૌલાને ગૈબતની મુસીબતમાંથી છુટકારો આપીએ.

ઘણી વખત જોવામાં આવે છે કે કોઈ મુસાફર પાછો આવવામાં મોડું કરે ત્યારે તેના સગા-વ્હાલાઓ પરેશાન અને બેચેન થઈ જાય છે. ડર લાગે છે કયાંક કોઈ અણબનાવ ન બન્યો હોય માટે તેને શોધવા નીકળી પડે છે. અલ્લાહની આખરી હુજ્જતને મોડું થવાથી શિઆ સમાજ કેટલો પરેશાન છે તે સમજવા ચિંતન-મનન કરીએ.

આપણે જોઈએ છીએ અને સાંભળીએ છીએ કે જો કોઈ ઈન્સાનને કોઈ પણ વાંક કે ગુનાહ વગર મઝલૂમી સાથે કત્લ કરવામાં આવ્યો હોય, તો તેના સગા-વ્હાલાઓ કાતિલના કિસાસ સિવાય કોઈ ચીઝ ઊપર રાજી નથી થતા, આ પ્રમાણે થોડુંક સુકુન મળે છે. જો આ નાહક વહેનાર ખૂન સારલ્લાહનું હોય, હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.) અને સૈયદતુન્નિસાઈલ આલમીનની ગોદમાં પરવરિશ પામનાર ફરઝંદનું ખૂન હોય, જન્નતના જવાનોના સરદાર, એમના ફરઝંદો, એમના સાથીઓનું ખૂન હોય, પાકો-પાકીઝા અહલેબૈત (અ.મુ.સ.)ના દોસ્તોનું ખૂન હોય તો શું કરવું જોઈએ ?

https://downloadshiabooks.com/

શું આપણે દુઆએ નુદબામાં નથી પઢતા કે મૌલા હુજ્જતિબ્નીલ હસન (અ.ત.ફ.શ.) શહીદે કરબલાનું નાહક વહેનાર ખૂન તેમજ હઝરત ઝહરા (સ.અ.)ના ખૂનનો ઈન્તેકામ–બદલો લેનાર છે.

અલ્લામા અમીનીનું બયાન છે કે જયારે હઝરત ઝહરા (સ.અ.)ના પહેલુએ મુબારક ઊપર દરવાજો પડયો ત્યારે આપ (સ.અ.)એ ફરિયાદ બુલંદ કરી 'અય મારા ફરઝંદ! મહદી'

ઈમામ બાકિર (અ.સ.)ની રિવાયત છે. તે લાકડા જેનાથી અમારી દાદી સિદ્દીકાએ તાહેરા (સ.અ.)ના દરવાજા ઊપર આગ લગાડવામાં આવી હતી, તેનો બાકી બચેલ ભાગ અમારી પાસે છે, અમે એકબીજાને સોંપતા રહીએ છીએ, એટલે સુધી હઝરત કાએમ (અ.સ.) સુધી પહોંચી જશે.

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે કે ''અમારા શિઆઓ ઊપર અમારા અમુક હકો છે જેમાંથી એક હક એ છે કે દરેક વાજિબ નમાઝ પછી પોતાના જમણા હાથને હડપચી પર રાખી ત્રણ વખત આ પ્રમાણે દુઆ માંગે.''

يَا رَبِّ مُحَمَّدٍ عَجِّلْ فَرَجَ آلِ مُحَمَّدٍ يَا رَبِّ مُحَمَّدٍ إِحْفِظْ غَيْبَةَ آلِ مُحَمَّدٍ يَا رَبِّ مُحَمَّدٍ اِنْتَقِمْ لِابْنَةِ مُحَمَّدٍ

''અય મોહમ્મદ (સ.અ.વ.)ના પરવરદિગાર! આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની ઝહૂર માટે જલ્દી કર, અય મોહમ્મદ (સ.અ.વ.)ના પરવરદિગાર! ગૈબતમાં કાએમે આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની હિફાઝત ફરમાવ, અય મોહમ્મદ (સ.અ.વ.)ના પરવરદિગાર! મોહમ્મદ (સ.અ.વ.)ની દુખ્તરનો ઈન્તેકામ લે.''

– સહીફ એ મહદીયાહ, પેજ નં.૧૯૫

https://downloadshiabooks.com/

દેઅબલે ખુઝાઈ કે જે શિઆ ઈતિહાસના મશહૂર અને બહાદુર શાયર છે તેઓ ઈમામ રઝા (અ.સ.) પાસે કસીદો પેશ કરતા આ બૈત-પંક્તિ ઊપર પહોંચ્યા જેનો તરજૂમો આ પ્રમાણે છે.

આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની એક પાકીઝા હસ્તીની કબ્ર મુબારક બગદાદમાં છે. અલ્લાહે જેમને જન્નતમાં જગ્યા આપી છે.

ઈમામ રઝા (અ.સ.)એ ફરમાવ્યું ''હું આપના કસીદામાં બે બૈત-પંક્તિ વધારી દઊં જેથી તમારો કસીદો સંપૂર્ણ થઈ જાય.''

દેઅબલે જવાબ આપ્યો 'બેશક! અય ફરઝંદે રસૂલ'

પછી ઈમામ (અ.સ.)એ આ મુજબ બે બૈત-પંક્તિ ઈરશાદ ફરમાવી.

એક કબ્ર તૂસમાં પણ હશે કેવી મુસીબતની હાલતમાં જે ઈન્સાનોની અંદર આગ લગાડી દેશે, આ હાલત ત્યાં સુધી રહેશે કે અલ્લાહ અમારા કાએમ (અ.ત.ફ.શ.)ને મોકલશે તે અમારા રંજો-ગમને દૂર કરશે.

આ રિવાયત પ્રમાણે હઝરત સાહેબુઝઝમાના (અ.ત.ફ.શ.)નું ઝહૂર હઝરત ઈમામ રઝા (અ.સ.) માટે કેટલું અગત્યનું છે.

ઝિયારતે નાહિયાએ મુકદ્દસમાં ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) હઝરત અબા અબ્દીલ્લાહ (અ.સ.)ને સંબોધીને ફરમાવે છે કે,

''અય મારા ગરીબ-બેવતન જદ્દ ! જોકે ઝમાના પ્રમાણે હું આપના પછીના ઝમાનામાં આ દુનિયામાં જાહેર થયો, તકદીરે મને આપની મદદ કરવાથી રોકયો, આપના સામે લડનારા લોકો ઊપર તલવાર ન ચલાવી શકયો, (તે અફસોસની વાત છે પરંતુ

https://downloadshiabooks.com/

હવે) હું આપની ઊપર સવાર–સાંજ રડીશ અને લોહીના આંસુ વહાવીશ.''
– સહીફ એ મહદીયાહ, પેજ નં.૫૮૪

આ ગમનાક બનાવને આજે લગભગ ૧૪૦૦ વર્ષ થવા આવ્યા છે. હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.)ની મુસીબત અને શહાદત તેમજ તેઓના ખાનદાનનું કેદી બનવું, ખાસ કરીને સબ્ર અને શુજાઅતનો નમૂનો એવા જનાબે ઝૈનબ (સ.અ.)નું કેદ થવું જેના કારણે મૌલાની આંખોમાંથી આજે પણ ખૂનના આંસુ જારી છે. આપણા વલીએ નેઅમત આજે પણ હઝરત સૈયદુશ્શોહદા ઊપર નૌહા ગિર્યા કરી રહ્યા છે. તો આપણી જવાબદારી શું છે ?

શું આપણે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના આંસુઓ રોકવા માટે કાંઈક કરવું ન જોઈએ? શું ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ ન કરવી જોઈએ? જેથી આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના દુશ્મનો અને કાતિલોથી ઈન્તેકામ લઈ શકે.

મિકયાલુલ મકારીમના લેખક ફરમાવે છે કે સાહેબુઝઝમાન (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે દુઆ કરવામાં ભરપૂર સવાબ છે જો સાહેબુઝઝમાન (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે દુઆ કરવાનો કાંઈપણ સવાબ ન હોત તો એટલું જ પૂરતું છે કે હઝરત સૈયદુશ્શોહદાના ખૂનનો ઈન્તેકામ જે દરેક મોઅમિનની જવાબદારી છે અને જે હઝરત મહદી (અ.ત.ફ.શ.)ના વસીલાથી પૂર્ણ થવાની છે, કારણકે હઝરત સૈયદુશ્શોહદા ઈમામ (અ.સ.) આપ (અ.ત.ફ.શ.)ના જદ્દે બુઝુર્ગવાર છે.

https://downloadshiabooks.com/

# ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મઝલૂમીયત ખુદ તેઓની મુબારક ઝબાનથી

મર્હુમ હાજી શૈખ મોહમ્મદ જઅફર જવાદીને સ્વપ્ન અને જાગૃત અવસ્થા દરમ્યાન હઝરત (અ.ત.ફ.શ.)ના દીદાર નસીબ થયા. તેઓએ હઝરત (અ.ત.ફ.શ.)ના ખબર પૂછયા તો આપ (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું, ''મારૂં દિલ લોહી થઈ રહ્યું છે, મારૂં દિલ લોહી થઈ રહ્યું છે.'' – સહીફ એ મહદીયાહ, પેજ નં.૫૨

મર્હુમ હાજી મોહમ્મદઅલી ફશનદી ફરમાવે છે ''હું મારી પત્ની સાથે મસ્જિદે જમકરાન ગયો હતો. ત્યાં આમાલ કરતો હતો, તેવામાં એક નૂરાની ઈન્સાનને સહેન (લોબી)માં આવતા જોયા. ગરમીનો સમય હતો માટે મેં તેઓને પાણી પીવડાવ્યું. તેઓ (અ.ત.ફ.શ.)એ મને પાણીનું વાસણ પાછું આપ્યું. મેં ઈલ્તેમાસ કરી કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરો, તો આપ (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું કે જો અમારા શિઆઓ અમને પાણી પાવા જેટલા પણ ચાહતા હોત, અમારા ઝહૂર માટે દુઆ કરતા હોત તો ઝહૂરનો સમય થઈ જાત.''

– શિફતગાને હઝરત મહદી (અ.ત.ફ.શ.), જિ.૧, પેજ.૧૫૫

નજફના એક મશહૂર આલિમને કરબલાએ મોઅલ્લામાં હઝરત હુસૈન (અ.સ.)ના હરમમાં હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની ઝિયારતનો શરફ હાંસિલ થયો. આપ (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું *''અય શખ્સ અહીં મારા જદ્દે બુઝુર્ગવારની ઝરીહ મુબારક પાસે આ સોનાના ગુંબજ નીચે દુઆ કબૂલ થાય છે ,પરંતુ કોઈનું ધ્યાન મારા તરફ નથી કોઈપણ મારા ઝહૂર માટે દુઆ નથી કરતું.''*

https://downloadshiabooks.com/

પછી હઝરત (અ.ત.ફ.શ.)એ પોતાની વિલાયતની કુદરતથી આ આલિમે રબ્બાનીને લોકોની હાજતો અને ઈચ્છાઓ બતાવી. દરેક પોત-પોતાની ખાસ જરૂરતો માટે હાજત માંગતા હતા. હઝરત (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું, *"કે આપે સાંભળ્યું કે ઝિયારત કરનારમાંથી કોઈપણ એક એવો નથી જે કહેતો હોય અય પરવરદિગાર! હઝરત મહદી (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે જલ્દી કર."* – મોઉદશ નામની મેગેઝીન, અંક.૧૩

## ઝહૂરની ઠંડી હવાની લહેર

એક ઈન્સાનના અકસ્માતમાં બંને પગ લકવાગ્રસ્ત થઈ ગયા હતા. તે પોતાની શિફા માટે મસ્જિદે મુકદ્દસે જમકરાનમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)થી તવસ્સુલ કરવા માટે ગયો ત્યારે જોયું કે મસ્જિદે જમકરાન નૂરથી મુન્નવર થઈ ગઈ અને ખુશ્બૂથી સુંગધીત થઈ ગઈ. એવામાં અચાનક પોતાની આસપાસ મૌલા અમીરૂલ મોઅમેનીન (અ.સ.), હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.), કમરે બની હાશિમ (અ.સ.) અને ઈમામે ઝમાના (અ.સ.) છે. આ બધું જોઈને તે ઈન્સાનના હોશ ઊડી ગયા, ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)એ નજરે કરમ કરી જેનાથી થોડુક સુકૂન મળ્યું, પછી આપ (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું કે "આપ તંદુરસ્ત થઈ ગયા છો, જાઓ અને લોકોને કહો કે મારા ઝહૂર માટે દુઆ કરે કે ઝહૂર ઈન્શાઅલ્લાહ નજદીક છે."

– કરામતે હઝરત મહદી અ.સ., પેજ નં.૧૧/૧૦

આ બનાવ હિજરી.૧૪૧૪ના મોહર્રમ મહિનાનો છે એક બુઝુર્ગ આલિમને તેના ફરઝંદે સ્વપ્નમાં હઝરત બકીય્યતુલ્લાહ

https://downloadshiabooks.com/

(અ.ત.ફ.શ.)ની સાથે જોયા, તેમણે વાતચીત દરમ્યાન ઈમામ (અ.સ.)થી સવાલ પૂછયો કે, ‘‘શું આપના ઝહૂરની ખુશાલી નજદીક છે જેથી ઈન્તેઝાર કરનારાઓની આંખો આપના દીદારથી રોશન થઈ જાય?’’ આપ (અ.ત.ફ.શ.)એ ફરમાવ્યું કે, ‘‘ઝહૂર માટેની અમુક જરૂરી નિશાનીઓ બાકી છે, શકય છે ટૂંક સમયમાં જ આ નિશાનીઓ જાહેર થઈ જાય. પરંતુ આપની જવાબદારી છે કે આ દરમ્યાન ઝહૂર માટે દુઆ કરતા રહો.’’

– શિફ્તગાને હઝરત મહદી (અ.ત.ફ.શ.), જિ.૧, પેજ.૧૮૫/૧૮૪

## શિઆ સમાજ ઊપર ખાસ નઝરે કરમ

હઝરત સાહેબુઝઝમાન (અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તીની બરકતથી જ આખી દુન્યાને રિઝ્ક મળે છે. આજ કારણે જમીન–આસમાન પોતાની જગ્યાએ બાકી છે. આ માટે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો ઈરશાદ છે.

‘‘જો એક પળ પણ જમીન હુજ્જતે ખુદાથી ખાલી થઈ જાય તો તે તેના ઊપર રહેનાર લોકોને તબાહ બરબાદ કરી નાખે.’’

– બેહારૂલ અનવાર, જિ.૫૧, પેજ.૧૧૩

આ બધી સામાન્ય મહેરબાનીઓ ઊપરાંત ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની શિઆ સમાજ ઊપર ખાસ મહેરબાનીઓ છે. જેમાંથી અમુક અમે અહીં બયાન કરીએ છીએ જે શૈખે મુફીદ (રહે.)ને મળેલ તોકીઅમાં બયાન થઈ છે. જે મહેરબાની દુનિયાના તમામ શિઆઓ ઊપર એક જવાબદારી પણ લાવે છે.

આપ (અ.ત.ફ.શ.) ફરમાવે છે,

‘‘અમે આપની પરિસ્થિતીથી અજાણ નથી જો એવું ન હોત તો મુસીબત અને પરેશાની તમારા ઊપર તૂટી પડત અને દુશ્મનો તમને ફાડી નાખત.’’ –એહતેજાજ, જિ.૨, પેજ.૨૩૩

https://downloadshiabooks.com/

આવી રીતે આ પણ મન્કુલ છે,

‘‘જો એવું ન હોત તો તમારા કામોની સુધારણા ન કરી હોત, તમારા ઊપર મહેરબાની ન કરી હોત, તમારા ગુનાહોને કારણે તમારા ઉપરથી નજરે કરમ ફેરવી નાખી હોત.’’

– બેહારૂલ અનવાર, જિલ્દ.પ૩, પેજ.૧૭૯

શિઆ સમાજના ગુનાહો જાણવા છતાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની આટલી બધી મહેરબાનીના કારણે શું આપણે શરમિંદા ન થવું જોઈએ? શું આપણાથી મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.)ના સિલસિલામાં જે ભૂલો, બેવફાઈ અને સિતમ થયા છે તેની ભરપાઈ માટે તૈયાર ન થવું જોઈએ?

આ ચર્ચામાં આ બાબત તરફ ધ્યાન દોરવું બહુ જ જરૂરી છે કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે દુઆ કરવા બાબતે જે ભાર મૂકવામાં આવે છે એનો મતલબ એમ ન સમજવો કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) લોકોની દુઆના મોહતાજ છે.

જેમ કે આપણે જાણીએ છીએ કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓનો મોહતાજ નથી માટે જ કુરઆને શરીફમાં ફરમાવે છે કે,

إِنْ تَكْفُرُوا أَنْتُمْ وَمَنْ فِي الْأَرْضِ جَمِيعاً فَإِنَّ اللهَ لَغَنِيٌّ حَمِيدٌ

‘‘જો તમે અને જમીનના બધાજ રહેવાવાળા કાફિર થઈ જાય તો પણ અલ્લાહ બે નિયાઝ – બેપરવા છે.’’

– સૂરએ ઈબ્રાહીમ, આયત.૯

આવી જ રીતે આ ખાનદાન પણ લોકોથી બેનિયાઝ છે. જેમ કે અબા અબ્દીલ્લાહ હુસૈન ઈબ્ને અલી (અ.સ.)નો ઈરશાદ

https://downloadshiabooks.com/

છે, ''બધા તેના મોહતાજ છે તે કોઈનો મોહતાજ નથી.''

– મુન્તખ્બુલ અસર, પેજ.૩૦૯

ઉદાહરણ તરીકે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) લોકો પાસેથી અહેદ તોડનારાઓ, હકથી વિમુખ થઈ જનારાઓ અને દીનથી બહાર થઈ જનારાઓ વિરૂધ્ધ લડવા માટે મદદ માંગે છે અથવા અબા અબ્દીલ્લાહ કરબલાના રણમાં "هَلْ مِنْ نَاصِرِيْنَ"ની અવાજ બુલંદ કરે છે, તે જ પ્રમાણે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) લોકોને પોતાના જલ્દી ઝહૂર માટે દુઆ કરવાની દાવત આપે છે, હરગિઝ એનો મતલબ એમ નથી કે અલ્લાહના પસંદ કરેલા આ ખાસ બંદાઓ લોકોના મોહતાજ છે. બલ્કે આ તો લોકોની દિલસોઝી માટે છે જેથી તેઓ હિદાયત પામે અને નજાત મેળવી લે, બિલ્કુલ એવી જ રીતે જેવી રીતે શોહદાએ કરબલાએ હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.)ની મદદ કરીને અલ્લાહ તઆલાની બારગાહમાં માનવંત દરજ્જો મેળવ્યો, જેના ઊપર બીજા લોકો રશ્ક (હકારાત્મક ઈર્ષા) કરે છે.

વલીએ અસ્ર (અ.ત.ફ.શ.) પોતાની એક તોકીઅમાં ઈરશાદ ફરમાવે છે,

''મારા સુધી ખબર પહોંચી છે કે તમારામાંથી એક ગિરોહ દીનથી ફરી ગયો છે. પોતાના દોસ્તોની બાબતે ગૂંચવણ અને પરેશાનીમાં ઘેરાયેલા છે, આ ખબરથી મને દુઃખ થયું. અલબત્ત આ દુઃખ મારા માટે ન હતું (પરંતુ તમારા લોકો માટે હતું) કારણ કે અલ્લાહ તઆલા અમારી સાથે છે, અમે કોઈપણના મોહતાજ નથી માટે જ અમારો કોઈ સાથી અમને મૂકી દે તો અમે પરેશાન નથી થતા.''

https://downloadshiabooks.com/

# આપણે શું કરવું જોઈએ

## આપણા જીવનમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની જગ્યા

જયારે મસ્જિદુન્નબીનો પાયો નખાયો ત્યારે હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.) લોકોને નસીહત કરતી વખતે અને ખાસ કરીને જુમ્માના દિવસે ખુત્બો આપતી વખતે ખજૂરીના થડ ઊપર ટેકો રાખતાં હતા. અમુક સમય બાદ મસ્જિદમાં આવનાર લોકોની સંખ્યા વધી ગઈ તો સહાબીઓએ સલાહ–મશ્વેરો કર્યો કે, એક મિમ્બર બનાવવામાં આવે જેથી લોકો પોતાના મહેરબાન પેશવાને ખુત્બા સમયે જોઇ શકે. હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.)થી ઈજાઝત લેવામાં આવી. આપ (સ.અ.વ.) એ પણ ઈજાઝત આપી અને લાકડાનું એક પગથિયાવાળું મિમ્બર બનાવવામાં આવ્યું.

પહેલા જુમ્માએ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) લોકોના દરમ્યાનમાંથી પસાર થઈ મિમ્બર ઊપર તશરીફ લઈ ગયા, ત્યારે તે ખજૂરીના સૂકા થડથી રોવાની અવાજ બુલંદ થઈ, જેવી રીતે એક માં પોતાનાં દિકરાના ગમમાં રોતી હોય. આ દિલ પીગળાવનારી અવાજ સાંભળી લોકો પણ રડવા લાગ્યા. હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) મિમ્બર ઊપરથી નીચે તશરીફ લાવ્યા પછી તે ખજૂરીના સુકા થડ પાસે ગયા, તેને બગલમાં લીધું તેના ઊપર મહેરબાનીભર્યો હાથ ફેરવ્યો અને ફરમાવ્યું ‘‘અફસોસ ન કર.’’ પછી મિમ્બર ઊપર તશરીફ લઈ ગયા અને ફરમાવ્યું કે ‘‘આ સુકા થડે અલ્લાહ તબારક વ તઆલા અને તેના રસૂલ (સ.અ.વ.)થી પોતાની મોહબ્બત અને ચાહતને જાહેર કરી, તેઓથી દૂર હોવાને કારણે ગમગીન થયું, પરંતુ અમુક લોકો એવા છે, જેને મારા

https://downloadshiabooks.com/

દૂર હોવા કે નજદીક હોવાની કોઈ પરવાહ નથી. જો હું આ સુકા થડને બાલગીર ન કરત અને તેના ઊપર મહેરબાની ભર્યો હાથ ન ફેરવત. તો તે કયામત સુધી રડતું રહેત.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૧૭, પેજ.૩૨૬/૩૨૭

વિચારવા જેવી વાત છે એક સુકૂં થડ જે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)થી દૂર હતું પરંતુ તેઓના દીદારનો શરફ મળતો હતો છતાંપણ બેચેન બની રડી ઉઠે છે. પરંતુ આપણે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)થી દૂર છીએ. તેઓ (અ.ત.ફ.શ.)ના દીદારથી પણ મહેરૂમ હોવા છતાં રોજીંદા જીવનમાં મશ્ગૂલ છીએ, કપડા સીવનાર સૈયદ કરીમ એવા ખુશનસીબ ઈન્સાન છે. જેને વલીએ ગાયબના દીદારની ખુશનસીબી પ્રાપ્ત થઈ હતી. તેઓ પોતાના નાના રૂમમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)થી મુલાકાત કરતા હતા. એક દિવસ તે ખુશનસીબ ઈન્સાનથી ઈમામ (અ.ત.ફ.શ.)એ પૂછયું.

''કોઈ અઠવાડીયું એવું પસાર થાય, જેમાં હું તમને મળવા ન આવી શકું તો શું થશે ?'' સૈયદ કરીમે જવાબ આપ્યો ''મૌલા! હું મરી જઈશ.''

વલીએ અસ્ર ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ઈરશાદ ફરમાવ્યું કે, ''જો આવું ન હોત તો હું તમને મળવા ન આવત.''

બધી ચીજો મૂકી અમુક લોકોની આવી હાલત થઈ જાય, હઝરત (અ.ત.ફ.શ.)ની જુદાઈ અને દૂરીના કારણે અમુક લોકો આવા પરેશાન અને બેચેન થઈ જાય, તો શું ઝહૂર નહી થઈ જાય?

આપણું ઉદાહરણ એવા બાળક જેવું છે જે પોતાના વાલિદને ગુમાવી ચૂક્યું છે, પરંતુ હજી તેની સમજણ શક્તિ એ હદ સુધી નથી પહોંચી કે તે સમજી શકે કે કઈ મુસીબત અને બલામાં

https://downloadshiabooks.com/

ગિરફતાર થયો છે, પરંતુ જે બુઝુર્ગો આ મુસીબતને ઊંડાણપૂર્વક સમજે છે, તેઓ પોતાની દિલસોઝી જાહેર કરે છે. જેમ કે ઈમામ હસન અસકરી (અ.સ.)નું બયાન છે,

''પોતાના વાલિદને ગુમાવી દેનાર યતીમ કરતા વધારે યતીમ તે છે જે પોતાના ઈમામથી દૂર થઈ જાય, પોતાના ઈમામ સુધી પહોંચી ન શકે.'' – બેહારૂલ અનવાર, જિ.૨, પેજ.૨

અમુક સમાચાર પત્રમાં એક કોલમ ખોવાઈ ગયેલાની જાહેરાત માટે હોય છે. જેમાં કોઈપણ બનાવને કારણે પોતાના માં–બાપ અને સગા વ્હાલાઓથી દૂર થઈ ગયેલ વ્યક્તિ માટે તેના માં–બાપ, સગા સ્નેહીઓ જાહેરાત આપે છે, પોતાનો ફોન નંબર આપે છે અને લોકોને નમ્રતાપૂર્વક વિનંતી કરે છે કે જો કોઈપણને કાંઈ જાણ હોય તો જાણકારી આપે. જાણકારી આપનાર માટે ઈનામનું પણ એલાન કરે છે. આપણામાંથી કોણ આવું છે? જે ઈમામ ઝમાના (અ.સ.)ને આ હદ સુધી જોવા માટે આતૂર હોય? તેઓની પાકીઝા બારગાહમાં હાજર થવા માટેની કોશિષનું કાંઈ માપ–દંડ બનાવ્યું છે?

હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.)નો ઈરશાદ છે.

''કોઈપણ બંદાનું અલ્લાહ તઆલા ઊપર ઈમાન સંપૂર્ણ નથી થતું, જ્યાં સુધી તેની નજદીક હું, મારી જાન, મારી ઔલાદ, મારૂં ખાનદાન, તે બંદાને તેની જાન, તેની ઔલાદ અને તેના ખાનદાન કરતા વધારે વહાલું ન હોય.''

– બેહારૂલ અનવાર,જિ.૨, પેજ.૮૬

જો આપણા બાળકને સ્કુલથી આવવામાં મોડું થાય તો શું આપણે શાંતિથી બેઠા રહેશું? નહી ને? પણ પરેશાન થશું, કાંઈ

https://downloadshiabooks.com/

અણબનાવ ન બન્યો હોય તેની ચિંતા કરીશું અને શેરી–રસ્તા ઊપર શોધવા નીકળી પડશું!

આપણામાંથી કોણ એવું છે? જેણે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝહૂર બાબતે આટલી જ ગંભીરતાપૂર્વક વિચાર કર્યો હોય? શિઆ સમાજમાં કેટલા લોકો એવા છે કે જેઓ ગૈબતની મુસીબત અને દર્દને સમજે છે? તથા તે મુસીબત અને દર્દને દૂર કરવા ચાહે છે? તમે કેટલા એવા લોકોને જોયા છે  કે જેઓએ આ દુઃખ દર્દના કારણે પોતાના એશો–આરામને મૂકી દીધો હોય? ભલે પછી તે ટૂંકી મુદ્દત માટે જ કેમ ન હોય, કેટલા એવા લોકો છે કે જેમણે આ ગમને કારણ એક જ વખત પોતાનું ખાવા–પીવાનું મૂકી દીધું હોય?

જો આપણા હાથમાં એક પ્રશ્નપત્ર આપવામાં આવે અને કહેવામાં આવે કે આપની મુશ્કેલીઓ લખો તો કેટલા ટકા એવા લોકો છે જે ઈમામ (અ.ત.ફ.શ.)ની ગૈબતને પહેલા લખશે?

*જો આસમાની ફરિશ્તો નાઝિલ થઈને કહે કે આપની એક હાજત જરૂર પૂરી થશે તો કોણ એવું હશે? જે પોતાની અગત્યની જરૂરતમાં ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના ઝહૂરનો ઝિક્ર કરશે?*

બહુજ અફસોસની વાત છે એક સાંસ્કૃતિક મદદગાર જે ઘણા સમય સુધી દીનિયાત અને અરબીના ઊસ્તાદ હતા. થોડા સમય પહેલા નિવૃત થયા બાદ મારા લખાણની થોડી લાઈન વાંચીને કહ્યું મને આજ સુધી ખબર જ ન હતી કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબતનું કારણ 'શિઆઓની માઅરેફતમાં કમી અને વાયદા ખિલાફી છે'

https://downloadshiabooks.com/

ખરેખર ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની જગ્યા આપણા જીવનમાં કયા છે? જીવનના અગત્યના ભાગમાં કે એ સિવાયના ભાગમાં? *અફસોસની સાથે કહેવું પડે છે કે, આપણામાંથી અમુક લોકોએ જીવનના બિન જરૂરી ભાગમાં પણ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) માટે જગ્યા નથી રાખી.*

*જો કોઈ એક વખત પણ આપણી દાવત કરે, તો આપણે શકય બને તેટલી કોશિશ કરીએ છીએ કે તેની આ મોહબ્બતનો જવાબ આપીએ, આપણે તો પૂરી ઝિંદગી આપણા કુટુંબીજનો, સગા-વ્હાલાઓ, સાથીઓ અને બીજી મખ્લૂકો સાથે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના દસ્તરખ્વાન ઊપર બેઠા છીએ, તેઓની રોટલીઓ ખાઈએ છીએ તો શું આ નમકનો હક અદા ન કરવો જોઈએ?*

અફસોસની વાત છે કે શિઆના અમુક જવાન-નવજવાનોની જાણકારી દીની રહેબર કરતા ફિલ્મી દુનિયાથી સંબંધ ધરાવનાર વ્યક્તિઓ બાબતે વધારે હોય છે તેમજ દેશ પરદેશની અમુક જાણકારીઓ વધારે હોય છે. ખરેખર આપણું વ્યક્તિગત અને સામાજિક જીવન ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના એહસાસથી ખાલી છે.

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) બાબતે મોટા ભાગના શિઆઓની જાણકારી બહુજ ઓછી હોય છે અથવા આંશિક હોય છે. ઈમામ (અ.સ.)ની ગૈબત અને ઝહૂરની હિકમત સ્પષ્ટ નથી હોતી. અલબત્ત બીજા અગિયાર ઈમામો (અ.મુ.સ.) બાબતે પણ કેટલી (ઓછી) જાણકારી હોય છે?!!

https://downloadshiabooks.com/

જો થોડાક સમય સુધી વરસાદ ન પડે અને દુષ્કાળના કારણે ખેતી સૂકાઈ જાય, ખેડૂતોની કમર ભાંગી જાય તો ખુલ્લા પગે અને તૂટેલા દિલ સાથે રણમાં વરસાદ માંગવાની નમાઝ પઢવા જઈશું. ભલે પછી વરસાદની થોડીક શકયતા પણ હોય તો અત્યારે આપણા માટે ૧૨૦૦ વર્ષની ગૈબત હકીકતમાં રૂહાની દુષ્કાળ છે. જેના કારણે દુનિયા અને આખેરતની ખુશનસીબીથી મહેરૂમ થઈ ગયા છીએ. અત્યારે દીનની હિફાઝત મુશ્કેલ બની ગઈ છે, જેવી રીતે હથેળી ઊપર રાયના દાણા ઊગાડવા મુશ્કેલ છે. તો ઝહૂર માટેની નમાઝ પઢવા રણનો રસ્તો ન લેવો જોઈએ? આ તે જ કામ છે જે બની ઈસરાઈલે કર્યુ હતું. ફિરઓનીઓથી નજાત-છુટકારા માટે પોતાના બુઝુર્ગો, જવાનો, ઔરતો અને બચ્ચાઓ સાથે રણમાં જઈને દુઆ કરી તો પરવરદિગારે તેઓને ૧૭૦ વર્ષની સજામાંથી છુટકારો આપ્યો.

આપણે આપણા દુન્યવી કામો માટે દુઆ કબૂલ થવાની શકયતા ઓછી છતાં પણ દુઆ કરીએ છીએ, પરંતુ ઝહૂરનો સમય નજદીક થવા માટે બહુજ ઓછી દુઆ માંગીએ છીએ. જયારે અઈમ્મએ માઅસૂમીન (અ.મુ.સ.)એ ઝહૂરના સમયને નજદીક થવામાં દુઆને અસરકારક બતાવી છે.

ઝિયારતના સફર અને તવસ્સુલમાં પણ આપણે આપણા ઈમામ (અ.ત.ફ.શ.)થી ગાફેલ રહીએ છીએ. શું એવુ બન્યું છે કે મફાતિહુલ જિનાનને ખોલી સાહેબુઝઝમાના (અ.ત.ફ.શ.)ની ઝિયારત પઢી હોય અને તેના દરેક વાકય ઊપર વિચાર કર્યો હોય? જયારે મુબારક-રોઝાની ઝિયારત માટે જઈએ છીએ ત્યારે કેટલા દિવસ સામર્રામાં રોકાઈએ છીએ?

https://downloadshiabooks.com/

લોકોએ અલ્લાહ તઆલાની નજદીકી હાંસિલ કરવા, દુનિયા અને આખેરતની ભલાઈ મેળવવા, અલ્લાહ તઆલાના અઝાબથી નજાત મેળવવા, અહલેબૈત (અ.મુ.સ.) પાસે રજૂ થવું જોઈએ. જો લોકો એવું નહી કરે તો પોતાની દુનિયા અને આખેરત ખરાબ થવાની જવાબદારી લોકોની જ રહેશે.

## તૌબા આજની જરૂરત

ઈન્સાનોએ દિલના ઊંડાણપૂર્વક તૌબા કરવી જોઈએ. ખાસ કરીને શિઆ ઊપર તો તૌબાની જવાબદારી છે જ, કારણ કે ઈન્સાનીયતની નજાતનો નકશો તેઓ પાસે છે. આ વાતને બીજા શબ્દોમાં આ પ્રમાણે બયાન કરી શકાય છે કે ગૈબતના તાળાની ચાવી શિઆઓ પાસે છે.

ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના ઝહૂરને લગતી રિવાયતોમાં આ પ્રમાણે છે કે જયારે અહલે બદર (૩૧૩)ની સંખ્યા જેટલા જ જાંનિસારો ભેગા થઈ જશે ત્યારે ઈમામ (અ.ત.ફ.શ.)ને કયામ કરવો જરૂરી થઈ જશે.

શું અત્યારના ઝમાનામાં લાખો ઈન્સાનોમાં ૩૧૩ ઊપરની શર્તોવાળા વ્યક્તિઓ નથી ?!!

હકીકતમાં આ બાર સદીમાં ગૈબતની આટલી લાંબી મુદ્દત દરમિયાન શિઆઓના ઈતિહાસમાં જો અમુક લોકો એવા હોત જેઓએ આ બાબતનો વિચાર કરીને, આ મુશ્કેલી દૂર કરવા માટે મજબૂત ઈરાદો કર્યો હોત અને ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના ઝહૂરની તૈયારી માટે અનુરૂપ સંજોગો ઊભા કરવાની કોશિશ કરી હોત તો આ ગૈબતની મુદ્દત એટલી બધી લાંબી ન થાત. જાનથી પણ વ્હાલા ઈમામ (અ.ત.ફ.શ.)ની એકલતા ખત્મ થઈ જાત.

https://downloadshiabooks.com/

દુનિયાની પરિસ્થિતિ આવી ન હોત, ખાસ કરીને શિઆઓની પરિસ્થિતિ આવી ન હોત જેવી આજે જોઇ રહ્યા છીએ. મારો આ સવાલ આજના શિઆ સમાજને છે કે દરેક સભ્ય આ કડવી હકીકતને ધ્યાનમાં રાખી અને તે બાબતે ચિંતન કરે. આપણામાંથી દરેક પોતાની જાતને પૂછીએ કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબતની મુદ્દત લાંબી થવામાં આપણો કિરદાર કેટલો અસરકારક છે? અથવા એનાથી ઊલટું ઝહૂરના જલ્દી થવા માટે આપણે કેવી રીતે અસરકારક બની શકીએ છીએ?

## આપણા મૌલા આપણી પાસેથી શું આશા રાખે છે?

આપણે આજના ઝમાનામાં કેવી રીતે ઈમામ (અ.ત.ફ.શ.)ની મદદ કરી શકીએ છીએ? આપણી શરમિંદગી માટે એટલું જ બસ છે કે આપણા ઈમામ (અ.ત.ફ.શ.) આપણને હમેશા યાદ કરે છે, પરંતુ આપણે તેઓ (અ.ત.ફ.શ.)થી ગાફિલ છીએ. આપણે આ આસમાની રહેબરના ઝહૂર માટે ઈન્તેઝાર કરીએ છીએ, તેઓ (અ.ત.ફ.શ.) પણ આપણા બેદાર-જાગૃત થવાનો ઈન્તેઝાર કરી રહ્યા છે.

શું હજુ પણ તે સમય નથી આવ્યો ? આપણે યકીન કરી લઈએ કે ‘આપણને નજાત આપનાર ઈમામ (અ.ત.ફ.શ.) જીવંત છે’ શું આપણે યકીન કરીને બીજાઓ સુધી આ સંદેશો પહોંચાડવાનો સમય નથી આવ્યો કે ‘આપણા મહેબૂબ-ચહીતા ઈમામ (અ.ત.ફ.શ.)ની બારગાહમાં પનાહ લેવા સિવાય બીજો કોઈ રસ્તો બાકી નથી?’

ખરેખર આપણે વિશ્વાસ કરવો જોઈએ કે આપણે બધા તેઓ (અ.ત.ફ.શ.)ની સામે હાજર છીએ અને આપણા મહેરબાન ઈમામ (અ.ત.ફ.શ.) આપણાથી એકદમ નજદીક છે.

https://downloadshiabooks.com/

ખરેખર ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) આપણને આપણા કરતા વધારે સારી રીતે ઓળખે છે, આપણે કાંઈપણ કરીએ છીએ, તે બધા કામો તેની નજરની સામે હોય છે. આપણી ઝબાનથી કાંઈપણ નીકળે છે તે આપણે સાંભળીએ તે પહેલા હઝરત (અ.ત.ફ.શ.) આપણી વાતને સાંભળી લેતા હોય છે. શું તેઓ (અ.સ.)ના બાપદાદાઓને નથી ફરમાવ્યું ?

‘‘જો તમે તમારા ઘરની અંદર પણ હોઠ હલાવો તો પણ અમે તમારો કહેવાનો મતલબ સમજી લઈ છીએ.’’

આપણને યકીન છે કે દરેક અઠવાડીયે આપણું આમાલનામું ઈમામ (અ.ત.ફ.શ.)ની બારગાહમાં પેશ કરવામાં આવે છે. ઈમામ (અ.ત.ફ.શ.) તેને જુએ છે, છતાં પણ આ યકીન આપણને ગુનાહ કરવાથી રોકતું નથી!! હું તમને અલ્લાહ તઆલાની કસમ આપીને પુછૂં છું કે શું નાનું બાળક પણ આપણને જોઈ રહ્યું હોય તો આપણે આપણા કિરદાર બાબતે લાપરવાહી કરીએ ખરા?

શું આપણે સુધરવાની કોશિશ નહી કરીએ? આ કેવી હિંમત છે કે અલ્લાહ તઆલાના પ્રતિનિધિની નજર સામે બેશરમી સાથે ગુનાહો અંજામ આપી રહ્યા છીએ? આપણે તેઓ (અ.ત.ફ.શ.) તરફ જોતા નથી અને જોઈએ છીએ તો ઓળખતા નથી, પરંતુ તેઓ (અ.ત.ફ.શ.) જુવે પણ છે અને આપણને ઓળખે પણ છે તેમજ આપણા આમાલની જાણકારી પણ રાખે છે. જો આપણું યકીન છે કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) આ દુનિયામાં છે, જીવનની દરેક પળોમાં આપણે તેઓ (અ.ત.ફ.શ.)ની નજર સામે છીએ. તેઓ (અ.ત.ફ.શ.) આપણા આમાલને જાણે છે તો પણ ગુનાહ અને ભૂલો શા માટે? યકીન રાખો કે જે કાંઈપણ

https://downloadshiabooks.com/

નેઅમતો આ દુનિયામાં હતી અને છે તે દરેકે દરેક નેઅમતો, ફઝીલતો અને કમાલ અલ્લાહ તઆલાના મહાન વલીની મુબારક હસ્તીની બરકતથી જ છે. દરેક ચીઝ તેઓ (અ.ત.ફ.શ.)ની મુબારક હસ્તીથી ફાયદો મેળવે છે.

"ખરેખર શૈતાન છેલ્લા ઝમાનાના શિઆ માટે તાકમાં બેઠેલો છે. જેથી તેઓને પણ હઝરત આદમ (અ.સ.) અને હઝરત હવ્વા (સ.અ.) જેમ બેહિશ્તથી બહાર કરી દે, કયાંક એવું ન બને કે આ લોકો શૈતાનની જાળમાં ફસાઈ જાય અને ઈમામતની જન્નતમાંથી બહાર નીકળી જાય. "મોઅમિનને કયારેય પણ એક દરમાંથી બે વખત ડંખ મારવામાં નથી આવતો." (એ જ પ્રકારની ભૂલ બીજી વખત નથી કરતો.)

# આવો આપણે આપણા ઈમામ(અ.સ.)ને એકલા ન મૂકી દઈએ.

ગૈબતની કરબલામાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ફરિયાદ છે : هَلْ مِنْ مُعِيْنٍ

છે કોઈ મદદગાર?

ફરિયાદ જવાબ વગરની ન રહી જાય, એવું ન બને કે કુફ્રના ઘોંઘાટને કારણે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ફરિયાદ આપણા કાનો સુધી ન પહોંચે, કયાંક એવું ન બને કે આપણે બકીયતુલ્લાહને એકલા મૂકી દઈએ, અલ્લાહ તઆલાની કસમ ઈતિહાસનો ગમ જ તેઓ (અ.ત.ફ.શ.) માટે ઘણો છે હઝરત અલી (અ.સ.)ના સર મુબારકનું ઝખ્મી થવું, જનાબે ઝહરા (સ.અ.)ના પહેલુ મુબારકનું તૂટી જવું, હઝરત મુજતબા (અ.સ.)ના જિગરના ટુકડા થવા, કરબલાના શહીદોના મુબારક

https://downloadshiabooks.com/

સર નેઝાઓ ઊપર બુલંદ થવા, અસીરાને કરબલાની કૈદનો દાગ જેનો ઈલાજ ઝહૂર સિવાય બીજો કાંઈપણ નથી. આ બધા ગમો આપ (અ.ત.ફ.શ.)ના મુબારક દિલને દુઃખી કરવા માટે કાફી છે.

ખુશનસીબ છે તે લોકો જેઓએ અત્યારે પણ આપ (અ.ત.ફ.શ.)ની નૂરાની બારગાહમાં હાજરી આપવાનો શરફ હાંસિલ કરેલો છે. આપણે લોકો આપણા મનની અયોગ્ય ઈચ્છાઓના અંધકારમાં ઘેરાયેલા છીએ. આપણી ગફલત અને ગુનાહના વાદળોએ આપ (અ.ત.ફ.શ.)ના સૂરજ જેવા ચમકતા ચહેરાને આપણાથી છુપાવી દીધો છે.

આપણે તો ફકત ગૈબતનો વિચાર કરીએ છીએ અને ઝહૂરનો ઈન્તેઝાર કરીએ છીએ, પરંતુ અમુક લોકો રજકણોની જેમ હવામાં વાદળો સાથે ઊડી અને ઈમામતના સૂરજનો દીદાર કરી રહ્યા છે.

દુનિયાની પરિસ્થિતિ ઝહૂર નજદીક હોવાની ગવાહી આપે છે, કયાંક એવું ન બને કોઈ અન્ય કૌમ આપણા કરતા પહેલા ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)નું સ્વાગત કરવા અને તેમના મુબારક હાથ ઊપર બૈઅત કરવામાં આગળ વધી જાય.

નબીઓમાંથી જેઓએ યુસુફે ઝહરા (સ.અ.) પ્રતિ ઈશ્ક અને મોહબ્બત જાહેર કરવામાં પહેલ કરી તેઓને ઊલુલ અઝ્મનો દરજ્જો પ્રાપ્ત થયો.

કરબલાના બહેતરીન શહીદોએ જયારે પોતાનાં ઈમામની અવાજ "هَلْ مِنْ نَاصِرٍ يَّنْ" ઊપર લબ્બૈક કહી અને સાબિત કદમ રહ્યા, ત્યારે તેઓને એવો દરજ્જો હાંસિલ થયો કે દુનિયાભરના ઈન્સાનોને આ દરજ્જો હાંસિલ કરવાની તમન્ના થાય છે.

https://downloadshiabooks.com/

અત્યારે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મદદ માટે, તેઓના મદદગારોમાં જગ્યા હાંસિલ કરવા માટે જલ્દી કરીએ, કારણ કે હજી ઈમામ (અ.ત.ફ.શ.)ના અન્સારો અને સાથીઓની પસંદગી થઈ રહી છે.

## આવો આપણા ઝમાનાના ઈમામ (અ.સ.)ની વધારે માઅરેફત હાંસિલ કરીએ

શિઆ અકાઈદ પ્રમાણે સાચી ખુશનસીબી ફક્ત અહલેબૈત (અ.મુ.સ.)ની માઅરેફત અને તેઓના ફરમાન મુજબ અમલ કરવાથી હાંસિલ કરી શકાય છે. એટલે સુધી કે જો કોઈ ઈન્સાન ૭૦ પયગંબર જેટલા નેક આમાલ અંજામ આપે, પરંતુ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને તેઓની પાકીઝા ઔલાદ પ્રત્યે મોહબ્બત ન રાખે તો તેનો કોઈપણ નેક અમલ કબૂલ નહી થાય. બિલકુલ આ જ પ્રમાણે પોતાના ઝમાનાના ઈમામ (અ.સ.)ની માઅરેફત જરૂરી છે. જેમ કે શિઆ અને સુન્ની દરમિયાન મશહૂર અને મુતવાતિર હદીસ છે.

‘‘જે કોઈ પોતાના ઝમાનાના ઈમામની માઅરેફત વગર મૃત્યુ પામે, તેની મૌત જાહેલિય્યતની મૌત છે.’’

આ હદીસમાં આ બાબત ધ્યાન દેવા જેવી છે કે કોઈ અગિયાર ઈમામ (અ.મુ.સ.)ની માઅરેફત અને મોહબ્બત રાખતો હોય, પરંતુ બારમાં ઈમામ (અ.સ.)ની માઅરેફત અને મોહબ્બતમાં કોતાહી કરે તો તેની મૌત જાહેલિય્યતની મૌત થશે.

ઈમામત ઊસૂલે દીનમાંથી છે. તેમાં તકલીદ જાઈઝ નથી માટે શરીઅત પ્રમાણે દરેક જવાબદાર વ્યક્તિ ઉપર લાઝીમ છે, કે

https://downloadshiabooks.com/

પોતે જ ઈમામની માઅરેફત હાંસિલ કરવાની કોશિશ કરે, જેથી જાહેલિય્યતની મૌતથી નજાત મેળવી શકે, બરઝખમાં પોતાના અકાએદ અને નેઅમતે ઈમામત બાબતે જવાબ આપી શકે.

ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની માઅરેફત એટલે ફકત તેઓનું નામ વંશ, વિલાદતની તારીખ અને જગ્યા જાણવું કાફી નથી, સંપૂર્ણ રીતે આ માઅરેફત હાંસિલ કરવા બાબતે તર્કશાસ્ત્રી અને અક્કલમંદ લોકો પણ ગૂંચવણમાં મૂકાયેલા છે, પરંતુ શરીઅત પ્રમાણે દરેક જવાબદાર વ્યક્તિને પોતાની શક્તિ પ્રમાણે મોહબ્બત ઈતાઅત અને માઅરેફતમાં આગળ વધવું જોઈએ.

આ બાબતે ઊંડાણપૂર્વક વિચારીએ શૈખ તૂસી અને શૈખ અન્સારી જેવા કરોડો બુઝુર્ગો પણ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના એક શ્વાસની કિંમત પણ અદા કરી શકતા નથી.

ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)નું વ્યક્તિત્વ, સિફતો, કમાલ અને માન-મરતબો લોકો દરમ્યાન સપૂર્ણ રીતે સ્પષ્ટ નથી. ખૂબજ અફસોસની વાત છે કે ઘણા બધા લોકો ઈમામ (અ.ત.ફ.શ.)ના હકીકી દરજ્જાથી અજાણ છે.

ઈમામે રઝા (અ.સ.) ફરમાવે છે કે,

‘‘ઈમામ (અ.સ.) પોતાના ઝમાનામાં અજોડ વ્યક્તિત્વના માલિક હોય છે. કોઈપણ તેની બરાબરી નથી કરી શકતું, કોઈપણ તેના દરજ્જાની નજદીક નથી પહોંચી શકતું, તેના જેવું વ્યક્તિત્વ ધરાવનાર બીજું કોઈ જન્મયું જ નથી હોતું, તેઓ બેમિસાલ હોય છે.’’

ઘણી બધી રિવાયતોમાં આ બાબત ઉપર ભાર આપવામાં આવ્યો છે કે કોઈપણનો અહલેબૈત (અ.મુ.સ.) સાથે મુકાબલો

https://downloadshiabooks.com/

(સરખામણી) ન થઈ શકે. આ આસમાની ખાનદાનનો મુકાબલો (સરખામણી) બીજા કોઈપણ સાથે કરવો જાએઝ નથી.

ધારો કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની અઝમતની સરખામણી બીજા સાથે કરવામાં આવે, તો આકાશગંગાની સામે હવામાં ઊડતા રજકણો અથવા મહાસાગરની સામે એક બુંદ પાણી જેવી સરખામણી થશે.

જો આપ (અ.ત.ફ.શ.)ને સૂરજ અને બીજાઓને મીણબત્તી સાથે સરખામણી કરશો, તો પણ અયોગ્ય કહેવાય. કારણ કે ઈમામે માઅસૂમીન (અ.મુ.સ.)ની સરખામણી કોઈપણ સાથે ન થઈ શકે.

મર્હુમ આકાએ હુસૈન તબાતબાઈ બુરૂજર્દી જે શિઆઓના મરજએ તકલીદ હતા. એક દિવસ નમાઝ પછી દુઆમાં આપનું નામ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની સાથે લેવામાં આવ્યું, તો આપ ગમગીન થયા અને નારાજ થઈ બોલી ઉઠયા કે ''ચૂપ થઈ જાઓ, હું કોણ છું કે મારૂં નામ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના પાકીઝા નામની સાથે મારૂં નામ લ્યો છો ?''

આપણા સમાજની અફસોસજનક બાબત છે કે અમુક ગિરોહ જુદી-જુદી રાજકારણી, ફલસફી, ઈરફાની અને સૂફી વિચારધારાને કારણે રંગબેરંગી કિતાબો છપાવી, તેને અલ્લાહ તઆલાની નજદીક થવાનો રસ્તો બતાવે છે. હકીકતમાં આસમાની દીન શિઆ મઝહબની તાલીમ પ્રમાણે દરેક ઝમાનામાં બાબુલ્લાહ ફકત અને ફકત તે ઝમાનાના ઈમામ (અ.સ.) છે. તે સિવાયનો રસ્તો અલ્લાહ તઆલા કે તેની ખુશ્નુદી સુધી પહોંચાડી શકતો નથી. કારણ કે અલ્લાહ તઆલાનો ઈરાદો છે 'તેની બારગાહ સુધી

https://downloadshiabooks.com/

પહોંચવા માટેનો વસીલો અહલેબૈત (અ.મુ.સ.)ને બનાવવામાં આવે' પછી જે કોઈ પોતાની ઈચ્છા પ્રમાણે, પોતાના ઘડી કાઢેલા રસ્તા પ્રમાણે નબુવ્વતના ખાનદાનથી દૂર રહીને અને પોતાના ઝમાનાના ઈમામ (અ.ત.ફ.શ.)થી દૂર રહીને અલ્લાહ સુધી પહોંચવાની કોશિશ કરે તે નકામી મહેનત કરે છે. એટલું જ નહી કે તેની કોશિશનું અલ્લાહ તઆલાની નજદીક કાંઈ મહત્વ નથી, પરંતુ તે અલ્લાહ તઆલાના કહેરો-ગઝબની આગને લાયક છે.

કોઈએ અબા અબ્દીલ્લાહ ઈમામ હુસૈન (અ.સ.)ને પૂછયું કે, ''અલ્લાહ તઆલાની માઅરેફત એટલે શું ?''

આપ (અ.સ.) ફરમાવ્યું કે, ''દરેક ઝમાનામાં લોકો ઉપર જે ઈમામની ઈતાઅત વાજિબ છે તેની માઅરેફત હાંસિલ કરવી.''

– બેહારૂલ અનવાર, જિ. ૨૩, પેજ. ૮૩

બની ઈસ્સાઈલમાં એક કુટુંબ એવું હતું કે જેનો કોઈપણ સભ્ય ૪૦ દિવસ સુધી દુઆ કરતો તો તેની દુઆ જરૂર કબૂલ થતી અને હાજત પૂરી થતી હતી, પરંતુ આ કુટુંબના જ એક સભ્યની ૪૦ દિવસ પછી પણ દુઆ કબૂલ ન થઈ, પછી તે હઝરત ઈસા (અ.સ.) પાસે આવ્યો અને દુઆ કબૂલ ન થવાનું કારણ પૂછયું. હઝરત ઈસા (અ.સ.)એ દુઆ કરી તો વહી નાઝિલ થઈ 'અય! ઈસા મારા બંદાએ મારા સુધી પહોંચવા માટે બીજો રસ્તો અપનાવ્યો છે. તેના દિલમાં આપની નબુવ્વત માટે શક રાખીને મને યાદ કરી રહ્યો છે, આવી હાલતમાં દુઆ કરતા કરતા તેની ગરદન તૂટી જાય અને આંગળીઓ બેજાન થઈ જાય તો પણ હું તેની દુઆ કબૂલ નહી કરૂં.' – કાફી, જિ.૨, પેજ.૪૦૦

https://downloadshiabooks.com/

આજ કારણથી ઝિયારતે આલે યાસીનમાં અગિયાર ઈમામો (અ.મુ.સ.)ની ઈમામત બાબતે ગવાહી આપ્યા પછી ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની વિલાયત અને ઈમામતનું ભારપૂર્વક એલાન કરીએ છીએ. કારણ કે આજના ઝમાનામાં ખુશનસીબીનો રસ્તો, સીધો રસ્તો, નજાતની કશ્તી, અલ્લાહના અમાનતદાર, અલ્લાહની મહાન નિશાની, જમીનમાં તેના જાનશીન, ખલીફા અને વસી, હકના વલી, પરવરદિગારના હબીબ, યદુલ્લાહ, અયનુલ્લાહ, હુજ્જતુલ્લાહ, અલ્લાહનો વાયદો, અલ્લાહનો રાઝ, અલ્લાહના રાઝોની હિફાઝત કરનાર, ફરિયાદે પહોંચનાર, ઊમ્મતની પનાહગાહ, ફૈઝનો વાસ્તો, હિદાયતનો પરચમ, અલ્લાહનો કલેમો, અલ્લાહની મજબૂત રસ્સી, મોઅમિનોના વલી, નેઅમતોના વલી, ઝમાનાને પનાહ આપનાર, હઝરત બકીય્યતુલ્લાહીલ આઅઝમ (અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તી જ છે. માટે જ ઝિયારતમાં આપણે પઢીએ છીએ.

اَلسَّلَامُ عَلَيْكَ يَا سَبِيْلَ اللهِ الَّذِىْ مَنْ سَلَكَ غَيْرَهٗ هَلَكَ

''સલામ થાય આપના ઉપર અય અલ્લાહના રસ્તા જેના ઊપર ન ચાલનાર હલાક થાય છે.''

તેઓ (અ.ત.ફ.શ.)ની બીજી ઝિયારતમાં આ પ્રમાણે આવ્યું છે.

''હું ગવાહી આપું છું કે આપની વિલાયતને કારણે આમાલ કબૂલ થાય છે, આમાલ પાકીઝા બને છે, નેકીઓમાં વધારો થાય છે, બૂરાઈ ખત્મ થાય છે. દરેક ઈન્સાન જે આપ (અ.ત.ફ.શ.)ની વિલાયત-ઈમામતને કબૂલ કરે છે તેના આમાલ કબૂલ થાય છે. તેની વાતોની તસ્દીક કરવામાં આવે છે-કબૂલ કરવામાં આવે

https://downloadshiabooks.com/

છે, તેની નેકીઓમાં અનેક ગણો વધારો થાય છે. જે આપની વિલાયતનો વિરોધ કરે છે, આપની માઅરેફતથી અજાણ છે, બીજાઓને આપના ઊપર અગ્રતા આપે છે, અલ્લાહ તઆલા તેને ઊંધા મોઢે જહન્નમમાં નાખી દેશે. તેના આમાલ કબૂલ નહી કરે અને કયામતને દિવસે મિઝાનમાં તેના આમાલોનું વજન કાંઈપણ નહી હોય.''

આપણી માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાની બારગાહમાં પૂરી તવજ્જોહ સાથે અલ્લાહ, રસૂલ અને તેની હુજ્જતની માઅરેફત માટે દુઆ કરીએ. પોતાની જાતને માઅરેફતના નૂરમાં ડુબાડીએ, જયારે આપણે આ મહાન હસ્તીની જેવી માઅરેફત મેળવવી જોઈએ તેવી માઅરેફત મેળવી લઈશું અને અલ્લાહના વલી પ્રત્યેની આપણી જવાબદારી અદા કરવામાં ધ્યાન આપશું, ત્યારે ઈલાહી નૂર દિલમાં રોશન થશે, માં-બાપ અને ઔલાદની મોહબ્બત કરતા ઈમામ (અ.સ.)ની મોહબ્બત અનેક ગણી વધી જશે.

જો આપણે આવી મોહબ્બત હઝરત (અ.ત.ફ.શ.) માટે નથી ધરાવતા, તો એ આપણી ઓછી માઅરેફત અને જવાબદારીઓ અદા કરવા પ્રત્યેની ગફલતને કારણે છે. આપણને તેઓની હકીકી માઅરેફત જ નથી, ખાલિક અને મખ્લૂકના સંબંધમાં તેઓના વસીલા પ્રત્યે ધ્યાન નથી આપતા, આપણા કામો સુધારવા માટે જાહેરી કારણો ઊપર જ આધાર રાખીએ છીએ, આ પાકીઝા હસ્તીને ભૂલી જઈએ છીએ, જે જમીન અને આસમાન વચ્ચેની કડી છે. માટે જ ગૈબતના ઝમાનામાં આ દુઆ ઊપર ભાર મૂકવામાં આવ્યો છે.

''અય અલ્લાહ મને તારી માઅરેફત અર્પણ કર'' હું મારી જાતને કહું છું કે ઈમામતના 'અલીફ'થી શરૂઆત કરવી જોઈએ.

https://downloadshiabooks.com/

# જલ્દી ઝહૂર માટે દુઆ

શિઆ સમાજમાં આ હઝરત (અ.ત.ફ.શ.)ની વિલાયતને કબૂલ કરનારાઓ દરમિયાન ગફલતને ખત્મ કરવી બહુ જ જરૂરી છે, કારણ કે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબત એક સામાન્ય બાબત બનીને રહી ગઈ છે. જેના કારણે આપણે એક હાજીર નાજીર અને શાહીદ ઈમામ (અ.ત.ફ.શ.)થી ગાફિલ થતા જઈએ છીએ, જરૂરી છે કે લોકોને જાગૃત કરીને આ ગફલત ખત્મ કરવામાં આવે.

જો આપણે ગૈબતને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) માટે કૈદ સમજીએ છીએ, તો તે શિઆ સમાજ માટે એક મહેરૂમીયત છે અને અલ્લાહ તઆલાની મહાન નેઅમતથી દૂરી છે. ઈમામ (અ.સ.) વગરનું જીવન જીવન જ નથી એમ સમજીને દિલના ઊંડાણથી, બળતા દિલે, ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરવી જોઈએ. કારણ કે, ઝહૂર માટે સાચી અડચણ ખુદ લોકોનું તૈયાર ન હોવું જ છે. કદાચ દુનિયાનું ઝુલ્મો-જોરથી ભરાઈ જવાનો મતલબ એમ હોય કે ઝુલ્મ વધી જવાથી, પોતાના હકો બરબાદ થતા જોઈને લોકો જાગૃત થઈ જાય કે આની સુધારણા ઈન્સાનોથી શકય નથી. જેના પરિણામ સ્વરૂપે લોકો ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મહેરબાની ઈન્સાફ તરફ તવજ્જોહ કરશે અને અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ માંગશે, જે દુઆ કબૂલીયતના દરજ્જા સુધી પહોંચશે.

સર્વશક્તિમાન પરવરદિગારની બારગાહમાં એક અશક્ત લાચાર બંદાની આજીજીનું નામ દુઆ છે અને આ મુશ્કેલીઓ દૂર થાય તેનું નામ કબૂલીય્યત છે. જયાં પણ જલ્દી ઝહૂરની વાત

https://downloadshiabooks.com/

આવે ત્યાં દુઆ ઊપર ચર્ચા કરવી જરૂરી થઈ જાય છે. કારણકે, દુઆ જલ્દી ઝહૂર માટે અસરકારક અને મહત્વપૂર્ણ છે તે માટે જ જલ્દી ઝહૂર માટે દુઆ કરવાનું ખાસ મહત્વ છે. જે હઝરત (અ.ત.ફ.શ.)ના ઝહૂર માટે અસરકારક છે. અઈમ્મહ માઅસૂમીન (અ.મુ.સ.)ની અમુક રિવાયતો પ્રમાણે આપણને ઝહૂર માટે દુઆનું ફરમાન ન પણ હોત, તો પણ આપણી જવાબદારી છે કે ઝહૂર માટે દુઆ કરીએ અને એક પળ માટે પણ અલ્લાહની વિશાળ રહેમતથી માયુસ ન થવું જોઈએ. જેવી રીતે એક વ્યક્તિ અથવા કુટુંબ કોઈ મુશ્કેલીમાં હોય અને પરેશાન થઈને ખૂબજ દુઆ માંગે અને માઅસૂમીન (અ.મુ.સ.)થી તવસ્સુલ કરવામાં થાકતા નથી. એવી જ રીતે આ જીવંત બાબત માટે જે તમામ રૂહાની અને માદ્દી મુશ્કેલીને દૂર કરનાર છે હિંમત હાર્યા વગર અચૂક દુઆ કરતા રહેવું જોઈએ. જો અત્યાર સુધી ગફલત કરી હતી તો હવે તે ખોટની ભરપાઈ કરી નાખો.

સૈયદ ઈબ્ને તાઊસ (રહે.) જે એક મહાન શિઆ આલિમ હતા. તેઓને ઘણી વખત ઈમામ (અ.ત.ફ.શ.)ની મુલાકાતનો શરફ મળ્યો હતો. ઈમામ (અ.ત.ફ.શ.)એ તેમને ફરઝંદ કહી સંબોધ્યા હતા. જેઓ ઈલાહી રાઝો અને ઈસ્મે આઝમના અમાનતદાર હતા. તેઓ પોતાના ફરઝંદને સંબોધીને ફરમાવે છે કે,

‘‘જાણી લ્યો કે તમારી મહત્વપૂર્ણ જરૂરત એ હોવી જોઈએ કે તેની (મુલાકાતની) તમન્ના કરો કે જેની પનાહમાં તમે હિદાયત પામો છો, તમારી હિદાયત થાય છે. તમારી નમાઝ અને રોઝા પછી હાજત માંગો, તેમાં પ્રથમ હાજત તમારા ઝમાનાના ઈમામ (અ.ત.ફ.શ.) માટે હોવી જોઈએ, ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની

https://downloadshiabooks.com/

હાજતને પોતાની હાજતો (ઈચ્છાઓ) ઉપર અગ્રતા આપો. કારણ કે, તમામ દુનિયા અને તેમાં રહેનારા લોકો આ હઝરતની મુબારક હસ્તીને કારણે જ જીવંત છે. જે કાંઈ હું કહું છું તેના ઊપર અમલ કરો. કારણ કે, આ રોશન હકીકત છે કે જો કોઈપણ પોતાના મૌલા બાબતે કોતાહી કરે, મેં જે બયાન કર્યુ છે તેના પર અમલ કરવામાં ગફલત કરે તો અલ્લાહની કસમ આ શરમજનક ભૂલ છે.

શું તમે કયારેય વિચાર્યુ છે કે આપણી હિદાયત કરનાર પાકીઝા ઈમામો (અ.મુ.સ.)એ આ બાબત આટલું બધું મહત્વ શા માટે આપ્યું છે?

શું આ બાબતની અગત્યતા ઉપર કોઈ વખત ધ્યાન આપ્યું છે? ફરી પાછો એક વખત કહું છું જે કાંઈ મેં બયાન કર્યુ છે તે પછી તમારી પાસે કોઈ બહાનુ બચતું નથી કે તમે જલ્દી ઝહૂર થવા માટે દુઆ કરવાને મહત્વ ન આપો.

ટૂંકમાં હઝરત વલીએ અસ્ર (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરવી અસરકારક છે. મોહબ્બત, માઅરેફત, વફાદારી અને દીનદારીની નિશાની છે. દરેક શિઆને પોતાના ઈમામ (અ.સ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરવી જોઈએ.

## દુઆની નવાઈ પમાડનારી અસરો

એક કિતાબ 'મિકયાલુલ્મકારીમ' કે જે દુઆની બરકતો અને અસરોને બયાન કરે છે અને ઝહૂરમાં જલ્દી થાય તે માટે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના શિઆઓ અને મોહીબ્બોની જવાબદારીઓનું બયાન કરે છે તેમજ સાથે સાથે ગૈબતના ઝમાનામાં પઢવામાં આવતી દુઆઓના બાબતે એક અમૂલ્ય

https://downloadshiabooks.com/

તોહફો છે. આ કિતાબનું સંપાદન ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના મુબારક હુકમથી થયું છે એટલે સુધી કે તેનું નામ પણ હઝરતે પસંદ કર્યું છે. જેનું વાંચન ઈમામ (અ.સ.)ના આશિકો માટે ઘણું બધું ફાયદાકારક અને ઉમ્મીદ બક્ષ છે.

આ કિતાબના પહેલા ભાગમાં લેખકે આયતો અને રિવાયતોની રોશનીમાં ઈમામે ઝમાના (અ.સ.)ના જલ્દી ઝહૂરની દુઆ માટે ૧૦૨ ફાયદાઓ અને અસરો બયાન ફરમાવી છે તેમાંથી અમુકની તરફ અહીં ઈશારો કરીએ છીએ.

* ખુદાની નઝદીક સૌથી સારો અને પસંદીદા અમલ છે પરવરદિગાર અને રસૂલેખુદા (સ.અ.વ.)ની ખુશનુદીનું કારણ છે.
* ગુનાહો માફ થાય છે અને ગુનાહો નેકીમાં ફેરવાઈ જાય છે.
* અલ્લાહ તઆલા અને રસૂલેખુદા (સ.અ.વ.)ની તાઅઝીમ અને ફરમાબરદારી છે.
* માનવંત પયગંબર (સ.અ.વ.) અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની શફાઅતના હકદાર બનાવે છે.
* ઈલાહી વચન અને વાયદાથી વફા અને રિસાલતના હક અદા કરવાનું માધ્યમ છે.
* દુઆ કબૂલ થવાનું, બલા અને અઝાબ દૂર થવાનું, નેઅમતો નાઝિલ થવાનું અને રિઝ્કમાં બરકત થવાનું કારણ બને છે.
* જાગૃત અથવા સ્વપ્નની હાલતમાં દિલમાં આપના દીદારની તમન્ના-ઈચ્છા થાય છે.
* ઝહૂરના સમયે દુનિયામાં પરત ફરવાનો મૌકો મળે છે.
* દિલમાં ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની નૂરે વિલાયતનું પ્રમાણ વધવાનું કારણ છે.

https://downloadshiabooks.com/

* આખેરતના અઝાબથી નજાતનો (મુક્તિ)નો પરવાનો છે.
* અલ્લાહ તઆલાની મદદ મળે છે.
* ઉમ્રમાં વધારો થાય છે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાને ઈલ્મ હાંસિલ કરવાવાળા જેટલો સવાબ મળે છે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ માંગવાવાળાને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની સાથે મહેશૂર કરવામાં આવશે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની દુઆ મળે છે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળો ખુદાવંદે મુતઆલ અને રસૂલેખુદા (સ.અ.વ.)ની નઝદીક મહબૂબતરીન મખ્લૂક બની જાય છે.
* પયગંબરે અકરમ (સ.અ.વ.)ની દુઆ સાથે અને ઝમાનત સાથે જન્નતમાં દાખલ થવાનું કારણ બને છે.
* મઝલૂમની મદદ કરવા જેટલો સવાબ મળે છે.
* હઝરત સૈયદુશ્શોહદાઅ (અ.સ.)ના ખૂનનો બદલો લેવા-વાળાઓનો સવાબ મળે છે.
* સિત્તેર હજાર ગુનેહગારો માટે 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાની શફાઅત કબૂલ કરવામાં આવશે.
* કયામતના દિવસે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની દુઆ સાથે-સાથે હશે.
* દુઆ ખુદ દુઆ કરવાવાળાને હિસાબ વગર જન્નતમાં દાખલ કરશે.
* ઈબ્લીસના મોઢાને ઝખ્મી કરવાનું કારણ છે.
* કયામતના દિવસે પ્યાસથી અમાનનું કારણ છે.

https://downloadshiabooks.com/

* જે બેઠકમાં ઝહૂરમાં જલ્દી થાય તેવી દુઆ કરવામાં આવે છે ત્યાં ફરિશ્તા હાજર થાય છે.
* પયગંબરે અકરમ (સ.અ.વ.)ની સાથે રહી શહાદત અને હઝરત મહદી (અ.ત.ફ.શ.)ના પરચમ તળે રહેવાનો શરફ અને સવાબ મળે છે.
* આખેરતમાં 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાના દરજ્જો દરેક શહીદ કરતા ઊંચો હશે.
* હઝરત સિદ્દીકએ તાહેરા (સ.અ.)ની શફાઅત 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાને મળશે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાના દુનિયા અને આખેરતના દરેક ગમ દૂર થઈ જશે.
* 'જલ્દી ઝહૂર'ની દુઆ કરવાવાળાના હકમાં ફરિશ્તા દુઆ કરતા રહે છે.

હવે જયારે એ વાતની ખબર પડી ગઈ કે દુઆની અસર ઝહૂરને નઝદીક થવામાં કેટલી અસરકારક છે, તો આ વાત જાગૃતિનું કારણ બનશે કે અગર મોમીન ગૈબતના ઝમાનામાં પોતાની નજાત અને પોતાની ભલાઈ માટે પોતાના પેશ્વાના 'જલ્દી ઝહૂર'ને ખુદાથી તલબ કરશે તો ખુદા તેના માટે એવા રસ્તાઓ ખોલી દેશે, જેનાથી તે પોતાના ઈમામ (અ.સ.)ને ઓળખી લેશે અને તેઓની તરફ ધ્યાન કેન્દ્રીત થઈ જાશે અને આ રસ્તા પર વધારેમાં વધારે કોશિશ કરશે.

ઈમામે મુન્તઝર (અ.સ.)ના ઝહૂર માટે દુઆ કરવી અસરકારક અને મહત્વપૂર્ણ અમલ છે કે જેના માટે દરેક શિઆએ

https://downloadshiabooks.com/

કોશિશ કરતા રહેવું જોઈએ. દરેક જગ્યાએ દરેક સ્થળે અને સમયે તેને ભૂલવું ન જોઈએ અને તેને છોડી દેવું અથવા તેનાથી ગફલત વર્તવા માટે કોઈનું કોઈપણ પ્રકારનું બહાનુ કબૂલ ન થઈ શકે, ખરેખર જે લોકો અલ્લાહની હુજ્જત ઊપર અકીદો રાખે છે તે પોતાની વ્યક્તિગત, સામાજિક અને રાજકીય સત્તા તેમજ પોતાની ઈલ્મી, વિચારસણી અને માલો-દૌલતના પ્રભાવ પ્રમાણે ઈમામ (અ.સ.) બાબતે જવાબદાર છે.

આજના ઝમાનામાં ઈમામ (અ.ત.ફ.શ.)ની મદદ માટે જરૂરી ચીજોમાંથી એક ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની માલી મદદ છે.

બહુજ અફસોસની વાત છે કે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની આટલી બધી સખત જરૂરત હોવા છતાં પણ શિઆ સમાજમાં તેઓ બાબતે બહુજ ઓછી માહિતી છે. દુનિયાના લોકો ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) બાબતે વાંચન કરે, તેઓ બાબતે કાંઈ સાંભળે, જાણકારી મેળવે, તે બાબતે કોઈપણ પ્રકારની સગવડતા નથી. અત્યાર સુધી અલ્લાહ તઆલાની આ જીવંત હુજ્જત બાબતે જાણકારી આપવા માટે અમુક જગ્યાએ અમુક લોકો તેમજ સંસ્થાઓ જે કાંઈપણ કામ કરી રહ્યા છે. તે જેટલું થવું જોઈએ તેના પ્રમાણમાં ઘણુ જ ઓછું થયું છે.

વધારે અફસોસની વાત એ છે કે અમુક અહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનો, ગુમરાહ ફિરકાઓ ઈસ્લામી દેશોમાં અઢળક માલ ખર્ચીને પોતાની બાતિલ વિચારસરણીઓને ફેલાવી રહ્યા છે. પરંતુ આપણે પાકીઝા ઈસ્મતવાળા ખાનદાનના

https://downloadshiabooks.com/

ચાહવાવાળાઓ તબલીગ જેવી અગત્યની જવાબદારીથી ગાફિલ છીએ.

અલ્લાહ તઆલા કુરઆને શરીફમાં ઈરશાદ ફરમાવે છે કે,

مَّن ذَا الَّذِي يُقْرِضُ اللَّهَ قَرْضًا حَسَنًا فَيُضَاعِفَهُ لَهُ أَضْعَافًا كَثِيرَةً

**‘‘કોણ છે જે અલ્લાહની રાહમાં કર્ઝ આપે, જેથી અલ્લાહ તેને અનેક ગણું અતા કરે.’’** – સૂરએ બકરહ, આયત. ૨૪૫

આપણે દરેક એ જાણીએ છીએ કે આ આયત કર્ઝે હસ્ના આપનાર અને ગરીબોની મદદ કરનાર સંસ્થાના બોર્ડ ઊપર લખવામાં આવે છે. જેથી આસપાસના લોકોનું ઘ્યાન રહે તેમજ નેક કામો ઊપર ખર્ચ કરનારાઓને ઊત્તેજન મળે, જયારે આ આયતના અસલ હેતુથી આપણે બિલ્કુલ ગાફિલ છીએ. આ આયતમાં બધા ઈન્સાનો માટે માઅરેફતની રાહમાં કોશિશ કરવાનું એલાન છે, જે જમીન ઊપર અલ્લાહના ખલીફાની મોહબ્બત અને વિલાયતના માટે તેઓની માઅરેફત મેળવવાની કોશિશ કરે છે.

જયારે ઈમામ સાદિક (અ.સ.)ને ઉપરોકત આયત બાબતે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે આપ (અ.સ.)એ ફરમાવ્યું કે, ‘‘ઈમામ (અ.સ.) સાથે જોડાએલ રહેવા બાબતે નાઝિલ થયેલ છે.’’

– ઉસૂલે કાફી, જિલ્દ.૧, પેજ.૧૨૯

આ જ રીતે એક બીજી હદીસમાં ફરમાવે છે કે,

‘‘અય મિય્યાહ! એક દિરહમ જે ઈમામ (અ.સ.)ને પહોંચે તે ઓહદના પહાડ બરાબર છે.’’ આયતુલ્લાહ મૂસવી ઈસ્ફહાની જેઓ મિકયાલુલ મકારીમના લેખક છે તેઓ કાએમ (અ.સ.)

https://downloadshiabooks.com/

માટે દુઆ કરવાના ફાયદાઓના પ્રકરણમાં ગૈબતના ઝમાનામાં શિઆઓની જવાબદારી અને ઈમામ (અ.સ.) સાથે સિલેરહેમ બાબતે અનેક રિવાયતો અને હદીસોની નોધ કર્યા પછી તેઓ ફરમાવે છે.

''મોઅમિનને જોઈએ કે દર વર્ષે પોતાના માલમાંથી કાંઈપણ ઈમામ (અ.સ.)ને હદીયો આપે. આ કામ દર વર્ષે કરતો રહે. માલદાર, ગરીબ, સ્ત્રી અને પુરૂષ દરેકે પોતાની હેસીયત અને શક્તિ પ્રમાણે આપવું જોઈએ. રિવાયતમાં તેનું પ્રમાણ નક્કી કરવામાં નથી આવ્યું. આ કામ મુસ્તહબ-પસંદીદા છે તેના ઊપર ખાસ ભાર આપવામાં આવ્યો છે. જેને ઈમામ (અ.સ.)ની ભાષામાં ફરીઝા તરીકે યાદ કરવામાં આવેલ છે.

કુલયનીએ કાફીમાં પોતાની સનદ સાથે ઈમામ સાદિક (અ.સ.)થી નકલ કરેલ છે.

''અલ્લાહ તઆલા પાસે કોઈપણ ચીઝ ઈમામ (અ.સ.) માટે દિરહમો ખર્ચ કરવા કરતા વધારે પસંદીદા નથી. અલ્લાહ તઆલા એક દિરહમના બદલામાં બેહિશ્તમાં ઓહદના પહાડ બરાબર સવાબ આપશે.''

બીજી એક ભરોસાપાત્ર હદીસ આપ (અ.સ.)થી નકલ કરવામાં આવેલ છે. જેમાં આપ (અ.સ.)એ ફરમાવ્યું કે, ''હું મદીનામાં માલદાર હોવા છતાં પણ ઘણી વખત આપની પાસેથી એક દિરહમ પણ કબૂલ કરૂં છું કારણ કે તમો પાકો-પાકીઝા થઈ જાઓ.'' – મિક્યાલુલ મકારીમ, જિ.૨, પેજ.૩૫૧-૩૫૩

દરેક એવો ઈન્સાન જે એમ વિચારે કે ઈમામ (અ.સ.) લોકો પાસેથી મળનાર ચીઝોના મોહતાજ છે. તે ઈન્સાન ઈમાનની

https://downloadshiabooks.com/

ભૂલ છે. ખરેખર તો ઈન્સાન મોહતાજ છે કે ઈમામ (અ.સ.) તેના માલને કબૂલ કરે.

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે.

''તેઓના માલમાંથી સદકો લઈ પાકો-પાકીઝા કરી દ્યો.'' કુરૂએ કાફીમાં ઈમામ સાદિક (અ.સ.)ની એક દિલચશ્પ હદીસ નકલ કરવામાં આવેલ છે. આપ (અ.સ.) ફરમાવે છે કે ''હજ બાબતે એક દિરહમ વાપરવો તે બીજા કામો માટે દસ લાખ દિરહમ વાપરવા જેવું છે અને એક દિરહમ જે ઈમામ (અ.સ.) સુધી પહોંચે તે હજમાં દસ લાખ દિરહમ વાપરવા જેવું છે.''

ઈમામ (અ.સ.)ની આ હદીસ ઊપર વિચાર કરીએ તો એક રૂપિયો હજમાં વાપરવો બીજા નેક કામોમાં દસ લાખ રૂપિયા વાપરવા બરાબર છે અને એક રૂપિયો ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની રાહમાં વાપરવો તે દસ લાખ રૂપિયા મકબૂલ હજમાં વાપરવા બરાબર છે. સાદા હિસાબ પ્રમાણે એક રૂપિયો ઈમામ (અ.સ.)ની રાહમાં વાપરવો બીજા નેક કામોમાં એક અબજ રૂપિયા વાપરવાના બરાબર છે આમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. આજ શિઆ અકાઈદનો પાયો છે.

આપણો અકીદો છે કે અલ્લાહ સુબ્હાનહુએ તમામ જહાન, ગ્રહો, આસમાન, બધી જ મખલૂક, ફરિશ્તાઓ, જિન્નાતો બધુ જ અહલેબૈત (અ.મુ.સ.)ના તુફૈલમાં બનાવ્યુ છે. ઈન્સાનનું સર્જન ફકત અને ફકત એટલા માટે જ કરવામાં આવ્યું છે કે તે પોતાના ઝમાનાના ઈમામ (અ.ત.ફ.શ)ની માઅરેફત મેળવે અને મળેલ હિદાયત પ્રમાણે અલ્લાહ તઆલાની ઈબાદત કરે, માટે જ ઈમામ (અ.ત.ફ.શ)ની માઅરેફત ધરાવનારને આટલી

https://downloadshiabooks.com/

બધી ઈઝ્ઝત-માન આપવામાં આવે છે. મોઅમિનોએ આ ખુશખબરીને ગંભીરતાપૂર્વક લેવી જોઈએ અને તે મુજબ અમલ કરવો જોઈએ.

અફસોસની વાત છે આ નેકીમાં ખર્ચ કરવાનો રિવાજ શિઆઓ દરમિયાન પ્રચલિત નથી, તેના ઊપર અમલ નથી થતો માટે જ જરૂરી છે કે હઝરત બકીય્યતુલ્લાહ (અ.ત.ફ.શ.)ના આશિકો અને મુન્તઝીરો આ નેક સિરત જીવંત કરે, જે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મદદ માટે અસરકારક છે, માટે ગંભીરતાપૂર્વક આ બાબતે પગલા ભરે, તેના ઊપર અમલ કરે.

ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના ફઝાએલ બયાન કરવામાં આવે, તેઓની ગૈબત અને મઝલૂમીયતનો ઝિક્ર કરવામાં આવે અને ગંભીરતાપૂર્વક આપણી જવાબદારી અદા કરવા ઉપર ધ્યાન દોરવામાં આવે, ઉપરોક્ત બબતો ઉપર અમલ કરવાને અગ્રતા આપવામાં આવે, જેનાથી હઝરતની માઅરેફત હાંસિલ થાય, શિઆઓને ઈમામતના દરવાજા પાસે લાવવામાં આવે, આ બાબતે તેઓની જવાબદારી સમજાવવામાં આવે. બહેતરીન કામ આ છે કે એવી કિતાબોનું સંપાદન કરવું જે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની માઅરેફત વધારે, તેઓ (અ.ત.ફ.શ.) બાબતે જાગૃતી લાવે.

અલબત્ત જે લોકો સંપાદન અને પ્રકાશન માટે સમર્થ નથી. તેઓએ આર્થિક મદદથી આ કાર્યને જીવંત રાખવું જોઈએ. લોકોમાં કિંમતી પ્રકાશનના વાંચનનો શોખ જાગૃત કરી, અહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતના બીજ રોપવા જોઈએ જેથી લોકોના દિલોમાં તેઓની મોહબ્બત વસાવી શકાય. આ અમલને કારણે તહેઝીબ-સાંસ્કૃતિક અને તબલીગી ખિદમતનો મહાન સવાબ

https://downloadshiabooks.com/

મળશે જેનો ઝિક્ર રિવાયતોમાં થયો છે. આ ઉપરાંત ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની મહેરબાનીઓને પોતાના તરફ ફેરવી શકાશે.

જો કોઈ એમ કહે કે મારી પાસે વકતૃત્વકળા નથી કે લોકો મારી વાત સાંભળે, ન મારી પાસે માલો-દોલત છે કે હઝરત (અ.ત.ફ.શ.)ની રાહમાં વાપરી શકું, ન લેખન શક્તિ છે કે લેખ અથવા કિતાબ લખું. તો ઓછામાં ઓછું દરેક સમયે ઈમામ (અ.ત.ફ.શ.)ની યાદમાં મશગૂલ રહેવું જોઈએ, દરેક સમયે પોતાના દિલ-દિમાગને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની યાદથી ખુશ્બૂદાર રાખવું જોઈએ. તેઓના જલ્દી ઝહૂર માટે દુઆ કરવી જોઈએ અને બીજાઓને પણ આ કાર્યનો શોખ અપાવવો જોઈએ.

યાદ રાખજો કે તેનો મતલબ હરગિઝ એમ નથી કે પોતાના વ્યક્તિગત અને સામાજિક કાર્યો ન કરે. બલ્કે પોતાની બધી જવાબદારીઓ અદા કરતો રહે સાથે સાથે ઈમામ (અ.ત.ફ.શ.) સાથે દિલી સંબંધ કાયમ રાખી, ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરવાની 'જે પોતાની વ્યક્તિગત અને સામાજિક અગત્યની જવાબદારી છે, તેને પણ અદા કરતો રહે. હઝરત બકીય્યતુલ્લાહ (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરવી, તે આસમાની ખજાનાને જાહેરમાં અને એકાંતમાં, સામાન્ય રીતે અને ખાસ રીતે યાદ કરવા, તે બહેતરીન કામ છે. ઈમાનની નિશાની છે. જેવી રીતે કે ઈમામ મૂસા કાઝિમ (અ.સ.)નો ઈરશાદ છે.

''તેઓ (અ.ત.ફ.શ.)ની મુબારક હસ્તી આંખોથી ગાયબ હશે, પરંતુ મોઅમિનોના દિલ તેઓ (અ.ત.ફ.શ.)થી ગાફિલ નહી હોય.'' - કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૩૬૮ - ૩૬૯

https://downloadshiabooks.com/

આજ યાદને કારણે આખરી ઝમાનાના ફિત્નાથી નજાત મળશે, જુદી-જુદી આયતો અને રિવાયતો અને ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના પૈગામો અને ફરમાનોની રોશનીમાં 'આ આયત ઉપર અમલ કરનાર બનીએ'

أَنۡ تَقُومُوا لِلّٰهِ مَثۡنٰى وَفُرَادٰى

**''એક-એક અથવા બે-બે અલ્લાહની રાહમાં કયામ કરો.''**

– સૂરએ સબા, આયત નં.૪૭

જયારે પણ એકાંતમાં તૌબા કરો ત્યારે ઈમામ (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝહૂર માટે દુઆ કરો અને બધા સાથે મળીને પાક-પાકીઝા જગ્યાઓએ જેમ કે માઅસૂમીન (અ.મુ.સ.)ના હરમમાં, મસ્જિદોમાં, ઈમામ બારગાહોમાં, દીની પ્રોગ્રામમાં દિલના ઊંડાણથી તૌબા સાથે આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઈન્તેકામ લેનારના જલ્દી ઝહૂર માટે દુઆ કરવી જોઈએ. મહાન અલ્લાહ પાસે તેઓને જલ્દી મોકલવા માટે વિનંતી કરવી જોઈએ.

## વ્યક્તિગત અને સામાજિક દુઆ

જલ્દી ઝહૂર માટેની દુઆને દરેક વખતે ધ્યાનમાં રાખવી જોઈએ અને ખાસ કરીને જ્યાં મોઅમેનીન ભેગા થયા હોય અને જે મજલીસો અહલેબૈત (અ.મુ.સ.)થી મનસુબ હોય, ત્યાં તે મજલીસોમાં જલ્દી ઝહૂર માટે દુઆ કરવી જોઈએ.

ઈમામ સાદિક (અ.સ.) ઈરશાદ ફરમાવે છે :

''જયારે પણ ચાલીસ માણસો દુઆ માટે સાથે ભેગા થાય છે અને પોતાની હાજત માટે ખુદાને યાદ કરે છે ત્યારે ખુદા તેઓની દુઆઓને કબૂલ કરે છે અગર ચાલીસ ન હોય, ચાર

https://downloadshiabooks.com/

પણ હોય અને ભેગા મળીને દસ-દસ વખત ખુદાવંદે અઝઝ વ જલ્લને યાદ કરે. તો ખુદા તેઓની દુઆઓને કબૂલ કરે છે. અગર ચાર માણસો પણ ન હોય, એક અકેલો હોય અને ચાલીસ વખત ખુદાને પુકારે તો પણ ખુદાએ અઝીઝ વ જબ્બાર તેની દુઆને કબૂલ ફરમાવશે.'' – કાફી, જિલ્દ.૨, પેજ.૪૮૭

આપ (અ.સ.) આ પણ ઈરશાદ ફરમાવે છે કે ''જયારે પણ કોઈ વાત મારા વાલિદને ગમગીન કરતી, ત્યારે ઔરતો અને બચ્ચાઓને ભેગા કરી, આપ (પોતે) દુઆ કરતા હતા અને તેઓ બધા આમીન કહેતા હતા.'' – કાફી, જિલ્દ.૨, પેજ.૪૮૭

અહલેબૈત (અ.સ.)ના મોહીબ્બો અને દોસ્તો, સૈયદુશ્શોહદાના અઝાદારો અને મજલીસોનું આયોજન કરવાવાળાઓ, સોગવારી અને મઝહબી અંજુમનોમાં શિરકત કરવાવાળાઓએ જાણવું જોઈએ કે જ્યારે અઈમ્મએ અત્હાર (અ.મુ.સ.) પ્રત્યે મોહબ્બત જાહેર કરીએ; ચાહે ગમના દિવસોમાં હોય કે ખુશીના મોકા પર હોય ત્યારે પણ દુઆ કબૂલ થવાનો સમય હોય છે કે જેમાં આપણે જલ્દી ઝહૂર માટે દુઆ કરીને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ખુશ્નુદીને હાંસિલ કરી શકીએ છીએ. તે દરેક હાલતોમાં ખાસ એવા સમયે કે જયારે આંખોમાંથી આંસુ નીકળે, દિલ નરમ થઈ ગયું હોય ત્યારે અબા અબ્દીલ્લાહ (અ.સ.)ના ગરીબ ફરઝંદ અને પાક ખૂનનો બદલો લેવાવાળાના ઝહૂરમાં જલ્દી થાય તેવી દુઆ કરવી જોઈએ.

બિલ્કુલ એવી જ રીતે જેમ ઝિયારતે આશૂરામાં પઢીએ છીએ. 'હું ખુદાથી ઈચ્છુ છું કે મને એવા મકામ સુધી પહોંચાડી દે જયાંથી આપના ખાનદાનથી જોડાઈ જાવ અને મારા નસીબ

https://downloadshiabooks.com/

એવા બનાવી દે કે આપ અહલેબૈત (અ.મુ.સ.)માં ઈમામે મહદી (અ.ત.ફ.શ.)ની સાથે આપના ખૂનનો બદલો લઈ શકું અને આપના દુશ્મનોને તેની સજા સુધી પહોંચાડી શકું'

કિતાબ મિકયાલુલ મકારિમમાં પણ આવેલું છે કે હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.) ઈરશાદ ફરમાવે છે :

''જો કોઈ મોઅમિન મજલીસે અઝામાં હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.)ના ઝિક્રે મસાએબ પછી મારી માટે દુઆ કરે છે, તો હું પણ તે મોઅમિનના હકમાં દુઆ કરૂં છું.''

– મિક્યાલુલ મકારીમ, જિલ્દ.૧, પેજ.૩૩૩

અલ્લામા અમીની (ર.અ.)થી પણ મનકુલ છે કે તેઓ ફરમાવતા હતા.

''જે કોઈ પણ સલવાત પછી 'વ અજ્જીલ ફરજહુમ' કહેશે હું તેને કિતાબ 'અલ ગદીર' લખવાના સવાબમાં મારી સાથે ભાગીદાર બનાવીશ.''

અહલેબૈત (અ.મુ.સ.)ના ઝાકિરો અને શાએરો પોતાની તકરીરો, શેઅરો, મન્કબત અને મરસિયામાં ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ને કેન્દ્ર બનાવે અને દુઆઓ કબૂલ થવાની પળોમાં ખુદાવંદે આલમના દરબારમાં આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂરની માંગણીથી ગાફિલ ન રહે.

શેખે હસન સામર્રાઈ જે ઈરાકના પરહેઝગાર ઝાકિર હતા. તેનાથી મનકુલ છે આપે ફરમાવ્યું કે હું સામર્રામાં રહેતો હતો. તે દિવસો દરમ્યાન જુમ્માહના દિવસે અસ્રના સમયે સરદાબે મુકદ્દસમાં ગયો. ત્યાં મારી સિવાય કોઈ ન હતું. અચાનક મારૂં ધ્યાન મકામે સાહેબુલ અમ્ર (અ.ત.ફ.શ.) તરફ ગયું.

https://downloadshiabooks.com/

એવી હાલતમાં પાછળથી એક અવાજ આવ્યો કે જે ફારસીમાં હતો.

''અમારા શિઆઓ અને દોસ્તોને કહો કે ખુદાને અમારી માનવંત ફઈ જનાબે ઝૈનબ (સ.અ.)ની કસમ આપે કે જેથી મારો ઝહૂર નજીક આવી જાય.''

– શિક્સ્તગાને હઝરત મહદી, જિલ્દ.૧, પેજ.૨૫૧

## શૈતાનનો ફરેબ

અમુક લોકો એમ માને છે કે ઝહૂરની દુઆ કરતા પહેલા જરૂરી છે કે નફસને પાકો–પાકીઝા કરવામાં આવે અને દુઆ માટે લાયકાત પૈદા કરવામાં આવે. આ એક બહુ મોટી ભૂલ છે અને શકય છે કે આ શૈતાનનો વસવસો હોય. એટલા માટે કે લાયકાત હાંસિલ કરવામાં મશગૂલ કરીને ફુરસતની પળોને છિનવી લે અને લાયકાત પણ હાંસિલ ન થઈ શકે. તેના સિવાય યાદ રાખવું જોઈએ કે દુઆ પોતે પણ લાયકાત હાંસિલ કરવા અને નફસની પાકીઝગી હાંસિલ કરવાનો એક અગત્યનો હિસ્સો છે. શું અહલેબૈતે ઈસ્મત (અ.સ.) આયતે તત્હીરના મીસ્દાક નથી? નફસની પાકીઝગી હાંસિલ કરવા માટે આ ખાનદાન સાથે જોડાઈ જવા સિવાય બીજો કોઈ ભરોસાપાત્ર રસ્તો છે? જયારે શૈતાનને અલ્લાહની બારગાહમાંથી કાઢી મૂકાયો, ત્યારે તેણે ખુદા પાસે માંગણી કરી કે તેની હજારો વર્ષની ઈબાદતનો બદલો કયામત સુધીની મોહલતના રૂપમાં દેવામાં આવે.

શૈતાને ખુદા પાસે માંગણી કરી કે પરવરદિગાર ! મને તે દિવસ સુધીની મોહલત આપ. જે દિવસે મખ્લૂકાતને ફરીથી સજીવન કરવામાં આવે.

https://downloadshiabooks.com/

ખુદાવંદે ઈરશાદ ફરમાવ્યો,

فَإِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ إِلىٰ يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ

''તને ચોક્કસ મુદ્દત સુધીની મોહલત આપવામાં આવી.''

- સૂરએ હિજ્ર, આયત નં.૩૮ - ૩૯

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે આ આયતમાં વકતે મઅલૂમથી મુરાદ કાએમે આલે મોહમ્મદ (અ.ત.ફ.શ.)ના કયામનો દિવસ છે. જયારે ખુદાવંદે આલમની ઈજાઝતથી તેઓ કયામ ફરમાવશે, ત્યારે ઈબ્લીસ મસ્જિદે કુફા સુધી આવશે. એવી હાલતમાં કે ગોઠણભર રસ્તા પર ઘસડાતો હશે અને કહેતો હશે 'વાય થાય તે ઝમાના પર' તે વખતે તેના માથાના વાળને પકડી તેનું ગળું કાપી નાખવામાં આવશે. તેજ ઘડીએ તેને અપાયેલ મુદ્દત ખત્મ થઈ ચૂકી હશે.

ઈમામે રઝા (અ.સ.)એ પણ આ આયતની તફસીરના અનુસંધાને ઈરશાદ ફરમાવ્યું :

''જે વખતે બધાને શૈતાનના મરવાના સમયની ખબર પડી જશે. તે જ અમારા અહલેબૈત (અ.મુ.સ.)ના કાએમ (અ.સ.)ના ઝહૂરનો દિવસ હશે.'' - કમાલુદ્દીન, ૩૭૧:૨, બાબ.૩૫, હા.૫

આજ કારણથી શૈતાન પોતાના દરેક મક્રો-ફરેબ, બહાનાઓ, થકી પોતાના સાથીદારો અને લોકોના ધ્યાનને હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની તરફથી ફેરવી નાખવા માંગે છે. માટે જ સંપૂર્ણ કોશિશ અને તાકત અને શક્તિ સાથે તે ઝહૂરના દિવસને ટાળવામાં લાગેલો છે.

https://downloadshiabooks.com/

# એક ફાયદાકારક બાબતનો ઉલ્લેખ

અમુક ક્મઝર્ફ વક્તા–ઝાકિર, સંશોધક–મોહક્કીક, ચિંતન કરનાર આઝાદ વિચારના એવા લોકોમાં મળી આવે છે કે તેઓ બિનજરૂરી બાબતો પર વધારે ધ્યાન આપે છે અને અગત્યની બાબત બયાન કરવાથી ગાફિલ રહે છે. અમુક લોકોએ પોતાની સંપૂર્ણ ઈલ્મી તાકત ઓછી એહમીયતવાળી બાબતોમાં લગાડી દીધી છે, પણ અલ્લાહના વલી (અ.સ.)ના ઈન્તેઝાર અને તેમના ઝહૂરની દુઆથી ગાફિલ રહે છે. તે સાચું છે કે અમુક મુશ્કેલીઓ જેવી કે આખેરૂઝઝમાનાની નિશાની બાબતમાં ગુફતગૂ કરવી, સાંભળવી, વાંચવી અને લખવી ઘણી દિલચશ્પ લાગે છે. પણ આપણી ઉપર ખુદ ઈમામ (અ.ત.ફ.શ.)ની ઓળખાણ, તેમના માટે દુઆ કરવાની જવાબદારી છે. ઝહૂરની નિશાનીઓની ઓળખાણ હઝરતની ઓળખાણની એક શાખા છે. ખુદ હઝરતની ઓળખાણ કરતા તેની અહેમિયત ઓછી છે.

ઈમામ હસને મુજતબા (અ.સ.)એ એક આલિમ મર્હુમ આયતુલ્લાહ મિર્ઝા મોહમ્મદ બાકિર ફકીહ ઈમાનીને સ્વપ્ન કે મકાશિફની હાલતમાં ફરમાવ્યું, ‘‘મિમ્બરો પરથી લોકોને સમજાવો અને તેમને હુકમ આપો કે તૌબા કરે. હઝરત મહદી (અ.સ.)ના ઝહૂર માટે દુઆ કરવી નમાઝે મય્યતની જેમ વાજિબે કિફાઇ નથી કે અમુક લોકોના અંજામ આપી દેવાથી સાકિત થઇ જાય બલ્કે નમાઝે પંજગાના જેમ છે કે જે દરેક બાલિગ ઉપર વાજિબ છે કે ઈમામે ઝમાના (અ.સ.)ના ઝહૂર માટે દુઆ કરે.’’

– મિક્યાલુલ મકારીમનો તરજૂમો, જિલ્દ.૧, પેજ.૪૩૮

https://downloadshiabooks.com/

જો આપણે આજ સુધી આપણી જવાબદારી એવી રીતે અદા કરતા ન હતા જેવી રીતે અદા કરવી જોઈએ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)નો ઈન્તેકામ લેનારના ઝહૂર માટે દુઆ કરવાથી ગાફિલ રહ્યા છીએ. તો આવો ખુદાવંદે મહેરબાનને વાયદો કરીએ અને ખાલિસ રીતે બારગાહે ઈલાહીમાં અરજ કરીએ ''બારે ઈલાહા! જો ઉમ્રની શરૂઆતથી આજ સુધી મારા આમાલ અઈમ્માહ (અ.મુ.સ.) અને તેઓની પાકીઝા ઔલાદની ઝિયારત, કિરાઅતે કુરઆન, નમાઝે જમાઅત, સદકો, અહેસાન, સિલેરહેમી, ઝિક્ર, અઝાદારી અને આ સિવાય બીજા મુસ્તહબ કાર્યોમાંથી કોઈ એવો અમલ હોય કે જે તને રાઝી કરવાનું કારણ બન્યો હોય તો તું આ ક્ષણે મારા બધા અમલને લઈ લે અને દુનિયાને નજાત આપનારના ઝહૂરમાં જલ્દી ફરમાવ અને આજના દિવસથી મારા દરેક અમલે ખૈરનો સવાબ લઈ લે કે જે તારા રાજી થવાનું કારણ બન્યું હોય તેના વાસ્તાથી ઝહૂર જલ્દી મુકર્રર ફરમાવ. ખુદાવંદા મને એક ધડી માટે પણ મારા મૌલાની યાદથી ગાફિલ રહેવા ન દઈશ.''

અહીં બહેતર છે કે ઈમામે ઝમાના (અ.સ.)ના ચાહનાર હાજી શૈખ અહેમદ કાફી ખુરાશાની (ર.અ.)ની ઈમામે ઝમાના (અ.સ.)ની તન્હાઈ બાબતે ફરિયાદ કરતી આ વાતને યાદ કરીએઃ

''અય શિઆઓ! ખુદાની કસમ તમારા આકા આવવાના છે. ખુદાની કસમ તમારો તરફદાર આવનાર છે. આકાજાન! દરેક અમારી ઉપર હુમલો કરે છે અને (સામાન્ય રીતે) આમ જ બને છે. જેનો સરપરસ્ત હાજર ન હોય તેની પર હુમલા કરવામાં આવે જ છે. પીસરે ફાતેમા (સ.અ.) આપના દોસ્ત મૂંઝાઈ ગયા છે. અય મહદીએ કુરઆન! આપના તરફદારોના દિલો તૂટી ગયા છે.

https://downloadshiabooks.com/

આપ પોતે જ ખુદા પાસે પોતાના ઝહૂરની માંગ કરો. શું આપની જુદાઈ અમારી માટે ઓછી છે? કે દુશ્મન પણ મેણા મારે છે અને કહે છે ''જો આપના મૌલા હોત તો આવી જાત''

મારા મૌલા ! અમારા બાળકો જવાન થઈ ગયા, જવાનો વૃધ્ધ થઈ ગયા, અને વૃધ્ધોનો એક સમૂહ મૃત્યુ પણ પામી ગયો, પણ આપના દીદાર ન કરી શકયા. ખુદાની કસમ! અય લોકો! તમારી દુઆઓ અસર રાખે છે. તમારી ફરિયાદ અસરકારક છે. ખુદ મૌલાએ મર્હુમ મજલીસી (અ.ર.)ને ફરમાવ્યું : ''મજલીસી ! શિઆઓને કહો મારા માટે દુઆ કરે.'' હવે હું ચાહું છું કે દુઆ કરો. ખુદાયા! ઝહરા (સ.અ.)ની તૂટેલી પાંસળીનો વાસ્તો, ઈલાહી! ઈમામ હુસૈન (અ.સ.)ના કપાયેલા સરનો વાસ્તો, તને કસમ આપું છું કે ઈમામ (અ.સ.)ના ઝહૂરને નજીક કરી દે.

– મજાલિસે ઉમૂમી, મર્હુમ આકાએ કાફી ર.અ.

## જુદી-જુદી દુઆઓ અને ઝિયારતો

એવું ગુમાન ન કરવું જોઈએ કે ફકત ઝહૂરની દુઆ કરવામાં દુઆએ ફરજ અને ખત્મે સલવાત પઢી લેવી પૂરતી છે. બલ્કે બીજી દુઆઓ, ઝિયારતો, નમાઝો, દુઆએ તવસ્સુલ પણ મૌજૂદ છે કે જેના વડે ફાની દુનિયાના આધાર ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) સાથે રૂહાની સંબંધ કેળવી શકાય છે. તેમાંથી જ એક સલવાતે અબુલ હસને ઝર્રાબે ઈસ્ફેહાની છે જેના વિશે સૈયદ ઈબ્ને તાઉસ (અ.ર.)એ ફરમાવ્યું છે કે,

''જો કોઈ શખ્સ આમાલે રોઝે જુમ્માહમાંથી કંઈપણ અંજામ ન આપી શકે, તો આ સલવાત હરગિઝ ભૂલવી ન

https://downloadshiabooks.com/

જોઈએ. ખાસ કરીને સાહેબુલઅમ્ર (અ.સ.)થી મનસુબ છે કેમ કે આ સલવાતમાં એક રાઝ છુપાયેલો છે. જેનાથી ખુદાએ મને આગાહ કરી દીધો છે.''

*(બેહતરીન કિતાબ જે આ સિલસિલામાં વારિદ થઈ છે અને અહલેબૈત (અ.મુ.સ.)ના ઘણાબધા ચાહનારાઓ સુધી પહોંચી છે અને ઘણી ભાષાઓમાં તરજૂમો પણ થઈ ગયો છે. તે કિતાબ આકાએ સૈયદ મુરતુજા મુજતહેદી દ્વારા સંપાદન થયેલી છે. તેનું નામ 'સહીફએ મહદીયા' છે. અમે દરેક ઈમામે ઝમાના (અ.સ.)નો ઈન્તેઝાર કરનારા શિઆઓને ભલામણ કરીએ છીએ કે આ બહેતરીન કિતાબથી ફાયદો મેળવે અને ઈમામ (અ.સ.)ની નજીક થાય.)*

## ઈમામે અસ્ર (અ.સ.)ની મુકદસ બારગાહમાં તવસ્સુલ

અફસોસની સાથે આ વાત જોવામાં આવે છે કે અમુક અહલેબૈત (અ.મુ.સ.)ના મોહિબ્બો પોતાના તવસ્સુલાત, નઝર અને નિયાઝમાં હઝરત સાહેબુઝઝમાના (અ.સ.)ની તરફ ખૂબજ ઓછું ધ્યાન આપે છે અને તે બુલંદ બારગાહથી ખૂબજ ઓછો ફાયદો હાંસિલ કરે છે. જો કે આ તમામ બુઝુર્ગો એક જ નૂર છે. પણ આ ઝમાનો હઝરત ઈમામ મહદી (અ.સ.)નો છે. ખુદ માઅસુમીન (અ.મુ.સ.)નું ફરમાન છે કે આપણે આપણા હાજર ઈમામની તરફ ધ્યાન આપવું જોઈએ અને તેઓની બારગાહથી મદદ મેળવતા રહેવી જોઈએ. કેમ કે તેઓ આ ઝમાનાના ઈમામ છે અને આ ઝમાનો તેમનો ઝમાનો છે.

https://downloadshiabooks.com/

ગૈબતના કારણે ઈમામતનું કોઈપણ કાર્ય અટકતું નથી, કેમ કે આ કામ ઈમામના દુનિયામાં જાહેર રહેવાથી જ મખ્સૂસ નથી. જેમ કે તેમના પાકીઝા બાપદાદઓના ઈન્તેકાલ બાદ પણ પૂરી દુનિયા તેઓના કબ્જામાં છે. આ જ રીતે તકદીર અને ઈન્સાનીયત તેઓની જ કુદરત (સત્તા)માં છે અને લોકોની દુઆઓ, હાજતો આ જ હુજ્જતે ઈલાહી અને પરવરદિગારના ખલીફાને કારણે મકબૂલ થાય છે.

આ રીતે જો આપણે આ ઝમાનામાં જેમાં ઈમામતનો હોદ્દો આપની મુબારક ઝાતથી સંબંધિત છે. આપણી મુશ્કેલીઓ અને મુસીબતોમાં માઅસૂમીન (અ.મુ.સ.)ની ઝાતથી મુતવસ્સીલ થઈએ છીએ. તો આ બુઝુર્ગો આપણી હાજતોને પોતાના ફરઝંદ કે જે આ ઝમાનાના પેશવા છે તેઓની તરફ રવાના કરી દે છે. જેમ કે મર્હુમ મુકદ્દસ અર્દબેલી (ર.અ.)ની સાથે થયું કે જયારે તેઓએ પોતાની ઈલ્મી મુશ્કેલીને શાહે વિલાયત હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની પાક તુરબતની રૂબરૂ રાખી ત્યારે આપ (અ.સ.)એ તેને ઈમામે ઝમાના (અ.સ.)ની તરફ તવજ્જોહ અપાવતા ઈરશાદ ફરમાવ્યું, ''મસ્જિદે કુફામાં જાઓ અને પોતાના સવાલોને પોતાના ઝમાનાના ઈમામથી પૂછો.''

– બેહારૂલ અન્વાર, જિલ્દ.પર, પેજ.૧૭૪

અલ્લામા ફાઝીલ મામ્કાની ફરમાવે છે કે મને મસ્જિદુલ હરામના સેહનમાં સ્વપ્નની હાલતમાં પયગંબરે અકરમ (સ.અ.વ.)ની ખિદમતે અકદસમાં પહોંચવાનો શરફ હાંસિલ થયો, નમાઝ અદા કર્યા પછી હઝુરની બારગાહમાં અદબની સાથે પોતાની હાજતો બયાન કરવા લાગ્યો ત્યારે આપે ફરમાવ્યું,

https://downloadshiabooks.com/

"માઅ્કાની ! આ મારા ફરઝંદ મહદી (અ.સ.)નો ઝમાનો છે. પોતાની હાજતને ત્યાં લઈ જાઓ." – મૌઉદશ, પેજ નં.૧૮,૧૯

આ જ રીતે એક શિઆએ બયાન કર્યુ છે કે મારા પડોશમાં રહેનાર એક સૈયદે સ્વપ્નમાં જોયું કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.), ઈમામ રઝા (અ.સ.) અને ઈમામે ઝમાના (અ.સ.) તેના ઘરે તશ્રીફ લાવ્યા, સૈયદ તેમના એહતેરામ માટે ઉભા થઈ ગયા, ત્યાં સુધી કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) તશ્રીફ લાવ્યા પણ બે ઈમામ (અ.મુ.સ.) ઉભા જ રહ્યા. પછી ઈમામ રઝા (અ.સ.એ રૂસીઓની શિકાયત કરી કે અમારા શિઆ તેમના કારણે મુશ્કેલાતમાં છે, કાંઈક કરો. હુઝુર અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું "આજે દુનિયાને હુજ્જત ઈબ્નીલ હસન ચલાવી રહ્યા છે તેમને ફરિયાદ કરો."

– શિફતગાને હઝરત મહદી, જિલ્દ.૨, પેજ.૨૮૪

સારાંશ કે બીજા અઈમ્મા (અ.મુ.સ.)ની તરફ તવજ્જો અને તવસ્સુલના કારણે ઈમામે ઝમાના (અ.સ.) તરફ ધ્યાન નથી આપી શકતા. તે જીવંત, ધ્યાન રાખનાર મહેરબાન પેશવાનો હક આપણી ઉપરથી સાકિત નથી થઈ શકતો, દરેક સ્થળે દરેક ગામે ઈમામે ઝમાના (અ.સ.)ના નામ અને તેઓની યાદ સાથે ફરિયાદ કરવી જોઈએ. ફકત કસમ ખાવાના સમયે જ યાદ કરવા ન જોઈએ. મૌલા હંમેશા આપણી પાસે જ છે તેમના મુબારક વજૂદને અલ્લાહની મહાન નેઅમત ગણીને તેઓની સાથેના સંબધથી ગાફિલ ન રહેવું જોઈએ. આપ (અ.સ.) કોઈ આસિસ્ટન્ટ નથી રાખતા. માટે કોઈ વાસ્તા વગર, કોઈપણ સમયે અને પહેલાથી કંઈપણ ખબર કર્યા વગર દરેક સ્થળે તેમજ દરેક સમયે જયારે

https://downloadshiabooks.com/

તેઓથી તવસ્સુલ કરશું. ત્યારે તેઓ આપણી તરફ પોતાની મહેરબાની વરસાવશે. આપણે જોઈશું કે આપ પિતાથી વધારે મહેરબાન, માતાથી વધારે માયાળુ, ભાઈથી વધારે નજીક અને દરેક દોસ્તથી વધારે મજબૂત રિશ્તો નિભાવનાર છે. આપણી તમામ કમઝોરી અને ખામીઓ હોવા છતાં પણ આપણને દોસ્ત રાખે છે. કેમકે જયારે તેમના દુશ્મનો પણ તેમના કારણે મહેફૂઝ છે. અને રોઝી મેળવી રહ્યા છે તેમજ શ્વાસ લઈ રહ્યા છે તો કઈ રીતે આપ (અ.સ.) પોતાના ચાહનારા અને શિઆઓને આમ જ મૂકી શકે છે.

ઈમામ (અ.ત.ફ.શ.) મહેરબાન પિતાની જેમ છે અને આપણે તેમના રૂહાની ફરઝંદોની જેમ છીએ. તો સ્વભાવિક રીતે આપણે જેમ પોતાના જિસ્માની પિતાની સાથે અદબ અને એહતેરામથી પેશ આવીએ છીએ અને અદબની સાથે વાતચીત કરીએ છીએ. તે જ રીતે આપણે પોતાના રૂહાની પિતાની સાથે હંમેશા ચર્ચા કરી શકીએ છીએ, દિલની વાત કરી શકીએ છીએ અને તેવી તમામ બાબતો કહી શકીએ છીએ. જે આપણે આપણા નજીકનાઓને પણ નથી કહી શકતા. દરેક પોતાની ચર્ચા અને દિલની વાતને પોતાની જ ઝબાન અને બયાનમાં ઈમામ (અ.ત.ફ.શ.)ની સામે પેશ કરી શકે છે અને દરેક મુશ્કેલીમાં તે ખુદાના વલીથી તવસ્સુલ કરી શકે છે. બસ તેઓની યાદ અને એહસાસને પોતાના દિલો જાનમાં વસાવીને સંબંધ જાળવવાની તમામ જવાબદારી અદા કરવાની જરૂરત છે.

https://downloadshiabooks.com/

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اصْبِرُوا وَرَابِطُوا

**"અય ઈમાન લાવનારાઓ સબ્ર કરો અને સંબંધ જાળવી રાખો." – સૂરે આલે ઇમરાન, આયત નં.૨૦૦**

આ આયત આપણને ઈમામે અસ્ર (અ.સ.)થી સંબંધ જોડી રાખવાનું ફરમાન આપી રહી છે.

આપણે બધા જે અત્યાર સુધી ગાફિલ હતા, પરંતુ આવો અહીંથી શરૂઆત કરીએ કે સૌ પહેલાં આપણા દ્વારા થઈ ગયેલી ગફલત અને ભૂલ માટે માફી માંગીને અરજ કરીએ કે, "અમે ગુનેહગાર અને ખતાકાર ફરઝંદ આપ (અ.સ.) જેવા મહેરબાન પિતાને મહબુબ રાખીએ છીએ અને આપ ( અ.સ.)ની રજામંદી અને મહેરબાનીની ઉમ્મીદ રાખીએ છીએ.

અય મહેરબાન ઈમામ! આ બધી ખરાબી હોવા છતાં પણ આ મહેરૂમીયતના ઝમાનામાં મને આપની મહેરબાની ભરેલી નજરોથી વંચિત ન રાખશો અને આ મુશ્કેલીભર્યા ઝમાનામાં અમારો સાથ મૂકી ન દેતા, કારણ કે આપની મહેરબાની ભરેલી નજર જ મારા માટે શૈતાનના મક્રો-ફરેબથી બચવા માટે શાંતિપૂર્ણ રસ્તો છે.

અય મારા મહાન સરદાર! આપની મહેરબાની ભરેલી નજર મારી અંદર ક્રાંતિ લાવનારી છે. મારી અંદર શરમ બાકી છે. જેના કારણે હું મારી જાતને આપના ઝહૂર અને કયામતના મુશ્કેલીભર્યા સમયે પરેશાની અને શરમિંદગીનું કારણ બની શકે એવા આમાલથી બચાવું છું.

અય માયાળુ-દયાળુ! મારા માટે અલ્લાહ પાસે એવા આમાલની તોફીક માટે દુઆ કરો. જે આમાલ અલ્લાહની

https://downloadshiabooks.com/

રજામંદી અને તમો અહલેબૈત (અ.મુ.સ.)ની ખુશ્નુદીનું કારણ બને, કારણકે આપની ખુશ્નુદીમાં પરવરદિગારની ખુશ્નુદી છે.

અમારા માટે દુઆ ફરમાવો કે આપની શોભાનું કારણ બનીએ, આપની રૂસ્વાઈનું કારણ ન બનીએ.

અલ્લાહથી દુઆ કરો કે અમને આપની એકલતા અને મઝલૂમીયત ઊંડાણપૂર્વક સમજવાની તોફીક આપે. દરેક પળે આપની મોહબ્બત અને માઅરેફતમાં વધારો થતો રહે અને દિવસે દિવસે આપના દુશ્મનો પ્રત્યે નફરતમાં વધારો થાય.

અલ્લાહથી દુઆ કરો કે હું એક પળ પણ આપનાથી ગાફિલ ન રહું, મને આપના ઝહૂર માટે તેમજ આપના રંજો-ગમ દૂર થવા માટેની દુઆની તૌફીક આપે, અમારા અને આપના ઝહૂરના દરમ્યાન મોતની અડચણ ઉભી ન થાય.

મારા મૌલા! આપની માઅરેફત અલ્લાહની એક મહાન નેઅમત છે. એક એવું નૂર છે. અલ્લાહતઆલા ચાહે તેના દિલને આ નૂરથી નૂરાની કરે છે ચોક્કસપણે એમ ન કહી શકાય કે દરેક બુક અને પેન રાખનારે લખતા-વાંચતા આવડતું જ હોય માટે જ આપના માઅરેફતના ઊંડા સાગરમાંથી થોડી માઅરેફત અને મોહબ્બત અમને ઈનાયત ફરમાવતા રહો. જેથી સેરાતે મુસ્તકીમ ઊપર અડગતાથી કાયમ રહેવાની તૌફીક મળે.''

ઈમામ અસ્ર (અ.ત.ફ.શ.) કુરઆને શરીફની જેમ જ રાહે હિદાયત બતાવનાર છે, માટે આપણા માટે જરૂરી છે કે આ અલ્લાહના વલીના દરવાજા ઊપર સેરાતે મુસ્તકીમ અને હિદાયત શોધવામાં આવે. તેમના તમસ્સુક વડે દીન-દુન્યાની સલામતી અને ઈલાહી કસોટીમાં કામિયાબી મળશે.

https://downloadshiabooks.com/

આજના ઝમાનામાં હલાક કરી નાખનાર મુશકેલીઓ, અકાએદના પરદા પાછળ છુપાઈને વિકાસ પામે છે. જેમાં પ્રથમ રિઝ્ક, દુનિયની ચમક-દમક, વાસનાઓના વમળો અને ઈબ્લીસના વસવસાની જાળ 'જેણે ઈન્સાનને ગુમરાહ કરવા માટે અલ્લાહની ઈઝ્ઝતની કસમ ખાધેલી છે'

બીજી તરફ જયારે રિવાયતોમાં આખરી ઝમાનાનું વર્ણન વાંચીએ છીએ ત્યારે કસોટીઓની એવી ગૂંચવણો દેખાય છે. જેમાં ઈમાન બચાવવું બહુ જ મુશ્કેલ દેખાય છે. ઈમામે ગાયબ ઉપરના યકીનને કાયમ રાખવું એટલું મુશ્કેલ છે જેટલું હથેળી ઊપર રાયના દાણા ઊગાડવા મુશ્કેલ છે. આ બાબતે મજબૂત ઈમાન ઉપરાંત ઘણીજ વધારે સબ્ર અને સહનશીલતાની જરૂરત છે.

બીજી મુશ્કેલી કોઈપણ પ્રકારના અંકુશ વગરની વિચારસરણી ફેલાવવી. જેમાં રંગબેરંગી ફિલસુફી મતોને, દીન બાબતે શંકા-કુશંકાને સજાવીને, પાણીની જગ્યાએ શરાબ, હિદાયતની જગ્યાએ ગુમરાહી, નિર્મળ ઈમાનની જગ્યાએ કુફ્ર-શિર્ક અને નિફાક-દંભને વહેચવામાં આવે છે. રિવાયતમાં આવા લોકોને દીન-અકાએદની રાહના લૂંટારાઓ કહેવામાં આવ્યા છે. માટે સ્પષ્ટ રીતે સમજી લેજો કે આવી ચીજો પાછળ ભાગવાથી બેચેની પરેશાની અને ગુમરાહીના મોજાઓમાં ડુબી જવા સિવાય કાંઈપણ નથી મળવાનું. આ વમળમાંથી નજાત-છુટકારો મેળવવા માટે જરૂરી છે કે આવી ચીજોથી દૂર રહેવું જોઈએ અને હકીકત સાથે સંકળાયેલા રહેવું જોઈએ.

આજ ઝમાનાના અજોડ વ્યક્તિ (ઈમામે ઝમાના અ.ત.ફ.શ.) સિવાય હિદાયત હાંસિલ કરવાનો કોઈ બીજો રસ્તો

https://downloadshiabooks.com/

નથી. આપણે તેઓ (અ.ત.ફ.શ.) અને તેઓના પાકીઝા બુઝુર્ગોની હદીસને ફિલસુફી વિચારધારા, સૂફી વિચારધારા, ઈરફાનના દાવેદારો અને કલામના જૂઠા દાવેદારો સાથે સરખામણી નથી કરી શકતા. આપણે કુરઆને શરીફને સમજવા અને તેની તફસીર માટે અઈમ્માહ (અ.મુ.સ.)ની હદીસોને જ હુજ્જત માનીએ છીએ. આ ગૈબતના, મહેરૂમીના ઝમાનામાં ઈમામ (અ.સ.)ની મુલાકાત શક્ય નથી. આ હદીસો કુરઆને શરીફની જેમ આપણી હિદાયત માટે છે. આ બુઝુર્ગોએ પણ હદીસના રાવી તરફ રજૂ થવાનો હુકમ આપ્યો છે. શું ખરેખર આપણે કોઈ એક રિવાયત ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કર્યો છે ?

દરરોજ સમાચાર પત્રો મેગેઝીન ફિલ્મો, સિરિયલો અને મનોરંજનના પ્રોગ્રામો પાછળ કલાકો બરબાદ કરી નાખીએ છીએ. જે લોકોને શેરો-શાયરીનો શોખ છે તેઓ તેમાં જ લાગેલા રહે છે, તેના ઊપર વિચારે છે, પરંતુ અફસોસ માઅસૂમીન (અ.મુ.સ.)ની એક હદીસ પઢવાથી પણ પરહેઝ કરે છે. માઅસૂમીન (અ.મુ.સ.)ની હદીસ નૂર છે, રૂહાની તરક્કીનો વસીલો છે, દિલને જીવંત રાખે છે, શું અફસોસજનક નથી કે આપણે બીજા લોકોની વાતો સાંભળીએ અને નૂરાની રહબરોની હદીસોથી કાંઈપણ ફાયદો ન મેળવીએ.

આખરી ઝમાનાના તૂફાનમાં ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) જ નજાત-છુટકારો હાંસિલ કરવાનો વસીલો છે. તો શું સખ્તીઓમાં, મુશ્કેલીઓમાં, ઈબ્લીસના સિપાહીઓના હુમલા વખતે આપણે આ નજાતની કશ્તી તરફ ઊમ્મીદ ભરી નિગાહોથી જોઈએ છીએ ખરા? શું આપણે આ પાકીઝા હસ્તી તરફ તવજ્જોહ કરીએ છીએ

https://downloadshiabooks.com/

ખરા? સાચી વાત છે નજાતની કશ્તીની કિંમત તે માણસ જ સમજી શકે છે, જે દરિયામાં ડુબતો હોય, દરિયાના મોજાથી છુટવા માટે કોશિશ કરતો હોય.

અફસોસની વાત છે આપણામાંથી ઘણાં બધા લોકો આ નજાતની કશ્તી, મુબારક હસ્તીને ભૂલી ગયા છે. આપણી આંખો તેઓ (અ.સ.)ને જોવા માટે તરસતી નથી. આપણા દિલના દરવાજા તેઓના દીદાર માટે ખુલતા નથી. બીજાઓથી ઉમ્મીદ રાખીએ છીએ, પણ આ સાચી નજાતની કશ્તીથી બેપરવા છીએ. જો કે ફકત અને ફકત ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.) જ મજબૂત પનાહગાહ છે. ફરિયાદીઓની ફરિયાદ સાંભળનાર, દરેક પુકારનારને જવાબ આપનાર ઈમામ ફરમાવે છે કે ''અમારી તરફ તવજ્જોહ કરવાથી અમારી સાથે તવસ્સુલ કરવાથી પરહેઝ કરતા દેખાવ છો.''

'જો ભિખારી આળસુ હોય તો શેઠનો શું વાક!!?'

દિલોના આ મહેબૂબથી સંકળાય જવા બાદ જીવની દરેક પળ નજાતની ઝામીન બની શકે છે, પરંતુ આ ત્યારે જ હાંસિલ થશે. જયારે સંપૂર્ણ રીતે તેઓની તરફ તવજ્જોહ કરશું, જયાં સુધી તેઓ (અ.ત.ફ.શ.) સાથે સંકળાયેલા રહેશું ત્યાં સુધી આપણું જીવન અને દીનદારી કિંમતી છે અને આફત-બલાથી બચેલા રહેશું.

આવો! ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના આશિક બની જઈએ. દરરોજ અમુક પળો તેઓ (અ.ત.ફ.શ.) સાથે વિતાવીએ. જેથી આપણું જીવન એ મહાન હસ્તી સાથે જોડાઈ જાય, 'યા મહદી'ની અવાજ લોહી બની નસોમાં ફરવા લાગે, દિલની દરેક

https://downloadshiabooks.com/

ધડકન 'અલ અજલ યા બકીય્યતલ્લાહ' કહેવા લાગે. આપણી હાજત પૂરી થવા માટે નહીં પણ ફકત હઝરત (અ.ત.ફ.શ.) માટે ખાલિસ દિલથી આ અમલ કરવામાં આવે. આપણે એ ભૂલવું ન જોઈએ કે તેઓ જમીન માટે સલામતી છે. તેઓ ઝમાનાના માલિક છે. તેઓ સાહેબે મકાન પણ છે. તેઓથી દૂર રહી જીવન મરણ જેવું બની જાય છે. તેઓની માઅરેફત વગરનું મોત પણ જાહેલીય્યતનું મોત છે. જીવનની દરેક પળ આપ (અ.ત.ફ.શ.) યાદથી જીવંત છે.

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની સલામતી માટે સદકો આપો, રોઝા રાખો, કુરબાની કરો અને દરેક સલવાત સાથે 'અજજીલ ફરજહુ' કહી ઝહૂરની તમન્ના-ઈચ્છા કરો. 'અહલિક આઅદાહુ' કહી તેઓના દુશ્મનોથી નફરત જાહેર કરો, તેઓની ઝિયારત માટે બેચૈન થઈ અને ઝહૂરની ઘડીઓ ગણો.

જો આપણી દરેક જરૂરત અને રંજો-ગમમાં તેઓની બારગાહથી તવસ્સુલ કરતા હોય અને આપણી દરેક ખુશીમાં તેઓને યાદ કરતા હોય તો જાન-માલ આબરૂ તેઓના ઝહૂરના સમય માટે બચાવીને રાખવી જોઈએ, ખરેખર તો આ બચાવીને રાખવું આખેરતમાં હંમેશા બાકી રહેનાર થાપણ છે.

એવી રીતે મુન્તઝીર બનીને રહીએ કે બીજાઓ આપણામાંથી ઈન્તેઝારની ખુશ્બૂ પામે. આપણા ફરઝંદનું નામ મહદી રાખો. આપણી દુખ્તરનું નામ મહદીયાહ રાખો. ખરેખર ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની માઅરેફત હાંસિલ કરવી. તેઓ સાથે રૂહાની અને દિલી સંબંધ કેળવવો. તેઓ સાથે સંકળાયેલ રહેવું, તે બધુ ભાષાઓ અને કોમ્પ્યુટરના ક્લાસ કરતા ખૂબ જ

https://downloadshiabooks.com/

વધારે જરૂરી છે.

કયારેક હઝરત માટે જમકરાન જવું જોઈએ, બલ્કે આપણા દિલને જ જમકરાન બનાવી નાખવું જોઈએ આપણા ઘરોને હઝરત મહદી (અ.ત.ફ.શ.)ની યાદથી સુશોભિત કરવું જોઈએ. આપણા અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) દરમ્યાન અંતર ન હોવું જોઈએ.

સૈયદ ઈબ્ને તાઊસ, સૈયદ બહેરૂલ ઊલૂમ, જોડા સિવનાર સૈયદ કરીમ, તાળા રિપેર કરનાર વૃધ્ધ ઈન્સાન, અબુ રાજેહ હમ્મામી, જઅફર નઅલ બંદી, ચીનની નવજવાન દિકરી આ બધા લોકો હુજ્જત પૂરી કરવા માટે કાફી છે. અગત્યનું એ છે આપણા દરેક કામ ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ખુશી માટે હોવા જોઈએ. કેવું સારૂ થાય કે ઝહૂરની અવાજ સાંભળવા માટે કાન માંડીને રાખીએ, આપણા ઘરના દરવાજાની બેલ-ઘંટડીથી 'યા મહદી'ની અવાજ સંભળાય. ફકત રૂકુઅ સજદા અને કુનૂતમાં ઝહૂર માટે દુઆ ન કરીએ પણ દરેક સવારે હઝરત સાહેબુઝઝમાન (અ.ત.ફ.શ.)ના લશ્કરમાં શામિલ થવા માટે એલાન કરીએ.

દરેક જુમ્માની સવારે ઝમાનાના વલીનો સાથ આપવાની સાથે તેઓના ઝહૂરનો ઈન્તેઝાર કરીએ.

આપણને ખબર છે કે દુનિયાનો સુધારો એક પળમાં શકય છે. માટે કોઈપણ સમયે 'અના બકીય્યતુલ્લાહ'ની અવાજ કાનમાં સંભળાઈ શકે છે. જુમ્આહની સાંજના સમયે ઝહૂર ન થવાને કારણે ઈમામ (અ.ત.ફ.શ.) ગિર્યા કરે, ત્યારે આપણે પણ દુનિયાની બધી ચીજો સાથે શા માટે ગિર્યા ન કરીએ? ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ગૈબતના સમયમાં આપણા રાત-

https://downloadshiabooks.com/

દિવસ મુસીબતમાં પસાર થઈ રહ્યા છે? નવરોઝમાં તહવીલના સમયે દિલોને પલટાવનાર અલ્લાહને કસમ આપીએ કે તમામ દુનિયાવાળાના દિલો બકીય્યતુલ્લાહની તરફ ફેરવી નાખે અને ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની તવજ્જોહ-નજરે કરમ આપણા ઉપર થાય જેથી આપણી હાલત બહેતર બને.

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ગૈબતના અંધકારમાં રાત-દિવસ દિલની ધડકનો શરૂ છે, શ્વાસ ચાલુ છે. દરેક જગ્યાએ ઝિંદગીની નિશાનીઓ દેખાય છે. દરેક દસ્તરખાન ઉપર બેસી અને નેઅમતોની મજા મેળવીએ છીએ. આ બધુ અલ્લાહના મહાન વલીની હસ્તીની બરકતને કારણે જ છે અને જો તમામ દુનિયાવાળાઓ તેઓના મહેમાન છે તો આપણે પણ તેઓને ન ભૂલવા જોઈએ. આ નેઅમતો જે મહાન હસ્તીની બરકતથી છે તેઓને ભૂલવા ન જોઈએ. આપણે યકીન રાખવું જોઈએ કે કુરઆન અને ઈતરત દરમિયાન જુદાઈ શકય નથી. અલ્લાહની કિતાબ આપણને ઈમામ (અ.ત.ફ.શ.)ની તરફ તવજ્જોહ અપાવે છે. જયારે પણ કુરઆને શરીફ પઢીએ ત્યારે કુરઆને નાતિક (ઈમામ અ.સ.)ને ન ભૂલીએ. જે લોકોએ 'હસ્બોના કિતાબલ્લાહ – અમારા માટે અલ્લાહની કિતાબ કાફી છે.'નો નારો બુલંદ કર્યો તેઓનો સાથ ન આપીએ બલ્કે કુરઆને શરીફની તફસીર બોલતા કુરઆન (ઈમામ અ.સ.) પાસેથી સાંભળીએ.

જયારે નમાઝ પઢવા માટે ઊભા થઈએ ત્યારે આ વાકયને 'અમારી નમાઝને તેઓના વસીલાથી કબૂલ ફરમાવ' ધ્યાનમાં રાખીએ. 'ઈહદેનસ્સેરાતલ મુસ્તકીમ' કહીએ ત્યારે ધ્યાનમાં રહે કે ખરેખર સેરાતે મુસ્તકીમ આપ (અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તી જ છે.

https://downloadshiabooks.com/

જો આપણને અલ્લાહના ઘર ખાનએ કાબાની હજ નસીબ થાય તો ઈમામે ઝમાના (અ.સ.)ને ભૂલી ન જઈએ. કારણ કે હકીકી હજ તો ઈમામ (અ.સ.)ની મુબારક હસ્તીની આસપાસ તવાફ કરવામાં જ છે. બહેતરીન અમ્ર બિલ માઅરૂફ સમાજને ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની તરફ તવજ્જોહ અપાવવી અને પોતાના મહેબૂબથી ગાફિલ રહેવાથી વધીને કોઈ મુન્કર નથી. હઝરત પયગંબરે અકરમ (સ.અ.વ.) ખુત્બએ ગદીરમાં ફરમાવે છે કે,

''અય લોકો ! ખરેખર હું સેરાતે મુસ્તકીમ છું, અલ્લાહે મારી પૈરવી–અનુસરણનો હુકમ આપ્યો છે. મારા પછી હઝરત અલી (અ.સ.) છે ત્યારબાદ તેઓના ફરઝંદો છે.''

આપણા બાળકોની પરવરિશ આપ (અ.ત.ફ.શ.)ની મોહબ્બત સાથે કરવી જોઈએ. તેઓના દિલો–જાનને આ હઝરતની મહેરબાનીઓના વસીલાથી નૂરાની કરવા જોઈએ. તેઓના દિલોમાં હઝરતની મોહબ્બતની આગ એવી રીતે ભડકાવવી જોઈએ કે આપણને આવા ઈમામ (અ.ત.ફ.શ.) મેળવવા ઉપર ગૌરવ થાય કે આપણને આવા કરામતોવાળા મૌલા મળ્યા.

આપણી ઝિંદગી નેક કામો અને ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ની ખુશનુદી હાંસિલ કરવામાં પસાર થવી જોઈએ. જો આ પ્રમાણે થશે તો ખરેખર ઈમામ (અ.સ.)ને શોધવા માટે કોશિશ નહી કરવી પડે, પરંતુ હઝરત પોતે જ આપણને તેઓની ખિદમતમાં બોલાવી લેશે, આપણા માટે દુઆ કરશે, આપણને આપણા કુટુંબીઓને અને આપણા દોસ્તોને તમામ પ્રકારની બૂરાઈ, ફિત્ના–ફસાદથી દૂર રાખશે અને ખાસ મહેરબાનીઓ ઈનાયત ફરમાવશે.

ખરેખર દીનનો પાયો વિલાયત છે. નમાઝ, રોઝા, હજ વગેરે ફુરૂએ દીન છે. ડાળીઓ આપણને ઝાડથી ગાફિલ નથી કરી શકતી, ન તો છાલ આપણને ફળોના માવાથી દૂર રાખી શકે છે. આજના ઝમાનામાં હિદાયતનો ધોરી માર્ગ, નજાતની કશ્તી હઝરત સહેબુઝ્ઝમાન(અ.ત.ફ.શ.)ની પાકીઝા હસ્તી છે. પણ યાદ રાખવું જોઈએ કે ઈમામ મહદી (અ.ત.ફ.શ.)થી મોહબ્બત તેઓના દુશ્મનો સાથે નફરત વગર મજબૂત થઈ શકતી નથી.

## દુઆઓની અસર

જયારે લોકોને કહેવામાં આવે છે કે ઈમામ (અ.સ.)ના ઝહૂર માટે દુઆ કરો ત્યારે અમુક લોકો કહે છે અલ્લાહ ચાહશે ત્યારે ઝહૂર થઈ જશે. બીજા અમુક લોકો નાઉમ્મીદી જાહેર કરીને કહે છે કે આટલા જલ્દી થોડા ઈમામ (અ.સ.) આવી જશે? આવા લોકોના જવાબમાં કહેશું કે ...

અઈમ્માહ (અ.મુ.સ.)ની રિવાયતમાં વારંવાર શિઆઓને ઝહૂર માટે દુઆ કરવાનું કહેવામાં આવ્યું છે અને લોકોની દુઆને ઝહૂર માટે અસરકારક બતાવ્યું છે.

ઈમામ જાફરે સાદિક (અ.સ.) વારંવાર ઝહૂર માટે દુઆ કરતા હતા અને ઝહૂર માટેની દુઆની અસર બયાન કરતા ફરમાવે છે કે,

‘‘જયારે બની ઈસરાઈલ ઉપર અઝાબ અને સખ્તીઓ વધી ત્યારે ચાલીસ દિવસ સુધી ગિર્યા કર્યો, અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરી જેના પરિણામ સ્વરૂપે અલ્લાહ તઆલાએ ૪૦૦ વર્ષ પૂરા થવામાં ૧૭૦ વર્ષ બાકી હોવા છતાંપણ તેઓને

https://downloadshiabooks.com/

માફ કરીને હઝરત મૂસા (અ.સ.) અને હઝરત હારૂન (અ.સ.) ઉપર વહી કરી કે 'આ લોકોને ફિરઓનના ઝુલ્મથી નજાત આપો.''

ત્યાર પછી ઈમામ (અ.સ.) ફરમાવે છે ''જો શિઆઓ પણ આજીજી સાથે અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરશે, તો ઝહૂર જલ્દી થશે, પરંતુ જો તમે દુઆ નહી કરો તો ઝહૂર માટે નક્કી થયેલ છેલ્લી ઘડીએ જ ઝહૂર થશે.''

સૈયદ મોહમ્મદ તકી મૂસવી ઈસ્ફેહાની એક જગ્યાએ ફરમાવે છે કે,

''રિવાયતથી જાહેર થાય છે કે ઝહૂરે ઈમામ (અ.સ.) એવો બનાવ છે. જેના સમયમાં ફેરફાર થવો શકય છે.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૫૨, પેજ.૫૨

સૈયદ મોહમ્મદ તકી મૂસવી બીજી જગ્યાએ ફરમાવે છે કે,

''અલ્લાહના પયગંબર હઝરત ઈદ્રીસ (અ.સ.)ને તે સમયની તાગૂત શૈતાની હુકૂમતે બૂરા ઈરાદાથી પરેશાન કર્યા ત્યારે તેઓ લોકોની નજરોથી ગાયબ થઈ ગયા અને આ ગૈબતના ઝમાનામાં તેઓના માનવાવાળા લોકો બહુ જ મુશ્કેલીમાં જીવન વીતાવવા લાગ્યા. જેના કારણે તે લોકોએ અલ્લાહ પાસે તૌબા કરી, હઝરત ઈદ્રીસ (અ.સ.)ની મદદ માટે પાકો ઈરાદો કર્યો, પરવરદિગારે તે લોકોની તૌબા કબૂલ કરી. હઝરત ઈદ્રીસ (અ.સ.)ની ગૈબતનો અંત આવ્યો, હઝરત ઈદ્રીસ (અ.સ.) તશરીફ લાવ્યા અને ઝાલિમ હાકિમ ઝલીલ થયો, લોકો પણ તેઓ (અ.સ.)ના ફરમાબરદાર બની ગયા.

આજ પ્રમાણે આ ગૈબતના ઝમાનામાં જો લોકો મળીને

https://downloadshiabooks.com/

તૌબા કરે, ઈમામ (અ.ત.ફ.શ.)ની મદદ માટે પાકો વાયદો કરે તો પૂરી ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા ગૈબતના સમયનો અંત લાવી આપ (અ.ત.ફ.શ.)ને જાહેર કરી દેશે.''

– મિક્યાલુલ મકારીમનો તરજૂમો, જીલ્દ.૧, પેજ.૩૪૭

મર્હુમ ફકીહ ઈમાની ફરમાવે છે કે

''ઘણી બધી દુઆઓ અને ઝિયારતના વાકયો તેમજ રિવાયતથી આ બાબત સ્પષ્ટ થાય છે કે પરવરદિગારે કરેલો ઝહૂરનો વાયદો હત્મી–અચલ છે, પરંતુ આ વાયદો વફા કરવાનો સમય એવી ચીઝો ઉપર આધારિત છે. જેમાં વહેલા–મોડા થવાની શકયતા છે અમુક રિવાયતથી જાણવા મળે છે કે મોઅમિનોની દુઆ સંપૂર્ણ શર્તો અને આદાબ સાથે હોય તો ઝહૂરની આસાની માટે અસરકારક છે.''–શીવાએ યારીએ કાયમે આલે મોહમ્મદ, પે.૭૫

અઈમ્માહ (અ.મુ.સ.)નો ઝહૂર માટે દુઆ કરવા ઉપર ભાર આપવાથી સ્પષ્ટ થાય છે કે ઝહૂર માટેનો એક સમય નક્કી છે, પરંતુ તેમાં ફેરફાર થવાની શકયતા છે. ગૈબત ઈલાહી રાઝોમાંથી એક રાઝ છે અને યકીન છે કે તેનો એક ચોક્કસ સમય પણ નક્કી થયેલ છે, પરંતુ તેમાં વહેલા–મોડા થવાની શકયતા પણ છે. આ બાબત શિઆ અકીદા પ્રમાણે 'બદાઅ (નક્કી થયેલ તકદીરમાં ફેરફાર થવાની શક્યતા)ની વિરૂધ્ધ નથી.'

અલ્લામા મજલીસીએ દુઆ બાબતેની માહિતી આપતી રિવાયતો સમજાવતા ઈમામ જાફરે સાદિક (અ.સ.)ની આ હદીસ રજૂ કરી છે કે ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, ''દુઆ કરો. એમ ન કહો તકદીર લખાઈ ચૂકી છે તેજ પ્રમાણે થશે.'' આ હદીસ સમજાવતા અલ્લામા ફરમાવે છે કે 'બદાઅ (નક્કી થયેલ તકદીરમાં

https://downloadshiabooks.com/

ફેરફાર થવાની શકયતા) ઉપર ઈમાન રાખવું જોઈએ.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૫૨, પેજ.૫૨

અલ્લાહ સુબ્હાનહુ શક્તિમાન છે, જે ચાહે તે મિટાવી શકે છે અને જે ચાહે તે લખી શકે છે. માટે નક્કી થયેલ તકદીર દુઆ માટે અડચણરૂપ નથી બનતી. કારણ કે લૌહે મહફૂઝમાં ફેરફાર શકય છે. આ સિવાય દુઆ પોતે જ કઝા–કદ્રના કારણોમાંથી એક છે. માટે જ દુઆનો હુકમ આપવામાં આવ્યો છે. આનાથી ઊલ્ટી વાત પણ શકય છે લોકો એક દિલ, એક ઝબાન થઈ ઈમામ (અ.સ.)ના ઝહૂરની ઈચ્છા જાહેર ન કરે તો ઝહૂર તેની નક્કી થયેલ મુદ્દતની છેલ્લી ઘડી સુધી લંબાઈ અને આ અંતિમ ઘડી ગમે ત્યારે હોય આવી શકે છે અને આપણને ઈજાઝત નથી કે ઝહૂરનો સમય નક્કી કરીએ. ઝહૂરનો સમય નક્કી કરનારાઓની મઝીમ્મત–નિંદા કરવામાં આવી છે. તેને જૂઠલાવામાં આવ્યા છે, પરંતુ રિવાયતોમાં ઝહૂરના સમય નજદીક હોવાની અમુક નિશાનીઓ બતાવવામાં આવી છે અને ઝહૂર માટેની દુઆ કરવાની તાકીદ કરવામાં આવી છે.

ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, ''દરરોજ સવાર–સાંજ ઝહૂર માટે ઈન્તેઝાર કરો.''

– બેહારૂલ અનવાર, જિલ્દ.૫૨, પેજ.૧૭૫

ઈમામ રઝા (અ.સ.) ફરમાવે છે કે, ''આમ જ બનશે કે (ઈમામ અ.સ.ના ઝહૂરનો હુકમ કયામતની જેમ) અચાનક તમારી સામે આવી જશે.'' – કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૩૭૩

ઈમામ જવાદ (અ.સ.)નો ઈરશાદ છે

''યકીન રાખો. અલ્લાહ તઆલા એક રાતમાં ઝહૂરના અસ્બાબ તૈયાર કરી નાખશે.'' – કમાલુદ્દીન, જિલ્દ.૨, પેજ.૩૭૩

https://downloadshiabooks.com/

આપણી જવાબદારી છે કે કુરઆને શરીફના ફરમાન મુજબ ઝહૂરને નજદીક સમજીએ. જેમ કે દુઆએ અહદમાં પઢીએ છીએ.

“(અય અલ્લાહ!) આપ (અ.ત.ફ.શ.)ના ઝહૂરમાં જલ્દી ફરમાવ, લોકો તેને દૂર સમજે છે અમે તેને નજદીક સમજીએ છીએ.”

એક વખત બહરૈનના શિઆઓ ઊપર ગંભીર અને અજીબ મુશ્કેલી અને પરેશાની આવી પડી જેના કારણે ત્યાંના શિઆઓએ નાસેબી હાકીમ પાસે ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)નો તવસ્સુલ કરીને આ મુશ્કેલી દૂર કરવા માટે ત્રણ દિવસની મોહલત માંગી. પહેલી અને બીજી રાત્રે શિઆઓના પ્રતિનિધિને કામ્યાબી ન મળી, પરંતુ ત્રીજી રાત્રે મોહમ્મદ ઈબ્ને ઈસાને ઈમામ (અ.સ.) સાથે મુલાકાતનો શરફ નસીબ થયો. હઝરતે દાડમના પ્રશ્નનો જવાબ આપ્યો અને વઝીરની ચાલબાજીની વિગત પણ આપી.

આ મુલાકાતમાં અગત્યની બાબત એ હતી કે જયારે મોહમ્મદ ઈબ્ને ઈસાએ ઈમામ (અ.સ.)ને પૂછયું કે શા માટે આપે પહેલી અને બીજી રાતે મુલાકાતનો શરફ ન આપ્યો?

આપ (અ.ત.ફ.શ.)એ જવાબ આપ્યો જો આપે એક જ રાતની મોહલત માંગી હોત તો તે જ રાતે આપની મુશ્કેલી દૂર થઈ જાત.

બેશક આપ (અ.ત.ફ.શ.) હિફાઝત કરનાર, પનાહ આપનાર, ફરિયાદે પહોંચનાર, મુશ્કેલી દૂર કરનાર, રંજો-ગમ અને બલા-મુસીબતોને દૂર કરનાર છે.

કોઈપણ પનાહગાહ તેઓ કરતા વધારે મજબૂત નથી. કોઈપણ ફરિયાદે પહોંચનાર તેઓથી વધારે દિલસોઝ નથી. કોઈપણ મુશ્કેલી દૂર કરનાર તેઓ જેવા તાકતવર નથી અને તેના

https://downloadshiabooks.com/

જેવા કોઈ સખી–ઊદાર નથી.

આવો આપણે બધા મળીને અલ્લાહની બારગાહમાં દુઆ કરીએ.

''આ ડરને શાંતિ અને સલામતીના રૂપમાં ફેરવી નાખ.''

અય અલ્લાહ ! ૧૧ મોહરમ હિ.સ.૬૧ ના દિવસે અહલેબૈત (અ.મુ.સ.)માંથી જનાબે ઝૈનબ (સ.અ.) જેટલું પરેશાન કોઈ દેખાતું ન હતું. ઈમામે અસ્ર (અ.ત.ફ.શ.)ના આ મઝલૂમ ફઈનો શામે ગરીબામાં સૈયદે સજ્જાદ (અ.સ.)ની આસપાસ તવાફ કરવાનો વાસ્તો. સળગેલા ખૈમાઓથી લઈ નહેરે અલ્કમા સુધીની સઈનો વાસ્તો. એ યતીમો કે જેઓ દુશ્મનોના કોરડાથી બચવા માટે પોતાની ફઈના દામનમાં પનાહ લેતા હતા તેની ફરિયાદનો વાસ્તો. શામના કૈદખાનામાં જનાબે ઝૈનબ (સ.અ.)એ જે નમાઝે શબ બેસીને પઢી હતી તેનો વાસ્તો. તેઓનાં બંધાયેલા હાથ અને ઝખ્મી પેશાનીનો વાસ્તો. આલેઅબાના ઈન્તેકામ લેનારના ઝહૂરમાં જલ્દી ફરમાવ.

અય પરવરદિગાર! હઝરતે યાકૂબ (અ.સ.) પોતાના ફરઝંદ યુસૂફ (અ.સ.)ની જુદાઈના ગમમાં એટલું રડ્યા કે તેઓની આંખ સફેદ થઈ ગઈ, પરંતુ અંતમાં યુસૂફ (અ.સ.)ની મુલાકાત થઈ તેઓની આંખોની રોશની પાછી મળી. અય માઅબૂદ! અમારી પાસે ન હઝરત યાકૂબ (અ.સ.) જેવી માઅરેફત છે, ન તેઓ જેવી મોહબ્બત છે, અમારી ગફલતને માફ કર, અમારા મૌલાની માદરે ગિરામી જનાબે ઝહરા (સ.અ.)નો વાસ્તો યુસૂફે ઝહરા (સ.અ.)ને ગૈબતના કેદખાનાથી રિહાઈ ઈનાયત ફરમાવ.

અલ્લાહ તઆલા ગૈબતની મુદ્દત લંબાવવાના કારણે,

https://downloadshiabooks.com/

અમારા મૌલાની કોઈ ખબર ન મળવાના કારણે, અમારૂં યકીન છીનવાઈ ન જાય. તેઓ ઊપર ઈમાન, તેઓના ઝહૂરનું યકીન, તેઓના હકમાં દુઆ કરવાનું અને તેઓ ઉપર દુરૂદ અને સલામ મોકલવાની તોફીક અમારાથી છીનવાય ન જાય.

ઈમામે ઝમાના (અ.સ.)ના કયામના વસીલાથી અહલેબૈત (અ.મુ.સ.)ના સાચા શિઆઓ અને મોઅમિનોની ઈઝ્ઝત અને માન–સન્માનને જાળવી રાખજે.

'અય જેને ચાહે તેને ઝિલ્લત આપનાર' ઝહૂરનું ફરમાન આપી કાફિરો અને મુનાફીકોની ઝિલ્લતને જાહેર ફરમાવ.

પરવરદિગાર! અમારી બૂરાઈઓ ધ્યાનમાં ન લઈશ. તને તારા મહાન નામોનો વાસ્તો, તારા કુરઆને શરીફની આયતોનો વાસ્તો, તારા કુરઆને નાતિક (બોલતા કુરઆન)નો વાસ્તો અત્યારે જ ઈમામે ઝમાના (અ.સ.)ના ઝહૂરનો હુકમ ફરમાવ.

અય બહેતરીન સાંભળનાર! અમારી દુઆ કબૂલ ફરમાવ. બાકી બચેલી ગૈબતની મુદ્દતને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના વાસ્તાથી માફ ફરમાવ. "أنا بقية الله"ની મધુર અવાજને દુનિયાના દરેક ખૂણામાં સંભળાવ.

વસ્સલામ

લિયાકતઅલી.

https://downloadshiabooks.com/

# રોઝી માટે

## નમાઝે ફજર પછી ૭ વખત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَمَن يَتَّقِ اللَّهَ يَجْعَل لَّهُ مَخْرَجًا ﴿٢﴾ وَيَرْزُقْهُ
مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ وَمَن يَتَوَكَّلْ عَلَى اللَّهِ
فَهُوَ حَسْبُهُ إِنَّ اللَّهَ بَالِغُ أَمْرِهِ قَدْ جَعَلَ اللَّهُ
لِكُلِّ شَيْءٍ قَدْرًا ﴿٣﴾

જે શખ્સ અલ્લાહની નાફરમાનીથી પરહેઝ કરશે તેના માટે અલ્લાહ છુટકારાનો માર્ગ કરી દેશે (૨) અને તેને એવા સ્થળેથી રોઝી પહોંચાડશે કે જ્યાંથી તેને ગુમાન પણ નહિં હોય; અને જે કોઈ અલ્લાહ પર ભરોસો રાખશે તો તેજ તે (અલ્લાહ) ના માટે બસ છે; બેશક અલ્લાહ પોતાના કાર્યને પૂર્ણ કરનારો છે, બેશક અલ્લાહે દરેક વસ્તુ માટે એક પ્રમાણ નક્કી કરી દીધું છે. (૩)

પ્રકાશક

ભોજાણી પ્રકાશન

મો.૯૮૨૫૩૦૯૯૧૪